વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૦મું
એપ્રિલ : ૨૦૨૫
અંક : ૫૬૩

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૭૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

ONE WORLD, ONE CHANT. TOGETHER FOR PEACE

વિશ્વ

## નવકાર મહામંત્ર દિવસ

૯ એપ્રિલ

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
*Driving Excellence*

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress | V-Logis


JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE
NABL
સાચી અને સારી સારવાર ની ચિંતા ના કરતા
આધુનિક જીવરાજ છે ને
JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE
24 x 7 EMERGENCY DEPARTMENT
1 Lac+ Operations
20 Lac+ Patients Treated
200+ Hospital Beds
350+ Doctors
Celebrating 35 Years
079 2663 6363
jivrajhealthcare.org
info@jivrajhealthcare.org
ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

કુદરતનું બેલેન્સ કેટલું અદ્ભુત છે!
પાંચ મણ ઘઉંની બોરી ઉપાડી શકે
તે મજૂર તેને એકી સાથે ખરીદી ના શકે
અને જે ખરીદી શકે છે
તે શેઠ તેને ઉપાડી ના શકે.

ગણિત કદાચ એ નહીં શીખવાડી શકે કે
હેપ્પીનેસનો સરવાળો કઈ રીતે થાય
અને નિરાશાની બાદબાકી કઈ રીતે થાય?
પરંતુ તે આપણને એક અગત્યની
હકીકત શીખવે છે કે
દરેક પ્રોબ્લેમના સોલ્યુશન હોય છે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  **મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦**

**કવર પેઇજ ડિઝાઇન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય

### તંત્રી લેખ

- અતિથિ ભવન – મુંબઈ ........ **અશોક મહેતા**...... ૭
- ૯મી એપ્રિલ ૨૦૨૫ : વિશ્વ નવકાર મંત્ર દિવસ
  સંપૂર્ણ માનવતાના ઉત્કર્ષ અને વિશ્વ શાંતિ માટે નવકાર મંત્ર ....... **કિરણ ચાંપાનેરી 'સેતુ'**...... ૯
- રીયા પટેલે કેવી રીતે પોતાના સ્વાસ્થ્ય સેવાના સ્વપ્નને સાકાર કર્યું ........ ૧૧
- દેહદાન – અંગદાન સમિતિની કાર્યવાહી ........ ૧૨
- ડૉ. ધીરેન શાહને ખૂબ ખૂબ અભિનંદન ........ ૧૩
- ડૉ. પ્રિયંકા સુકેતુ ચિત્રસેન શાહને વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન ........ ૧૩
- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ : સંસ્થાના સ્ટાફ મેમ્બરોને ફાયર સેફ્ટી અંગે અપાયેલ ટ્રેનિંગ ... ૧૩
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ........ ૧૩
- વયસ્ક સમિતિ : કાર્યક્રમનો અહેવાલ ........ ૧૪
- સરનામા ફેરફાર ● શુભ લગ્ન ● સાભાર સ્વીકાર ........ ૧૫
- ઉડતી નજરે ........ ૧૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૧૮
- *Nano Nine* શબ્દ રમત-૨૧૭ ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૨૧
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૭૫) ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૨૩
- અતીતના ઓવારેથી : મણકો-૨૦ ........ ૨૪
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૪ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી**..... ૨૮
- પ્રતિભાવ ........ ૩૦
- આંજો કાગર ........ ૩૧
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૩૩
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા**..... ૩૫
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૩૭

## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

### પ્રેરણાત્મક પ્રસંગો

- મણકો-૨૮ : નાનો માણસ – મોટો માણસ
  મણકો-૨૯ : કમબેક ........ **સંકલન : ડૉ. આશિષ ચોકસી**..... ૩૯

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૧૬ : પ્રીતિલતા વાદેદાર ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ**..... ૪૦

### એરિસ્ટોક્રેટ્સ

- પ્રકરણ-૧૩ : ઓસવાલ શ્રેષ્ઠી – ૯ ........ **દેવેન્દ્ર પટેલ**..... ૪૧

### આર્થિક વિકાસ

- સરકારી નોકરીના સ્થાને ગુજરાતમાં ઉપલબ્ધ સ્વતંત્ર વ્યવસાય માટે
  યુવકો આગળ આવે ........ **ડૉ. નાનકભાઈ ભટ્ટ**..... ૪૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## આવકવેરો
● નવો કાયદો ૧લી એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવે તેવી શક્યતા છે ... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૪૫

## સમ્યક્ ચરિત્ર
● અર્થસભર, આનંદી જીવન અને ગીતા.......................................... **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**..... ૪૭

## ખુશનસીબ
● એક, બે કે નો (NO) બાળકનો પરિવાર.................................... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૪૯

## સ્વાર્થી – નિઃસ્વાર્થી
● મનુષ્ય નિઃસ્વાર્થી અને સ્વાર્થ ત્યાગી બને ...................................... **પ્રભુલાલ એમ. સંઘવી**..... ૫૧

## વિશિષ્ટ વનસ્પતિ
● મૅન્ગ્રોવ (Mangrove) ........................................................ **ફાલ્ગુની હિરેન શાહ**..... ૫૩

## વ્યક્તિ વિશેષ
● દાનવીર પૂજ્ય દામજીભાઈ અને જાદવજીભાઈ એન્કરવાલાની જીવનકથા ............. **વસંત મારૂ**..... ૫૮

## વિશિષ્ટ દિવસ
● ૧લી મે : વિશ્વમાં શ્રમિકોની એકતા અને અધિકારનો દિવસ ............ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૬૦

## ઓલ્ડ ઇઝ ગોલ્ડ
● બળદ અને ઊંટગાડામાં નીકળી જાન ............................................. **મનીષ જોશી 'મૌન'**..... ૬૨

## તંદુરસ્તી
● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર : ૩ ............... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૬૩
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

## તીર્થ દર્શન
● દર્શન-૭૪ : શ્રી ઓસિયા તીર્થ (શ્રી મહાવીર ભગવાન)
● દર્શન-૭૫ : શ્રી લોદ્રવા તીર્થ (શ્રી સહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)**પ્રેષક : કે.ડી. શાહ** ... ૬૫

## જૈન દેરાસરો
● કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૬ .............. **મહેન્દ્ર લખમશી મોતા**..... ૬૬

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો
● તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી ........................................................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**..... ૧૭
● પ્રેમ - તરાના .........................................................................**મણિલાલ ડી. રૂઘાણી**..... ૧૭
● હાઈકુ ................................................................................ **હસમુખ રામદેપુત્રા**..... ૫૭


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# અતિથિ ભવન – મુંબઈ

અશોક મહેતા

મુંબઈમાં વિવિધ જ્ઞાતિના કચ્છીઓ તેમજ કચ્છી જૈનોનો વસવાટ વર્ષોથી રહેવા પામેલ છે. ભારતભરના વિવિધ શહેરોમાં પણ કચ્છીઓ તેમજ કચ્છી જૈનોનો વસવાટ પણ અનેક વર્ષોથી રહેવા પામેલ છે. કચ્છમાં અગાઉના સમયમાં વ્યવસાયીક સગવડ ના હોવાથી લોકો માતૃભૂમિ કચ્છ છોડી પોતાની રોજીરોટી માટે કચ્છ બહાર ભારતભરમાં અનેક સ્થળે સ્થાયી થયેલા છે.

કચ્છમાં વસવાટ કરતા કચ્છીઓ અને ભારતભરમાં વસવાટ કરતા કચ્છીઓને અવારનવાર મુંબઈ આવવા જવાની જરૂરિયાત પડે છે. પ્રથમ કારણ એ કે તેઓમાંના મોટાભાગના લોકોના સગા-સંબંધીઓ મુંબઈમાં વસવાટ કરે છે અને અન્ય કારણ પોતાના વ્યવસાય અર્થે પણ મુંબઈ આવવું જરૂરી બની રહે છે.

એક અંદાજ પ્રમાણે મુંબઈમાં દરરોજ ૨૦૦૦ કરતાં પણ વધુ કચ્છીઓ કચ્છમાંથી અથવા અન્યત્રથી આવ-જા કરતા હોય છે. તેઓમાંના મોટાભાગના લોકોનું રોકાણ મુંબઈમાં બે-ચાર દિવસનું જ રહેવા પામે છે. આ પરિસ્થિતિ હોવા છતાં મુંબઈમાં જોઈએ તે પ્રમાણમાં કચ્છીઓ માટે અતિથિ ભવનની વ્યવસ્થા આજ દિવસ લગી થવા પામેલ નથી. પરિણામે આ કચ્છીઓ પોતાના સગાસંબંધીને ત્યાં અથવા તો હોટેલમાં ઉતરી પોતાનું કાર્ય પૂર્ણ કરે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આ હકીકતનો ખ્યાલ અગાઉથી જ આવી ગયેલ હતો અને તેણે વર્ષ ૨૦૦૫થી મુંબઈમાં પધારતા કચ્છી જૈનો માટે એક અતિથિ ભવન ઊભું કરવાની વિચારણા શરૂ કરી દીધેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એ સમયના માંધાતાઓ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, સ્વ. હીરજી પાસુ શાહ, સ્વ. મૂળજી નરશી લોડાયા, સ્વ. કાંતિલાલ વેલજી સાવલા તથા અન્યોએ આ માટે મુંબઈમાં અનેક જગ્યાએ શોધખોળ આદરી દીધેલ હતી. સરવાળે આ મહેનતનું પરિણામ હકારાત્મક આવ્યું અને મુંબઈના સાયન જેવા મધ્ય વિસ્તારમાં SRA ની યોજનામાં બંધાઈ રહેલ એક યોજના પર નજર પડી અને તેને હસ્તગત કરવા ત્યાંના બિલ્ડર સ્વ. પૂનમચંદભાઈ નેણશી બાબરીયા (વાગડ સાત ચોવીસી જૈન) સાથે મકાનના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા માળના ૩૬ રૂમ માટે તા. ૧૧-૪-૨૦૦૭ના રોજ M.O.U. કરી લેવામાં આવ્યા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અહીં અતિથિ ભવન બનાવવાનું હોવાથી (જાહેર સેવાનું કાર્ય કરવાનું હોવાથી) સ્વ. પૂનમચંદભાઈએ આ ૪ માળ કે જેના અંદાજે ૮,૩૦૦ ચોરસ ફૂટ થાય તે ખૂબ જ પડતર ભાવે સમાજને વેચાણ આપી દીધેલ હતા.

ત્યારબાદ SRAના નીતિ-નિયમોના કારણે અડચણ ઊભી થતાં દસથી વધુ વર્ષો સુધી પૂનમ ડેવલપર્સ આ કાર્ય હાથ પર લઈ શકેલ નહીં. આ દરમિયાન પૂનમચંદભાઈનું અવસાન થયેલ હતું. ત્યારબાદ SRA તરફથી ક્લિયરન્સ મળતાં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના હોદ્દેદારો તથા સ્વ. પૂનમચંદભાઈના વારસદારો વચ્ચે એકમતી સાધી ના શકાતાં આ પ્રોજેક્ટ આજે પણ અધૂરો રહેવા પામેલ છે.

આ દરમિયાન શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના મોટાભાગના હોદ્દેદારો નિવૃત્ત થતાં તથા કેટલાકનું અવસાન થતાં આજે જૂની પેઢીના જૂજ સભ્યો જ બાકી રહેલ છે અને નવી પેઢીના કાર્યકરો ખૂબ જ સારી રીતે ગોઠવાઈ તેનું સચાલન કરી રહ્યા છે. આ નવી પેઢીના એક કાર્યકર શ્રી હિરેન કે. શાહ વર્ષ ૨૦૨૧-૨૦૨૨થી આ પ્રોજેક્ટના ઊંડાણમાં ઉતરી, મુંબઈ જઈ, પૂનમ ડેવલપર્સના ભાગીદારો સાથે ચર્ચા કરી તેના નિરાકરણ માટે પ્રયાસ કરી રહેલ છે. તેમને શ્રી દીપકભાઈ ભેદા અને ઍડવોકેટ શ્રી અનિલ ગાલાની યોગ્ય સલાહ મળી અને સરવાળે પૂનમ ડેવલપર્સ સાથે સમાધાન કરી શકવાના સ્ટેજ પર આવ્યા. આ લેખ લખાય છે ત્યારે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ તથા ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહ મુંબઈ જઈ, પાર્ટી સાથે રહી, કોર્ટમાં સમાધાનના પત્રો રજૂ કરવાના છે. સમાધાન થયે હવે આગળ આ પ્રોજેક્ટ સારી રીતે ચાલશે અને શક્ય ત્વરાએ પૂર્ણ થશે તેવી આશા અસ્થાને નહીં ગણાય.

*મકાનનું કામ પૂર્ણ થયે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ મુંબઈ ખાતે પોતાનું અતિથિ ભવન શરૂ કરી શકશે અને ભારતભરમાંથી મુંબઈ પધારતા કચ્છી જૈનો માટે એક ઉત્તમ સગવડ પૂરી પાડી શકશે.*

*આ અંકના 'અતીતના ઓવારેથી'ની કોલમમાં 'મંગલ મંદિર'ના મે-૨૦૦૭ના અંકમાં આ વિષયે જે લેખ પ્રસારિત થયેલ હતો તેનું ફરીથી પ્રસારણ કરવામાં આવેલ છે કે જેથી એ સમયની વિગતોનો પૂરેપૂરો ખ્યાલ આવી શકે.*

*આ પ્રોજેક્ટને કાર્યરત કરવા શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના જે જે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા અન્ય કાર્યકરોએ જે મહેનત કરેલ છે તે સહુને ખૂબ ખૂબ અભિનંદન.*

*શ્રી દીપકભાઈ ભેદા, શ્રી અનિલભાઈ ગાલા તથા શ્રી શશાંકભાઈનો પણ યોગ્ય સલાહ અને સહકાર બદલ ખૂબ ખૂબ આભાર.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***

## વર્ષ ૧૯૫૫ થી ૧૯૮૫ દરમિયાનમાં જન્મેલા માટે થોડી યાદગાર વાતો

★ આપણે ક્યારેય રમતી વખતે કે સાઇકલ ફેરવતી વખતે કોઇ દિવસ હેલમેટ પહેરવી પડી નથી.

★ શાળાએથી આવ્યા પછી આપણે ટ્યુશન ક્લાસમાં જવું પડ્યું નથી પરંતુ આજે તમારા પુત્ર કે પૌત્રીને સ્કૂલ તથા ટ્યુશનમાં મૂકવા લેવા જવાની જવાબદારી તમારા ઉપર છે.

★ શાળાએથી આવ્યા પછી દિવસ આથમ્યા સુધી આપણે શેરીઓમાં રમતા પણ ક્યારેય પોતાની રૂમ બંધ કરીને ટીવી જોવા બેઠા નથી.

★ આપણે ફક્ત આપણા વાસ્તવિક મિત્રો સાથે જ રમ્યા છીએ, ઈન્ટરનેટ મિત્રો સાથે નહીં.

★ જ્યારે પણ તરસ લાગી ત્યારે સીધું નળનું જ પાણી પીતા અને ફરી રમવા દોડી જતા.

★ મિત્રો ભાઈ બહેનો સાથે એ જ ગ્લાસમાં પાણી કે શરબત પીતા તો પણ ક્યારેય બીમાર પડયા નથી.

★ ખોબો ભરીને મિઠાઈ કે વાટકા ભરીને દાળભાત, જાડો રોટલો રોજ જમી જતા તો પણ ક્યારેય તકલીફ થઈ નથી.

★ ખુલ્લા પગે બધે રખડતા તો પણ કંઈ થતું નહીં. કાંટા પગથી છેટા રહેતાં...

★ આપણે જાતે જ આપણા રમકડા બનાવતા અને તેનાથી રમવામાં અનેરો આનંદ માણતા. માટી સાથે આપણને અનેરો નાતો હતો.

★ આપણા માતા-પિતા માલદાર ન હતા પણ તેઓ પૈસા કે સંપત્તિ માટે દોડ્યા નહિ પણ આપણને સાચો પ્રેમ આપ્યો, નહીં કે નિર્જીવ દુન્યવી પદાર્થ.

★ આપણા પાસે સેલફોન, ટીવી, ડિવીડી, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ ન હતા. થોડાક લોકો પાસે સાઇકલ કે રેડિયો હતા તેમાંથી અદ્ભુત મનોરંજન મેળવતા.

★ આપણા મિત્રોના ઘેર ગમેત્યારે પહોંચી જતા અને સાથે જમતા પણ ક્યારેય તેમના ઘરે જવા ફોન કરીને પૂછવું નથી પડ્યું. મામા, ફઈ, માસીના સંતાનો સાથે વેકેશનમાં ખૂબ મજા આવતી.

★ સંબંધીઓ ખૂબ નજીક હતા. તેથી આપણા દિલ ખુશ હતા. તેથી ક્યારેય Life Insuranceની જરૂર નથી પડી.

★ તે સમયમાં આપણે black & white ફોટામાં હતા. પણ આજે તેમાં પણ રંગબેરંગી સ્મૃતિઓ જોઈ શકીએ છીએ. આજે આપણે એટલા એકલા પડી ગયા છીએ કે સેલ્ફી લેવી પડે છે.

### મેસેજના છેલ્લા બોલ

★ ઈશ્વરની મહેરબાનીથી આપણે કેરોસીનના દીવા - ફાનસથી લઇ આધુનિક લાઇટ સિસ્ટમ જોઇ. કાચા મકાનથી લઇ આધુનિક સગવડવાળા બંગલામાં રહ્યા. થીગડાવાળા કપડાથી લઇ આધુનિક સુટ પહેર્યા. સાઇકલની સફરથી લઇ પ્લેનની સફર કરી. રેડિયોથી લઇ સ્માર્ટ ટીવીનો ઉપયોગ કર્યો

★ આપણે વિશિષ્ટ અને એકબીજાને સમજતી પેઢી હતા, કારણકે આ છેલ્લી પેઢી હતી કે જે માતા-પિતાનું સાંભળતા હતા અને સૌથી પહેલી પેઢી છીએ કે જેમણે દીકરા દીકરી વહુનું સાંભળવું પડે છે અને પ્લીઝ અને સોરી વારંવાર કહેવું પડે છે.

★ માટે જ અત્યારે આખી દુનિયામાં ક્યાં શુ મળશે તે બતાવવા માટે ગૂગલ નામનો બાપ છે અને એલેક્સા નામની માં પણ છે. પણ આ બધામાં એક હિતેચ્છુ મિત્ર ખોવાઈ ગયો ને માણસ સાવ એકલો થઈ ગયો છે. માટે જીવનમાં થોડા મિત્રો રાખજો જે તમને હંમેશાં તેની યાદ અપાવતા રહેશે ને તમને જીવન જીવવાની તાકાત આપશે. ■

વિશિષ્ટ દિવસ

## ૯મી એપ્રિલ ૨૦૨૫ : વિશ્વ નવકાર મંત્ર દિવસ

# સંપૂર્ણ માનવતાના ઉત્કર્ષ અને વિશ્વ શાંતિ માટે નવકાર મહામંત્ર

કિરણ ચાંપાનેરી 'સેતુ'

આ સંસારમાં સર્વ જીવો સુખશાંતિમય જીવન ઝંખે છે. આનંદ અને મોક્ષ, મુક્તિની કામના રાખે છે. સુખ, શાંતિ, આનંદ, મોક્ષનાં સાચા સ્વરૂપની સમજણ દર્શનશાસ્ત્રો આપે છે. ભારતવર્ષમાં મુખ્ય ૧૯ દર્શનશાસ્ત્રો છે. જેમાં સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિક દર્શન, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા – આ છ દર્શનશાસ્ત્રો મુખ્ય છે. જૈનદર્શન, ચાર્વાકદર્શન, બૌધ્ધના છ દાર્શનિક સંપ્રદાય, વેદાંતના પાંચ સંપ્રદાય અને કાશ્મીરીય શૈવદર્શન છે. વસુધૈવ કુટુંબની વિચારધારા અને ભાવના ભારતીય પ્રાચીન વૈદિકકાળથી આજદિન સુધીની રહી છે. ભારતીય ભૂમંડલમાં વિકાસ પામેલ જૈન દર્શનશાસ્ત્ર, જૈન ધર્મના પાયામાં સૂક્ષ્મ અહિંસાનો વિચાર રહ્યો છે. જૈનદર્શન તેના આચારવિચાર અને સિદ્ધાંતોને લીધે આગવી ઓળખ ધરાવે છે. અહિંસા પરમો ધર્મ એ જૈનદર્શન, જૈન ધર્મની પાયાની ઓળખ છે. જૈન ધર્મ વ્યક્તિ પૂજક નહીં પણ ગુણપૂજક ધર્મ છે. જૈન ધર્મે વિશ્વને ગુણવાચક મહામંત્રની ભેટ આપી છે. એ ગુણવાચક મહામંત્ર છે નવકારમંત્ર!

નવકારમંત્ર નમસ્કારમંત્ર કે પંચપરમેષ્ઠી મંત્ર તરીકે પણ ઓળખાય છે. આ મંત્રની વિશેષતાના કારણે આજે તે સારાયે વિશ્વમાં આવકાર પામ્યો છે. **વિશ્વ શાંતિ અને સંપૂર્ણ માનવતાના ઉત્કર્ષ માટે તારીખ ૯મી એપ્રિલ ૨૦૨૫ના રોજ 'વિશ્વ નવકાર મંત્ર દિવસ' તરીકે મનાવાઈ રહ્યો છે. આ દિવસે સવારે ૮.૦૧ કલાકથી ૯.૩૬ કલાક દરમિયાન ૩૩ આંતરરાષ્ટ્રીય સ્થળો, ૭૩ વિભાગો અને ૯ ઝોનમાં સુમેળમય વાતાવરણમાં વિશ્વ શાંતિ અને એકતા માટે નવકાર મહામંત્રના જાપ થનાર છે.** આપણે સૌ નમસ્કારમંત્ર જાપના સહભાગી બની વૈશ્વિક શાંતિ અને સંવાદિતાનું સામ્રાજ્ય સ્થાપવામાં સહયોગી બનીએ...

***આ નમસ્કાર મહામંત્રની શું વિશિષ્ટતા છે તે જોઈએ...***

***'નવકાર મંત્ર હૈ મહામંત્ર, ઈસ મંત્ર કી મહિમા ભારી હૈ,***
***આગમ મેં કથી ગુરુવર સે સુની, અનુભવ મેં જિસે ઉતારી હૈ.'***

*નમો અરિહંતાણં ॥*
*નમો સિદ્ધાણં ॥*
*નમો આયરિયાણં ॥*
*નમો ઉવજ્ઝાયાણં ॥*
*નમો લોએ સવ્વસાહૂણં ॥*
***એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો ।***
***મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં !!***

નવકાર મંત્રનો ભાવાર્થ જોઈએ... નમો અરિહંતાણં એટલે કામ, ક્રોધ, મોહ... કષાયરૂપી આંતરિક કર્મરૂપી શત્રુઓને હણનાર અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું. નમો સિદ્ધાણં એટલે કર્મ ક્ષય કરી જન્મમરણથી મુક્ત થઈ સિદ્ધક્ષેત્રમાં કાયમ માટે સ્થિર થઈ જનાર સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરું છું. નમો આયરિયાણં એટલે પાંચ આચારનું પોતે પાલન કરી બીજાને પાલન કરાવનાર આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું. નમો ઉવજ્ઝાયાણં એટલે શાસ્ત્રનાં રહસ્યોનો અભ્યાસ કરી બીજાને જ્ઞાન આપનાર ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું. નમો લોએસવ્વસાહૂણં એટલે પાંચ મહાવ્રતોનું પાલન કરી આત્મકલ્યાણ માટે પુરૂષાર્થ કરનાર સર્વે સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું... આ પંચપરમેષ્ઠીને કરવામાં આવેલ નમસ્કાર સર્વે પાપોને ધોનાર છે, સર્વ પ્રકારના મંગલોમાં નમસ્કાર સર્વશ્રેષ્ઠ મંગલ સ્વરૂપ છે.

ગણધર ભગવંત રચિત આવશ્યક સૂત્રમાં નવકાર મંત્રનો ઉલેખ જોવા મળે છે. એના પ્રથમ પાંચ પદોની ગાથામાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે. બાકીના ચાર પદોમાં પંચપરમેષ્ઠીનું મહત્ત્વ સમજાવાયું છે.

નવકાર મંત્રમાં ક્યાંય પણ જૈન ધર્મના તીર્થંકર કે ઋષભદેવ કે મહાવીર સ્વામીનું નામ આવતું નથી. આ મહામંત્ર બહુ જ પ્રશસ્ત મંત્ર છે. એમાં અર્હતને, સિદ્ધોને, અધ્યાત્મ માર્ગના મહાન સંવાહક આચાર્યોને, સમગ્ર શ્રુતશાસ્ત્રનું મંથન કરનાર ઉપાધ્યાયોને અને સમગ્ર લોકમાં વિદ્યમાન શ્રેષ્ઠ અધ્યાત્મ સાધકો અને સાધુઓને નમસ્કાર કરવાની વાત છે.આમ નમસ્કાર મંત્રમાં કોઈ વ્યક્તિને નહીં પરંતુ જેમણે ગુણો પ્રાપ્ત કર્યા છે તેમને નમસ્કાર કરવામાં આવે છે. 'નમો' દ્વારા જૈન ધર્મનું મૂળ વિનય પ્રગટે છે.

નમસ્કાર મહામંત્ર સમગ્ર જૈન શાસનમાં સર્વત્ર સમાનરૂપે સ્વીકૃત અને પ્રતિષ્ઠિત છે. દરેક જૈન શ્રાવક શ્રાવિકાને તો નમસ્કાર મહામંત્ર અવશ્ય મોંઢે હોય જ છે. નમસ્કાર મહામંત્રના પાંચેય પદોમાં પાંચ પરમ આત્માઓ જોડાયેલા છે. વિશ્વની પાંચ મહાશક્તિઓ તેની સાથે જોડાયેલી છે. આત્મા અને પરમાત્મા તેની સાથે જોડાયેલ છે. અર્હંત અને સિદ્ધ

પરમાત્મા છે. આચારની ગંગામાં અવગાહન કરનાર આચાર્યો, સમગ્ર શ્રુતજ્ઞાનના ભંડારની અવગાહના કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવનારા ઉપાધ્યાયો, પંચ મહાવ્રતધારી સાધુઓ આ નવકાર પદ સાથે જોડાયેલ છે.

શાશ્વત નમસ્કાર મંત્ર ઉપર જપ અને ધ્યાનની અનેક પદ્ધતિઓ પ્રચલિત છે. તેના જપસાધનાથી સંકલ્પશક્તિ, ઈચ્છાશક્તિ અને મનની શક્તિઓનો વિકાસ થાય છે. તેની જપસાધનાથી પ્રાણશક્તિ જાગૃત થાય છે. તૈજસ શરીરીનો વિકાસ થતાં સંમોહન, વશીકરણ, વચનસિદ્ધિ, રોગનિવારણ, વિચારસંપ્રેષણ જેવી સિદ્ધિઓ આ મંત્રના જાપથી પ્રાપ્ત થાય છે.

નમસ્કાર મહામંત્રની આરાધના અનેકરૂપે કરવામાં આવે છે. નમસ્કાર મહામંત્રની આરાધના પાંચ પદોના સંક્ષિપ્ત રૂપ 'ૐ' માં પણ કરી શકાય છે. 'ૐ' માં પાંચે પદો સમાયેલાં છે. અરિહંતનો 'અ', અશરીરી સિદ્ધનો 'અ', આચાર્યનો 'આ', ઉપાધ્યાયનો 'ઉ', અને મુનિનો 'મ' – આમ આ (અ + અ + આ + ઉ + મ = ૐ) આદ્યાક્ષરોથી 'ૐ' ની નિષ્પત્તિ થાય છે. 'ૐ' પૂર્ણ પરમેષ્ઠીનો વાચક છે. આ મહામંત્રની આરાધના 'અર્હં' રૂપે પણ કરવામાં આવે છે. આમ, નમસ્કાર મહામંત્રની આરાધના ભિન્નભિન્ન પ્રયોજનથી ભિન્નભિન્ન રીતે કરવામાં આવે છે.

શબ્દ, ધ્વનિ અને સંકલ્પશક્તિ – આ ત્રણેયનો યોગ થતાં મંત્ર શક્તિ જાગૃત થાય છે. મંત્રનો સાક્ષાત્કાર થતાં મંત્રના દેવતા પ્રગટ થાય છે. સંકલ્પશક્તિ દ્વારા આંતરિક જ્યોતિનું જાગરણ થાય છે તે જ્યોતિનું જ નામ દેવતા છે. જ્યારે આપણો શબ્દ જ્યોતિમાં બદલાઈ જાય છે ત્યારે મંત્રનો સાક્ષાત્કાર થાય છે. મંત્ર ચૈતન્ય બની જાય છે.

આમ નવકાર મંત્ર દેવ, ગુરૂ અને ધર્મનો સમાવેશ છે. તેથી મંત્રને ચૌદ પૂર્વનો સાર કહે છે. અરિહંત અને સિધ્ધ દેવો છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ નિર્ગ્રંથ ગુરૂઓ છે. તેઓને નમો શબ્દથી નમસ્કાર કરવો એ વિનયરૂપ ધર્મ છે. વિનય એટલે ગુણવાન પ્રત્યે આદરભાવ પ્રગટ કરવો. પંચપરમેષ્ઠી જેટલા ગુણવાન બીજા કોઈ નથી. આવો, આપણે નમસ્કાર મહામંત્રના જાપ કરી આત્મસાક્ષાત્કારથી પરમ તત્ત્વના સાક્ષાત્કારની અનુભૂતિને પામીને અને વિશ્વમાં શાંતિમય ઐક્યના માહોલનું સર્જન કરીએ.... ઓમ...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હા.સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

## સફળતા

- ★ ૧૮ વર્ષની ઉંમરે ડ્રાઈવિંગ લાઈસન્સ હોવું તે છે સફળતા.
- ★ ૨૧ વર્ષની ઉંમરે ગ્રેજ્યુએટ થવું તે છે સફળતા.
- ★ ૨૫ વર્ષની ઉંમરે કમાતા હોવું તે છે સફળતા.
- ★ ૩૦ વર્ષની ઉંમરે પારીવારીક (જવાબદારી) પુરુષ/સ્ત્રી હોવું તે છે સફળતા.
- ★ ૩૫ વર્ષની ઉંમરે સારું બેન્ક બેલેન્સ હોવું તે છે સફળતા.
- ★ ૪૫ વર્ષની ઉંમરે યુવાન જેવા દેખાવું તે છે સફળતા.
- ★ ૫૦ વર્ષની ઉંમરે બાળકોને સારું ઉચ્ચ શિક્ષણ આપવું તે છે સફળતા.
- ★ ૫૫ વર્ષની ઉંમરે પણ સારી રીતે ફરજો નિભાવી શકવી તે છે સફળતા.
- ★ ૬૦ વર્ષની ઉંમરે પણ ડ્રાઈવિંગ લાઈસન્સ રાખવું તે છે સફળતા.
- ★ ૬૫ વર્ષની ઉંમરે પણ નિરોગી રહેવું તે છે સફળતા.
- ★ ૭૦ વર્ષની ઉંમરે કોઈના પર બોજારૂપ ન હોવું તે છે સફળતા.
- ★ ૭૫ વર્ષની ઉંમરે પણ જૂના મિત્રો હોવા તે છે સફળતા.
- ★ ૮૧ વર્ષની ઉંમરે ઘરે પરત આવવાનો રસ્તો યાદ રહેવો તે છે સફળતા.
- ★ ૮૬ વર્ષની ઉંમરે પોતાના કપડા ના બગાડવા તે છે સફળતા.
- ★ ૯૦ વર્ષની ઉંમરે ફરી કોઈ પણ ટેકા વગર ચાલી શકવું તે છે સફળતા.

***ઈશ્વર આપણને સૌને જીવનના વિવિધ તબક્કે આવી સફળતાઓ આપે તેવી પ્રાર્થના.....***

## રક્તદાન

રેર બ્લડ ગ્રુપના કારણે ૨૪ લાખ બોળકોના જીવ બચાવનારા ઓસ્ટ્રેલિયાના ૮૮ વર્ષની ઉંમરના બ્લડ ડોનર જેમ્સ હેરિસનનું મંગળવાર, તા. ૪ માર્ચ, ૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

તેમના શરીરમાં આરએચ પોઝીટીવ પ્રકારનું રેર એન્ટી બોડી બ્લડ હતું.

જેમ્સ હેરિસને સતત ૬૩ વર્ષ સુધી ૧૧૭૩ વખત પ્લાઝમા ડોનેટ કરીને અનોખો રેકોર્ડ બનાવેલ હતો.

# વિઘ્નોને માત આપી, રીયા પટેલે કેવી રીતે પોતાના સ્વાસ્થ્ય સેવાના સપનાને સાકાર કર્યું




રીયા પટેલની કહાની સંઘર્ષ, ધીરજ અને એક સપનાની છે જે ક્યારેય બુઝાયું નહોતું. મધ્યમ વર્ગના પરિવારમાંથી આવેલ રીયાનું સપનું નર્સ બનવાનું હતું. પરંતુ આર્થિક તંગીનું ભારણ તેના બાળપણના સપનાને અધૂરું છોડવા ધમકાવતું હતું.

ત્યારે પણ, રીયાએ હાર સ્વીકારવાનું નક્કી કર્યું નહીં. આંધળી અવસ્થાઓ સામે લડીને, તેણે પોતાના સપનાને સાકાર કરવા માટે પ્રયત્નો ચાલુ રાખ્યા. આ જ પ્રયત્નો તેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત, અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર (ASDC) - ગીતા મંદિરના દરવાજા સુધી લાવી ગયા. જ્યાં તેણે જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ (GDA) કોર્સમાં પ્રવેશ લીધો.

GDA કોર્સ રીયા માટે જીવનમાં નવા વળાંક સમાન સાબિત થયો. આ કાર્યક્રમ દરમિયાન, તેણે રોગીઓની સંભાળ, માનવ શરીર પ્રણાલીઓ અને રોગીઓને સહાનુભૂતિ અને કરુણાભર્યા વલણથી કેવી રીતે સંભાળવી તે શીખ્યું. આ ઉપરાંત, કોર્સે તેને સંપર્ક ક્ષમતા, વ્યક્તિગત વિકાસ અને વ્યવસાયિક આચરણ જેવા નરમ કૌશલ્યોમાં તાલીમ આપી. જેના કારણે તેનો આત્મવિશ્વાસ વધ્યો અને તેને આરોગ્ય ક્ષેત્રના પડકારો માટે તૈયાર કર્યું.

કોર્સ પૂર્ણ કર્યા પછી, રીયાને CIMS હોસ્પિટલમાં નોકરી મળી, જ્યાં તે હવે મહિને રૂા. ૧૫,૦૦૦/- કમાઈ રહી છે. આ સિદ્ધિ માત્ર આર્થિક સિદ્ધિ નહોતી પરંતુ તેની મહેનત અને સંકલ્પ શક્તિનો પુરાવો હતું. આ નોકરીએ તેને માત્ર આર્થિક રીતે મજબૂત બનવામાં જ મદદ કરી નથી, પણ તે તેના પરિવારને પણ ટેકો આપી શકે છે.

"હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને અદાણી ગ્રુપની ખૂબ આભારી છું, જેમણે મને આ જીવન બદલનારી તક આપી," રીયા આનંદથી શૅર કરે છે : "તેમના સમર્થન અને માર્ગદર્શનના કારણે હું મારા સપનાઓને સાકાર કરી શકી અને તેજસ્વી અને સ્વતંત્ર ભવિષ્ય તરફ આગળ વધી રહી છું. હું હંમેશાં તેમનો આભાર માનું છું."

રીયાની યાત્રા તે દર્શાવે છે કે યોગ્ય સમર્થન અને અડગ સંકલ્પ સાથે સપનાઓ સાકાર થઈ શકે છે. તેની સફળતાની કહાની તે બધા માટે પ્રેરણાદાયી છે, જે પોતાના માર્ગમાં અવરોધોનો સામનો કરી રહ્યા છે. તે બતાવે છે કે ધીરજ અને યોગ્ય તકોથી જીવન બદલાઈ શકે છે.

ગીતામંદિર ખાતે કૌશલ્ય કેન્દ્રની સૂચિતાર્થ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ (KJSS) અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર (ASDC) ગીતા મંદિરે મળીને એક કુશળતા વિકાસ પહેલ ચલાવે છે. કેન્દ્ર મુખ્યત્વે બે કોર્સ ચલાવે છે : જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ (GDA) અને બ્યુટી થેરાપિસ્ટ (BT). આ અહેવાલ કેન્દ્રના મુખ્ય કામગીરી ક્ષેત્રો જેમ કે જાગૃતિ, તાલીમ, રોજગાર અને તેનું દીર્ઘકાલીન લક્ષ્ય તપાસે છે.

ગીતામંદિર ખાતેનું કૌશલ્ય વિકાસ કેન્દ્ર, તેના સુસંરચિત અભ્યાસક્રમો, લક્ષિત ગતિશીલતાના પ્રયાસો અને મજબૂત આજીવિકા આધાર દ્વારા, હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂની મહિલાઓ માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. વિકાસના વ્યક્તિગત અને વ્યવસાયિક બંને પાસાઓને સંબોધિત કરીને, કેન્દ્ર માત્ર મહિલાઓને રોજગાર યોગ્ય કૌશલ્યોથી સજ્જ કરતું નથી પણ સ્વતંત્રતા અને આત્મવિશ્વાસની ભાવનાને પણ ઉત્તેજન આપે છે, વધુ ન્યાયી સમાજ માટે માર્ગ મોકળો કરે છે.

***અમે પણ લાભાર્થીઓને ઘરે બેઠા તેમની સેવાઓ લઈને મદદ કરી શકીએ છીએ :***

***હોમ કેર / એટેન્ડન્ટનો સંપર્ક કરવા માટે : ૯૭૧૪૮ ७૩७૩૯***

***ઘરે બ્યુટી પાર્લર સેવા સંપર્ક કરવા માટે : ૮૪૬૯૪ ૩૪૫७૪***

***બધું જ ગુમાવી દીધા પછી પણ કંઈક કરવાની આપણામાં હિંમત બાકી હોય તો સમજી લેવાનું કે આપે કંઈ ગુમાવ્યું નથી.***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત**

# દેહદાન – અંગદાન સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત "દેહદાન - અંગદાન સમિતિ" વર્ષોથી કાર્યરત રહેવા પામેલ છે અને અત્યાર સુધી અનેક લોકોના દેહદાન તથા અંગદાનના ડોનેશન્સમાં સારો એવો અગ્રીમ ભાગ ભજવેલ છે.

તાજેતરમાં આ સમિતિએ નીચેના મહાનુભાવોના દેહદાનના ફોર્મ ભરાવી જરૂરી નિર્ણયો લેવડાવેલ છે. આ બધા મહાનુભાવોને આ સમિતિ તેઓના સત્કાર્ય બદલ અભિનંદન પાઠવે છે. આ મહાનુભાવોમાં સમાજના સભ્યો તેમજ અન્ય લોકોનો પણ સમાવેશ થયેલ છે.

*આ મહાનુભાવોનું લીસ્ટ નીચે મુજબ છે.*

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
૨. શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
૩. ડૉ. જેઠો માધવદાસ લાલવાણી
૪. બહેનશ્રી નંદિતા ભૂપેન્દ્ર શાહ
૫. શ્રી જયેશ નાગજીભાઈ શાહ
૬. બહેનશ્રી ઈલા મનીષ છાડવા
૭. શ્રી સંજીવ શાહ
૮. શ્રી શાંતિલાલ કાનજી મારૂ
૯. બહેનશ્રી લીના સંજયકુમાર સંઘવી
૧૦. શ્રી સંજય સેવંતીલાલ સંઘવી
૧૧. બહેનશ્રી હીના નીલેશ મહેતા
૧૨. શ્રી કિશોરભાઈ ગોરધનદાસ મહેતા
૧૩. શ્રી જયેશકુમાર અજિતકુમાર મહેતા
૧૪. શ્રી કુંવરજી રામજી સાવલા
૧૫. બહેનશ્રી સવિતાબેન કુંવરજી સાવલા
૧૬. બહેનશ્રી પ્રાચી અનિલકુમાર સંઘવી
૧૭. શ્રી અનિલકુમાર મગનલાલ સંઘવી
૧૮. શ્રી સંદીપ પ્રવીણચંદ્ર શાહ
૧૯. શ્રી દિલીપ રમણિકલાલ શાહ
૨૦. બહેનશ્રી કાજલ દિલીપ શાહ
૨૧. બહેનશ્રી દિપીકા શૈલેષભાઈ નાગડા
૨૨. શ્રી નવીનચંદ્ર રામચંદ્ર જાની
૨૩. બહેનશ્રી પ્રીતિદા અજિત દોશી
૨૪. બહેનશ્રી હર્ષા અજરામર દોશી
૨૫. બહેનશ્રી ભાગ્યશ્રી શાર્દુલ ગજ્જર

પોતાના અવસાન પછી પણ કોઈનું ભલુ થાય એવા સદ્‌વિચારથી પ્રેરાઈને અને નિઃસ્વાર્થ સેવા કરવાના રંગોથી રંગાઈને તેઓએ દેહદાનના આ મહાયજ્ઞમાં પોતાનો સેવાકીય હાથ લંબાવેલ છે તે બદલ આ સૌ મહાનુભાવોને ખૂબ ખૂબ અભિનંદન.

**કમલેશ બાબુભાઈ શાહ**
**કન્વીનરશ્રી - અંગદાન સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**(મો. ૯૮૯૮૭ ૪૨૬૨૪)**

***નોંધ*** *: શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "દેહદાન અંગદાન સમિતિ"ને તેઓના માનવતાપૂર્ણ કાર્ય બદલ ખૂબ ખૂબ અભિનંદન.*

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*મોભી એટલે પરિવારને માથે લગાવેલો એવો ટફન ગ્લાસ*
*કે જે મુશ્કેલીના સમયે ખૂદ તૂટી જશે પણ પરિવારને આંચ આવવા નહીં દે.*

## ડૉ. ધીરેન શાહને ખૂબ ખૂબ અભિનંદન

**ડૉ. ધીરેન શાહ** (રામાણિયા - કચ્છ) કાર્ડિયો થોરેસીક સર્જન છે અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે તેઓનું નામ માત્ર અમદાવાદમાં નહીં પરંતુ ગુજરાતભરમાં જાણીતું છે. તેઓશ્રી ભારતના પણ વિખ્યાત હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જન છે.

તેઓશ્રી હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી કરનાર ગુજરાતભરમાં પ્રથમ સર્જન છે અને તેઓશ્રીએ આજ દિવસ લગી આ પ્રકારની ૫૯ સર્જરી સફળતાપૂર્વક પાર પાડેલ છે.

તેઓશ્રીએ તા. ૮-૩-૨૦૨૫થી તા. ૧૫-૩-૨૦૨૫ના ૮ દિવસમાં ૪ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી સફળતાપૂર્વક પાર પાડીને અત્યાર સુધી કુલ ૫૯ સર્જરી પાર પાડેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ પ્રસંગે તેઓશ્રીને શુભેચ્છા પાઠવે છે અને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની ૧૦૦ સર્જરી શક્ય ત્વરાએ પૂર્ણ કરી, આ પ્રકારના દર્દીઓની જીવાદોરી લંબાવવા તેઓશ્રી નિમિત્ત બને અને આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી અભિલાષા વ્યક્ત કરે છે.

*– લક્ષ્મીચંદ શામજી વીરા*

## ડૉ. પ્રિયંકા સુકેતુ ચિત્રસેન શાહને વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

**ડૉ. પ્રિયંકા સુકેતુ શાહ** (ડૉ. સુકેતુ શાહ અને ડૉ. સીમા શાહની સુપુત્રી અને ચિત્રસેન શાહ - ગાંધીનગરની પૌત્રી) M.D. Psychiatry from GCS મેડિકલ કોલેજ - અમદાવાદથી વર્ષ ૨૦૨૪-૨૫માં 1st Rank સાથે પાસ કરેલ છે અને યુનિવર્સિટીમાં ચોથા ક્રમાંકે આવેલ છે.

*ખૂબ ખૂબ અભિનંદન...*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## સંસ્થાના સ્ટાફ મેમ્બરોને ફાયર સેફ્ટી અંગે અપાયેલ ટ્રેનિંગ

શનિવાર, તા. ૨૨-૩-૨૦૨૫ના રોજ પાલડી ભવન ખાતે ફાયર સેફ્ટી ટ્રેનિંગ અંતર્ગત ફાયર ઈન્સ્પેક્ટરશ્રી વિઝીટમાં આવેલ હતા. તેઓ દ્વારા સંસ્થામાં મૂકાયેલ ફાયર સેફ્ટી ઈક્વિપમેન્ટ ચેક કરવામાં આવેલ હતા અને આગ તથા શોર્ટ સર્કિટ થાય ત્યારે અગ્નિશામકનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગેની ટ્રેનિંગ અને માર્ગદર્શન આપેલ હતું. આ ટ્રેનિંગમાં સંસ્થાના મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર સાથે ઓફિસ સ્ટાફ મેમ્બર તથા પાલડી મેડિકલ સેન્ટરના સ્ટાફ મેમ્બર હાજર રહેલ હતા. અગ્નિશામક બોટલના ઉપયોગ માટે સ્ટાફ પાસે ડેમો પણ કરાવેલ હતો.

તસવીરો માટે જુઓ : પાના નં.-૭૦

*રજનીકાંત પારેખ – માનદ્ મંત્રી*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૫-૦૨-૨૦૨૫થી તા. ૧૫-૦૩-૨૦૨૫ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | નાગજી દેવજી નીસર | મુંબઈ | ૧૮-૦૨-૨૫ |
| ૨. | ઉમરશી શામજી સતરા | કચ્છ | ૨૮-૦૨-૨૫ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | વિપુલ શરદચંદ્ર મોમાયા | અમદાવાદ | ૨૮-૦૨-૨૫ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ભાઈલાલ હીરજી વોરા | મુંબઈ | ૧૯-૦૨-૨૫ |
| ૨. | નીરજ હસમુખ લાલચંદ શાહ | અમદાવાદ | ૨૨-૦૨-૨૫ |
| ૩. | રજનીકાંત બાબુલાલ ત્રેવડિયા | અમદાવાદ | ૨૭-૦૨-૨૫ |
| ૪. | હર્ષાબેન હસમુખભાઈ મહેતા | ગાંધીધામ | ૧૧-૦૩-૨૫ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ડૉ. નવીન અરવિંદભાઈ પટેલ | અમદાવાદ | ૨૫-૦૨-૨૫ |
| ૨. | રવિલાલ જેઠાભાઈ પટેલ | મુંબઈ | ૨૭-૦૨-૨૫ |
| ૩. | લક્ષ્મીચંદ બાબુભાઈ નાગડા | મુંબઈ | ૦૩-૦૩-૨૫ |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

**ખાતાનું નામ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]

**બેંક :**

કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

**એકાઉન્ટ નંબર :**

૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]

**IFSC કોડ :**

CNRB0017007

# વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ તરફથી એક દિવસીય પિકનીકનો કાર્યક્રમ તા. ૨૦-૩-૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ હતો.

બરાબર વહેલી સવારે છ વાગે પાલડીથી પ્રસ્થાન કર્યું. શ્રીમતી કૈલાસબેન સંઘવીએ નમસ્કાર મહામંત્ર અને ભક્તામર સ્તોત્રથી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

અમારો પહેલો પડાવ હતો મહુડી તીર્થ. ત્યાં સૌ વડીલોએ દર્શન પૂજા કરી સુખડી ધરાવી નવકારશીનો લાભ લઈને નવ વાગે વડનગર તરફ પ્રયાણ કર્યું.

લગભગ દસ વાગે વડનગરના સાંસ્કૃતિક મ્યુઝીયમની મુલાકાતે પહોંચ્યા. અત્યંત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ મ્યુઝીયમ કંડારવામાં આવેલ છે. સંપૂર્ણ વાતાનુકૂલિત સંસ્થામાં જુદી જુદી ગેલેરીઓ અને માહિતીસભર કક્ષો બનાવવામાં આવેલ છે.

સાંસ્કૃતિક મ્યુઝીયમની મુલાકાતથી જાણવા મળ્યું કે વડનગરનો ઈતિહાસ ૨૭૫૦ વર્ષ જૂનો છે. આ વડનગર શહેર સાત વાર તારાજ થયેલ અને સાતેયવાર બેઠું થયેલ છે.

ઈ.સ. પૂર્વે બીજી સદીથી ઈસુની પ્રથમ સદી સુધીનો કોટ દીવાલ કાળ કહેવમાં આવતો હતો. ત્યારબાદના સમયને ક્ષત્રિય કાળ અનુપ છત્રકાળ સોલંકી અને વાઘેલા કાળ મરાઠા અને ગાયકવાડ કાળ, સોલંકી કાળ દરમિયાન રાજા કર્ણદેવના સમયમાં વડનગરનો સૂર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યો હતો અને મરાઠા સમય દરમિયાન તારાજી ભોગવી હતી.

વડનગર મૌર્યકાળ દરમિયાન વેપાર અને રહેણાંકનું મુખ્ય મથક હતું. અહીં હિંદુ ઉપરાંત બૌદ્ધ અને જૈન ધર્મનો ખૂબ જ વિકાસ થયો હતો. આજે પણ વડનગરમાં ઉત્તમોત્તમ જૈન દેરાસર છે અને નજીકમાં તારંગાનું ભવ્ય તીર્થ આવેલું છે. જૈન ઈતિહાસ પ્રમાણે શત્રુંજય તળેટીની શરૂઆત વડનગરથી થતી હતી અને અહીંથી જ શત્રુંજયની યાત્રા શરૂ થતી હતી. આજે પણ અહીંના દેરાસરમાં જય તળેટી ઉપલબ્ધ છે.

વડનગરમાં કેટલીયેવાર સારો વરસાદ પડતો અને કપરા દુષ્કાળનો કાળ પણ આવ્યો હતો. પરંતુ વડનગનરની કુશળ જળ પ્રબંધના કારણે તેઓ આ આફતમાંથી ઉગરી ગયા હતા. એમ કહેવાય છે કે અહિંયા ૩૬૦ તળાવ, ૩૬૦ કૂવા અને ૩૬૦ ધર્મ સ્થળો હતા.

નવમી અને દસમી સદીમાં અહીં ભયંકર ભૂકંપ આવેલ હતો. આ ભૂકંપ દરમિયાન ઘણા બધા શહેરોમાંથી લોકો હિજરત કરતા હતા ત્યારે અહીંના લોકોએ ભૂકંપ પ્રતિરોધક મકાન બનાવવા ઈંટોની વચ્ચે વાંસની લાકડીનો ઉપયોગ શરૂ કરીને ભૂકંપની તારાજી ઓછી કરી હતી.

શરૂઆતમાં અહીં વસતા લોકો નાગર કહેવાતા. એટલે વડનગરનું પ્રથમ નામ 'નગર' હતું. આ નાગરો કલમ બરછી અને કડછીના ઉપયોગમાં પ્રવીણ હતા. કલમ એટલે સાહિત્ય, બરછી એટલે કે ભાલા જેવું શસ્ત્ર અને કડછી એટલે કે રસોઈ રાંધવામાં ખૂબ જ નિષ્ણાત હતા. 'નગર' ઉપરાંત વડનગરના અન્ય નામોમાં ચમત્કારપુર, અર્કસ્થલી, સ્કંદપુર, વૃદ્ધનગર કે વિપ્રનગર અને છેલ્લે વડનગર.

કહેવાય છે કે નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈના લગ્ન વડનગરમાં જ થયા હતા અને તેમનું મામેરૂ ભગવાન શ્રીકૃષ્ણે અહીં જ ભર્યું હતું. કુંવરબાઈની બે પુત્રી તાના-રીરી સંગીતમાં અવ્વલ નંબરે હતી. સંગીત સમ્રાટ તાનસેનનું શરીર જયારે દીપક રાગથી બળબળતું હતું ત્યારે આ બે બહેનો તાના-રીરીએ રાગ મલ્હાર ગાઈને તેમના શરીરને ઠંડક પહોંચાડી હતી.

આ મહાન બે બહેનોના ભવ્ય સંગીત વારસાને સાચવવા માટે અહીં સંગીતનો દર વરસે ઉત્સવ ઉજવવામાં આવે છે. તાના-રીરી ગાર્ડન ઉપરાંત અહીં શર્મિષ્ઠા તળાવ અને વડનગરનું તોરણ અહીંની વિશેષ કલાકૃતિ છે.

સાંસ્કૃતિક મ્યુઝીયમમાં ઉપર્યુક્ત અદ્‌ભુત માહિતી મેળવી સૌ જૈન ભોજનશાળા આવ્યા. અહીં દેવ-દર્શન કરી બપોરના ભોજનને માન આપી, થોડોક આરામ કરી આગલોડ આગમન કર્યું.

અહીં દેવ-દર્શન કરી, એ.સી. હોલમાં વિવિધ રમતો રમી, ગીતો અને સ્તવનોના સાગરમાં આનંદ મેળવી સૌએ ચોવિહારનો લાભ લીધો.

આગલોડથી પ્રસ્થાન કરી સૌ રાત્રે સાડા નવ વાગે અમદાવાદ પરત ફર્યા.

આ પ્રવાસ માટે શ્રી નીતિન હરિલાલ સંઘવી તરફથી રૂા. ૨૦૦૦/- અને શ્રી મહેન્દ્ર કાંતિલાલ શાહ તરફથી રૂા. ૧૧૦૦/-ની સ્પોન્સરશિપ મળેલ હતી.

*વયસ્ક સમિતિ આયોજિત વડનગર સાંસ્કૃતિક મ્યુઝીયમ મુલાકાતની તસવીરો માટે* *જુઓ પાના નંબર-૭૦*

***રજનીકાંત પારેખ***
***કન્વીનર - વયસ્ક સમિતિ***

## સરનામા ફેરફાર

- **જય ભરત આણંદજી રાંભિયા**
  બી-૨૮, સૌંદર્ય એપાર્ટમેન્ટ, અર્જુન ટાવરની બાજુમાં,
  સી.પી. નગર રોડ, ઘાટલોડિયા,
  અમદાવાદ-૩૮૦ ૦૬૧.
  મો. ૮૩૨૦૪ ૨૪૩૦૮, ૮૮૪૯૯ ૬૯૭૧૨
- **બિપીન રતનશી શામજી સાયા**
  ફ્લેટ નં. ૨૦૮, બીજો માળ, બ્લોક સી,
  આણંદજી કલ્યાણજી જૈન કમ્પાઉન્ડ,
  બહેરામપુરા પોલીસ ચોકી સામે,
  બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
  મો. ૭૯૮૪૪ ૭૯૧૦૮, ૮૧૨૮૩ ૧૨૧૭૨
- **ભરત હીરજી માણેકજી મૈશેરી**
  ફ્લેટ નં. ૨૦૩, બીજો માળ, બ્લોક સી,
  આણંદજી કલ્યાણજી જૈન કમ્પાઉન્ડ,
  બહેરામપુરા પોલીસ ચોકી સામે,
  બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
  મો. ૯૫૫૨૫ ૯૬૬૪૧, ૮૩૬૯૯ ૭૦૩૪૭

## શુભ લગ્ન

- **મંગળવાર, તા. ૪-૨-૨૦૨૫**
  કચ્છ કાંડાગરાના હાલ અમદાવાદ નિવાસી શ્રીમતી નીમાબેન નીરવભાઈ રમણિકલાલ હેમચંદ શેઠના સુપુત્ર **ચિ. ભવ્ય**ના શુભ લગ્ન અમદાવાદ નિવાસી શ્રીમતી નેહાબેન અલ્પેશભાઈ શાહની સુપુત્રી **ચિ. સાક્ષી** સાથે કરવામાં આવ્યા.
- **શનિવાર, તા. ૧૫-૨-૨૦૨૫**
  કચ્છ કાંડાગરાના હાલ અમદાવાદ નિવાસી શ્રીમતી નીમાબેન નીરવભાઈ રમણિકલાલ હેમચંદ શેઠના સુપુત્ર **ચિ. વિરાજ**ના શુભ લગ્ન સોનગઢ, મધ્યપ્રદેશ નિવાસી શ્રીમતી સાધનાબેન સતીષભાઈ ગુપ્તાની સુપુત્રી **ચિ. નિધિ** સાથે કરવામાં આવ્યા.

*નવદંપતિને આશીર્વાદ.*

*તેમના દાદી શ્રીમતી ચંદ્રિકાબેન રમણિકલાલ હેમચંદ શેઠ (કાંડાગરા) તરફથી તેમના પૌત્રો ચિ. ભવ્ય અને ચિ. વિરાજના શુભ લગ્ન પ્રસંગે રૂા. ૧,૦૦૦/- આ સંસ્થાને ભેટ સ્વરૂપે મળેલ છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*સહેતા આવડી જાય તો રહેતા પણ આવડી જાય છે.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### જનરલ ડોનેશન

રૂા. ૭,૦૦,૦૦૦/- શ્રી સતીષ જ્ઞાનચંદ ભાનુશાળી - અમદાવાદ
રૂા. ૭,૦૦,૦૦૦/- શ્રી દેવીદાસ જ્ઞાનચંદ ભાનુશાળી - અમદાવાદ
રૂા. ૭,૦૦,૦૦૦/- શ્રી જય દેવીદાસ ભાનુશાળી - અમદાવાદ
રૂા. ૭,૦૦,૦૦૦/- શ્રીમતી લક્ષ્મીબેન જ્ઞાનચંદ ભાનુશાળી - અમદાવાદ
રૂા. ૩,૦૦,૦૦૦/- શ્રી જ્ઞાનચંદ ત્રિકમદાસ ભાનુશાળી - અમદાવાદ
રૂા. ૩,૦૦,૦૦૦/- શ્રી જ્ઞાનચંદ ત્રિકમદાસ ભાનુશાળી - અમદાવાદ
રૂા. ૧,૦૦,૦૦૦/- અંજલી અંશ પરીખ - અમદાવાદ

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૫૧,૦૦૦/- શ્રીમતી હર્ષાબેન બિપીનચંદ્ર શાહ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી ભરત વેલજી ગાલા - મુંબઈ

### વયસ્ક સમિતિ

રૂા. ૫,૦૦૦/- શ્રી શાંતિલાલ સોમચંદ શેઠ - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી નરેન્દ્ર આર. મહેતા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી તલકશી ઉમરશી ગોગરી - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રીમતી ચંદ્રિકાબેન રમણિકલાલ હેમચંદ શેઠ તરફથી તેમના પૌત્ર ચિ. ભવ્ય અને ચિ. વિરાજના શુભ લગ્ન પ્રસંગે સપ્રેમ ભેટ - અમદાવાદ

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૨,૫૦૦/- શ્રી રીષભ શાંતિલાલ મારુ - મુંબઈ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## ૮મી માર્ચ : વિશ્વ મહિલા દિવસ

*શનિવાર, તા. ૮મી માર્ચ ૨૦૨૫ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાના બધા ભવનો તથા મેડિકલ સેન્ટરો પર પહેલીવાર "વિમેન્સ ડે"ની ઉજવણી કરવામાં આવેલ. તેની તસવીરી ઝલક માટે જુઓ પાના નંબર – ૬૯*

## ઉડતી નજરે.... *માસ ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –*<br>● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ... ૭૦૧<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ... ૪૩<br>● બોડી ચેક-અપ ... ૩૫૦<br>● સોનોગ્રાફી ... ૧,૧૦૫<br>● ટી.એમ.ટી. ... ૪૨<br>● ઑપરેશન ... ૧૪<br>● ઈકો ... ૩૧૮<br>● અન્ય ... ૬,૯૯૭ | ૯,૫૭૦ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –*<br>● પુરુષો ... ૩૭૭<br>● સ્ત્રીઓ ... ૨૬૩<br>● બાળકો ... ૮<br>● કેન્ટીન ... ૪,૦૬૦ | ૪,૭૦૮ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –*<br>● પુરુષો ... ૯૯<br>● સ્ત્રીઓ ... ૩૮<br>● બાળકો ... ૭ | ૧૪૪ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | ૯૮ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –*<br>● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ... ૧,૬૦૨<br>● મ્યુઝિયમ ... ૮૫૦<br>● કેન્ટીન ... ૩,૮૫૦<br>● જલારામ અન્નક્ષેત્ર ... ૪૯૫<br>● ડિસ્પેન્સરી ... ૭૯ | ૬,૮૬૭ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | ૬૦૨ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –*<br>● બોડી ચેક- અપ ... ૨૪૭<br>● સોનોગ્રાફી ... ૨૩૭<br>● ઑપરેશન ... ૨૩<br>● માઈનોર ઓ.ટી. ... ૫<br>● ફિઝિયોથેરાપી ... ૧,૮૨૧<br>● અન્ય ... ૪,૯૫૭ | ૭,૨૯૦ |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ........................ | **૨૫૩** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ........................<br>*જેમાંથી –* ● એક્સ-રે ........................ **૭૪**<br>● સોનોગ્રાફી ........................ **૩૧**<br>● બોડી ચેક-અપ ........................ **૧૦૬**<br>● ઈકો ........................ **૯**<br>● અન્ય ........................ **૬૦૪** | **૮૨૪** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ........................<br>*જેમાંથી –* ● એક્સ-રે ........................ **૧૯૩**<br>● સોનોગ્રાફી ........................ **૧૦૯**<br>● ફિઝિયોથેરાપી ........................ **૩૪૮**<br>● ડેન્ટલ ........................ **૧૪૨**<br>● બોડી ચેક-અપ ........................ **૪૬**<br>● 2-D ઈકો ........................ **૨૧**<br>● પેથોલોજી ........................ **૨૧૯**<br>● ઈ.સી.જી. ........................ **૧૦૧**<br>● ટી.એમ.ટી. ........................ **૨૦**<br>● ઑપરેશન ........................ **૧**<br>● અન્ય ........................ **૪૨૫** | **૧,૬૨૫** |
| | *માસ ફેબ્રુઆરી – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* ........................ | **૩૧,૯૮૧** |

## તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી

જીવાત્માના આત્યંતિક કલ્યાણ અર્થે પ્રભુ મહાવીર પ્રગટ થયા
જૈન જૈનેતરોની સેવાર્થે પ્રભુ તેઓના હૃદયમાં અહર્નિશ રહ્યા
પ્રભુના નિર્વાણને અઢી હજાર વર્ષથી વધુ સમય વ્યતીત થયો છતાં
આજે પણ તેઓશ્રી સ્થળ-કાળથી મુક્ત જ છે.
પ્રભુ મહાવીર સ્વામી ભક્તોના મનોરથો પૂર્ણ કરવા
અનેકાનેક ઐશ્વર્યો યુક્ત છે.
એક કરોડ અડસઠ લાખ જન્મોની કસર ટાળવા
પ્રભુ મહાવીરને ભજી લઈએ
તેઓશ્રી કૃપાવશાત આપણા જીવાત્માને અર્થે
નવા વસ્ત્રો વડે દેહને સજી દઈએ
પ્રભુએ ચીંધેલા માર્ગ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, તપને
નિત્ય અનુસરીએ
સ્વ હૃદયમાં પ્રભુ મહાવીર સ્વામીજીને સ્થાપિત કરીને
હરીએ, ફરીએ, વિચરીએ.

***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ ● મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

## પ્રેમ - તરાના

હોય છે જલતી શમાના આશિક
બુઝાયેલી શમા પાસે પરવાના નથી હોતા.

ખાલીખમ પણ હોય જીગરની તિજોરી
બધા પાસે કંઈ પ્રેમના ખજાના નથી હોતા.

નજર કરીએ તોય ચડે નહીં નશો
બધી આંખોમાં છલકાતા પયમાના નથી હોતા.

બતાવી બતાવી એ અહીં કેટલા બતાવે?
રોજ નવા નવા કંઈ બહાના નથી હોતા.

કોઈ ચાહે તોય વિસરાય નહીં
ભૂલાઈ જાય એવા પ્રેમના તરાના નથી હોતા.

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

*જીવશો ત્યાં લગી ઠોકરો તો લાગ્યા જ કરશે. પણ ઉઠવું તો આપણે જાતે જ પડશે. કેમ કે જ્યાં સુધી શ્વાસ ચાલે છે ત્યાં સુધી કોઈ ખભો દેવા નહીં આવે!*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

**તા. ૨૬-૨-૨૦૨૫**

- ઓર્થોપેડિક સર્જન ડૉ. શરદ પુરોહિત જે આપણે ત્યાં સેવા આપે છે તેમના તરફથી મેડિકલ સેન્ટર માટે રૂા. ૫૦,૦૦૦/-નું ડોનેશન મળેલ છે.

**તા. ૩-૩-૨૦૨૫**

- આજથી શરૂ કરીને તા. ૮-૩-૨૦૨૫ સુધી જનરલ સર્જરીનો નિઃશુલ્ક નિદાન અને સર્જિકલ પ્રોસીજર રાહત દરે કરી આપવા માટેનો કેમ્પ સવારે ૧૦.૩૦ થી ૧૨ અને બપોરે ૩.૩૦થી ૫ માં રાખવામાં આવેલ. જેમાં ડૉ. તપન શાહ પાસે ૮૫ અને ડૉ. અપૂર્વ પટેલ પાસે ૨૩ દર્દીઓએ લાભ લીધેલ. જેમાંથી સેન્ટરના O.T. માં ડૉ. અપૂર્વ પટેલની ૧ અને ડૉ. તપન શાહની ૨ પ્રોસીજર થયેલ હતી.

**તા. ૪-૩-૨૦૨૫**

- તબીબી સેવા સમિતિના કો-કન્વીનર શ્રી લક્ષ્મીચંદ વીરાએ આજરોજ આયુર્વેદિક ડોક્ટર શ્રીમતી ગાર્ગીબેન વસાવડા સાથે સવારે ૧૨.૦૦ કલાકે સ્ટાફ, દવાઓ વગેરે અંગે મીટિંગ કરેલ હતી.

**તા. ૫-૩-૨૦૨૫**

- ડૉ. કાજલ પૃથ્યાની દ્વારા એક દર્દીના મોઢા અને ગળા પરથી Skin Caufery દ્વારા મસા કાઢવામાં આવ્યા હતા.
- ડૉ. હિતેન્દ્ર શાહ અને ઉપપ્રમુખ હિરેન શાહે સેન્ટરનું રીનોવેશન કઈ રીતે કરી શકાય, રૂમની સાઇઝ, કેટલા રૂમ વધારાના જરૂરી છે વગેરે માહિતી એકઠી કરીને સેન્ટરની મુલાકાત કરેલ.

**તા. ૮-૩-૨૦૨૫**

- આજે HR શ્રીમતી ખુશ્બુબેન શાહના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. સેન્ટરમાં Happy Womens Day ના પોસ્ટર લગાડી ફૂલોથી શણગારવામાં આવેલ. દરેક મહિલા ડૉક્ટર અને મહિલા સ્ટાફને ચોકલેટ્સ આપી સન્માન કરવામાં આવેલ. બેઝમેન્ટના હોલમાં રમતગમત, ગરબા, ડાન્સનું આયોજન કરવામાં આવેલ. શ્રીમતી ખુશ્બુ શાહ, મંજુલા પરમાર, મેનેજર કિશોરભાઈ ઠક્કર, શ્રી કૃષ્ણકાંત મોદી અને શ્રીમતી રોનકબેન શેખ દ્વારા સુંદર નાની-નાની સ્પીચ આપવામાં આવેલ. છેલ્લે આઈસ્ક્રીમ ખાઈને સૌ છૂટા પડેલ. સૌ મહિલા સ્ટાફે H.R. અને ટ્રસ્ટીગણને પરમિશન આપવા બદલ આભાર માન્યો હતો. મહિલા ડૉક્ટરોએ પણ ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો.

**તા. ૮-૩-૨૦૨૫થી તા. ૧૫-૩-૨૦૨૫**

- તા. ૮-૩-૨૦૨૫થી તા. ૧૫-૩-૨૦૨૫ સુધી રૂા. ૧૨૦૦/-ની જગ્યાએ રૂા. ૮૦૦/-માં મેમોગ્રાફી અને સ્ત્રી રોગના ફ્રી કન્સલ્ટેશનનો કેમ્પ યોજવામાં આવેવલ. જેમાં ૨૦ મેમોગ્રાફી થયેલ.

**તા. ૧૪-૩-૨૦૨૫**

- ડૉ. આકાશ પટેલ દ્વારા મોતિયાનું રૂા. ૨૪૦૦૦/-વાળું ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૧૫-૩-૨૦૨૫**

- આજ રોજ ૩૦ હેલ્થ ચેક-અપ કરવામાં આવ્યા.

**તા. ૨૦-૩-૨૦૨૫**

- લેબ ટેકનિશિયન મિત્તલ ચૌધરીએ રાજીનામુ આપેલ છે અને તેમની જગ્યાએ જાનકી ઓઝાને એપોઈન્ટ કરવામાં આવેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**તા. ૨૨-૨-૨૦૨૫**

- આજ રોજ બોપલ વિસ્તારની આજુબાજુના વિસ્તારમાં મેડિકલ સેન્ટરમાં ચાલતી પ્રવૃત્તિઓ અંગેનું તથા હેલ્થ ચેક-અપ બ્રોશરનું વિતરણ કરવામાં આવ્યું.

**તા. ૨૬-૨-૨૦૨૫**

- આજ રોજ ડૉ. પ્રકૃતિ અને ડૉ. ચાંદની દ્વારા મોતિયાના ચાર ઑપરેશન કરવામાં આવેલ હતા.

**તા. ૨૭-૨-૨૦૨૫**

- આજ રોજ નવા ફિઝીયોથેરાપિસ્ટના એપોઈન્ટમેન્ટ અંગે ડૉ. રીદ્ધિએ ડૉ. હિતેન્દ્ર શાહને જાણ કરેલ હતી.

● આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે ફાયર વિભાગ દ્વારા ટ્રેનિંગ રાખેલ હતી. જેમાં ફાયર વિભાગના ઓફિસર દ્વારા મેડિકલ સેન્ટરના સ્ટાફને ફાયર સેફ્ટી અંગે માહિતી આપવામાં આવેલ હતી.

**તા. ૨૮-૨-૨૦૨૫**

● આજ રોજ 'એફ' કંપની કમાન્ડર વીરમગામ પોલીસ સ્ટેશનથી છ પોલીસ ઓફિસર હેલ્થ ચેક-અપ માટે બોપલ મેડિકલ સેન્ટરમાં આવેલ હતા.

**તા. ૧-૩-૨૦૨૫**

● આજ રોજ બોપલ મેડિકલ સેન્ટરનો ફેબ્રુઆરી ૨૦૨૫ માસનો રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ. ફેબ્રુઆરી ૨૦૨૫ માસ દરમિયાન કુલ ૭૨૯૦ દર્દીઓએ લાભ લીધેલ હતો. જેમાં ૨૪૭ હેલ્થ ચેક-અપ, ૨૫૩ ડાયાલિસિસ, ૨૩૭ સોનોગ્રાફી, ૨૩ Cataract, ૫ માઈનોર OT અને ૧૮૨૧ ફિઝીયોથેરાપી વિભાગમાં દર્દીઓએ સારવાર લીધેલ હતી.

**તા. ૧૧-૩-૨૦૨૫**

● આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ દ્વારા લેબ ટેકનિશિયનના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હતા.

**તા. ૧૫-૩-૨૦૨૫**

● આજ રોજથી ડૉ. જયનીલ શાહ (ગાયનેકોલોજિસ્ટ) દ્વારા અઠવાડિયામાં ત્રણ દિવસ સવારે ૮ થી ૯.૩૦ ઓ.પી.ડી. શરૂ કરવામાં આવેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૨૬-૨-૨૦૨૫**

● આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી તથા તા. ૩-૩-૨૦૨૫થી શરૂ થનારા ફ્રી મેડિકલ કેમ્પની તૈયારી અને માર્કેટીંગ અંગે સૂચના આપી.

**તા. ૩-૩-૨૦૨૫**

● આજથી એટલે કે તા. ૩-૩-૨૦૨૫થી તા. ૮-૩-૨૦૨૫ (સોમવારથી શનિવાર) જશોદાનગર મેડિકલ સેન્ટર પર તમામ ડૉક્ટરના ફ્રી કન્સલ્ટેશન કેમ્પની શરૂઆત થઈ. આ કેમ્પમાં ૬ દિવસ દરમિયાન કુલ ૧૧૦૦ વ્યક્તિઓએ લાભ લીધો.

**તા. ૫-૩-૨૦૨૫**

● આજ રોજ ચેતનભાઈ બી. શેઠ, કેશુભાઈ આર. નંદાયા તથા મુકેશભાઈ આર. મગરે સેન્ટરની મુલાકાત લીધેલ હતી.

**તા. ૬-૩-૨૦૨૫**

● ડૉ. હર્ષલ પટેલ દ્વારા ચાર દર્દીઓના મોતિયાના સફળ ઑપરેશન થયા.

● આજ રોજ ધર્મેન્દ્રભાઈ ગજ્જર તથા કૌશલભાઈ રૌજને સેન્ટરની મુલાકાત લીધી.

● આજ રોજ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહે અંકિત ગડા તથા વિશાલ શાહ સાથે સેન્ટરની મુલાકાત લીધી અને સોફ્ટવેર અપગ્રેડ કરવા માટે જરૂરી કાર્યવાહી કરી.

● આજ રોજ ચેતનભાઈ ધરોડે કેમ્પ દરમિયાન સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૭-૩-૨૦૨૫**

● આજ રોજ શ્રી ગિરીશભાઈ દેઢિયાએ સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૮-૩-૨૦૨૫**

● ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું સફળ ઑપરેશન થયું.

● આજ રોજ માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી ગિરીશભાઈ પોલડિયાએ સેન્ટરની મુલાકાત લીધી.

● આજ રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે જશોદાનગર સેન્ટર પર મહિલા સ્ટાફને ઉત્સાહિત કરવા નાની-મોટી એક્ટીવિટી અને ગમ્મત કરાવી. સ્ટાફને KJSS તરફથી ગીફ્ટ આપવામાં આવી અને આઈસ્ક્રીમ ખવડાવી મહિલા દિનની ઉજવણી કરી.

**તા. ૧૨-૩-૨૦૨૫**

● આજ રોજ નારાણભાઈ પટેલ તથા હર્ષ ગજ્જરે સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૧૫-૩-૨૦૨૫**

● આજ રોજ માતુશ્રી વિમળાબેન ગાલાએ જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને જરૂરી જાણકારી મેળવેલ હતી.

*અગર આપ કંઈ બનવા જ ઈચ્છો છો તો એવા તળાવ જેવા બનો*
*કે જ્યાં સિંહ પણ પાણી પીવા આવે અને હરણ પણ, પરંતુ પોતાના સર ઝુકાવીને.*

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૧૮-૨-૨૦૨૫**

- આજ રોજ સેન્ટર ખાતે હેતેરો સોલ્યુશન કંપની - ચાચરવાડી વાસણા ગામથી બે વર્કરનું મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યું.

**તા. ૧૯-૨-૨૦૨૫**

- આજ રોજ સેન્ટર ખાતે એમનીલ ફાર્માસ્યુટીકલ - રજોડા ગામથી પાંચ વર્કરના મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યા.

**તા. ૨૦-૨-૨૦૨૫**

- આજ રોજ ઓસિયન સ્ટીલ કોર્પોરેશન કંપનીમાંથી શ્રી વિશાલભાઈ - મેનેજર અને શ્રી કેતન શાહ - H.R. Head સેન્ટરની મુલાકાતે આવ્યા. પ્રતીક વ્યાસ સાથે સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી લીધી અને ટાઈ-અપ કરવા માટે કહ્યું.

**તા. ૨૧-૨-૨૦૨૫**

- આજ રોજ મોરૈયા ગ્રામ પંચાયતની મુલાકાત લેવામાં આવી અને સ્ટાફનો પ્રોફેશનલ ટેક્સ જમા કરાવવામાં આવેલ છે.

**તા. ૨૪-૨-૨૦૨૫**

- આજ રોજ કુશલ પોલીમર્સ - ચાંગોદર ગામ અને વિનાયક પેકિંગ – બંને નવી કંપનીના બે કર્મચારીની સારવાર કરવામાં આવી અને બ્લડ રીપોર્ટ કરવામાં આવ્યા.

**તા. ૨૭-૨-૨૦૨૫**

- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધી અને ડૉ. કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટરમાં પેશન્ટ બાબતે તેમજ ઓ.પી.ડી.ના ડોક્ટર્સ બાબતે મીટિંગ કરી.

**તા. ૧-૩-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી હિરેન શાહ, શ્રી જયેશભાઈ મજમુદાર અને શ્રી ધવલ મજમુદાર સેન્ટરની મુલાકાતે આવેલ હતા. તેમણે ડૉ. કિશન અને પ્રતીક વ્યાસ સાથે બધાએ સેન્ટરને કઈ રીતે પ્રગતિશીલ કરવું અને કામ કેમનું વધારવું તે બાબતે ચર્ચા કરીને માર્ગદર્શન આપ્યું. જેમાં સેન્ટરમાં ડૉક્ટરને ઓ.પી.ડી.ના સમયે આવવું, સેન્ટરને 24 X 7 કરવું કે નહીં, પેશન્ટને વધારેમાં વધારે કઈ રીતે સેવા આપવી તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી.
- ત્યારબાદ તમામે હર્ષા એન્જિનિયરીંગ કંપનીમાં મુલાકાત લીધી અને કંપનીના માલિક હરીશભાઈ રંગવાલા તથા શ્રી રાજુભાઈને મળીને સેન્ટરમાં પેશન્ટ મોકલવા તેમજ અન્ય કંપનીના રેફરન્સ આપવા બાબતે ચર્ચા કરેલ હતી.

**તા. ૩-૩-૨૦૨૫**

- આજ રોજ હર્ષા એન્જિનિયરીંગ કંપની - ચાંગોદર ખાતે શ્રી દલ્પેશભાઈ (HR Head), શ્રી જીગરભાઈ અને શ્રી હાર્દિક જોષી (HR)ને પ્રતીક વ્યાસ મળ્યા અને સેન્ટર વિશે સંપૂર્ણ માહિતી આપી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપ્યા. કંપનીના કર્મચારીઓની પ્રાથમિક સારવાર સેન્ટરમાં કરાવવા બાબતે ચર્ચા કરી અને તા. ૬-૩-૨૦૨૫ના રોજ ટાઈ-અપ લેટર લીધો.

**તા. ૭-૩-૨૦૨૫**

- આજ રોજ સીગ્મા ટર્મિનલ પ્રા.લિ. કંપનીના મેનેજર શ્રી મેહુલ દેસાઈએ સેન્ટરની મુલાકાત લીધી. કંપનીના કર્મચારીની પ્રાથમિક સારવાર કરવામાં આવી.

**તા. ૮-૩-૨૦૨૫**

- આજ રોજ સેન્ટર ખાતે મહિલા કર્મચારી સ્ટાફ, મહિલા ડૉક્ટરોએ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ચોકલેટ વિતરણ તેમજ આઈસ્ક્રીમ મંગાવીને મહિલા દિવસને ઉજવવામાં આવ્યો હતો.

**તા. ૧૦-૩-૨૦૨૫**

- આજ રોજ મહાદેવ પલ્સિસ પ્રા.લિ. કંપની - મોરૈયા ખાતે પ્રતીક વ્યાસ, નર્સિંગ સ્ટાફ, લેબ ટેકનિશિયન સાથે ગયેલ હતા. જેમાં કંપનીના ૨૫ કર્મચારીઓના બ્લડ ટેસ્ટ માટેના સેમ્પલ લઈને બીજા દિવસે તા. ૧૧-૩-૨૦૨૫ના રોજ રીપોર્ટ પહોંચતા કરવામાં આવ્યા અને કામ પૂર્ણ કર્યું.

## હાસ્યાસ્પદ પ્રશ્નો

તાજેતરમાં આવકવેરા વિભાગ દ્વારા કેટલાક કરદાતાઓને તેમની આવકની આકારણી માટે નીચે મુજબના કેટલાક હાસ્યાસ્પદ પ્રશ્નો પૂછવામાં આવેલ છે :

★ તમે વાળ કપાવવાનો તથા સૌંદર્ય પ્રસાધનો અને પરફ્યુમ માટે કેટલો ખર્ચ કર્યો છે તેની વિગતો આપો.

★ જોડાની પોલીશ કરાવવા કેટલો ખર્ચ કર્યો છે તેની વિગતો આપો.

★ વર્ષ દરમિયાન તમે કપડાં ખરીદવા પાછળ કેટલો ખર્ચ કર્યો છે તેની વિગતો આપો.

***આ પ્રકારના હાસ્યાસ્પદ પ્રશ્નો પૂછનાર અધિકારી આવકવેરા વિભાગનું શું ભલું કરવાના? લોકોનું શું કલ્યાણ કરવાના?***

# NanoNine® શબ્દ રમત-૨૧૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | ૪ | | | ૫ | ૬ | | |
| ૭ | | | | ૮ | | | ૯ | | | | ૧૦ |
| ૧૧ | | | ૧૨ | | | ૧૩ | | | ૧૪ | ૧૫ | |
| | | ૧૬ | | ૧૭ | ૧૮ | | | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | ૨૩ | | | | ૨૪ | | ૨૫ | | ૨૬ |
| | | | ૨૭ | ૨૮ | | ૨૯ | | | ૩૦ | ૩૧ | |
| ૩૨ | | ૩૩ | | ૩૪ | | | ૩૫ | ૩૬ | | | |
| | | ૩૭ | ૩૮ | | | ૩૯ | | ૪૦ | ૪૧ | | ૪૨ |
| ૪૩ | ૪૪ | | | | ૪૫ | | ૪૬ | | | | |
| ૪૭ | | ૪૮ | | ૪૯ | | | ૫૦ | | | ૫૧ | |
| | | ૫૨ | ૫૩ | | | ૫૪ | | | ૫૫ | | |
| | ૫૬ | | | | ૫૭ | | | | ૫૮ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૪-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

## આડી ચાવીઓ

૧. પૈસો, નાણું, સોનું, કસબ (૨)
૩. પ્રશ્ન (૩)
૫. તપ કરનાર, તપસ્વી (૩)
૭. જળાશય, નિપાન (૩)
૮. લગ્નમાં વર સાથે જનારાઓનો સમૂહ (૨)
૯. બીજું, ભિન્ન, ઓરમાન, સાવકું (૩)
૧૧. માણસ (૨)
૧૨. ઔષધ (૨)
૧૩. સાધન કે વસ્ત્રોથી તૈયાર થયેલું (૨)
૧૪. નાનું સરોવર (૩)
૧૭. પેટીસ સાથે ખવાય, ______ પેટીસ (૩)
૨૦. એક તેલીબિયું (૨)
૨૧. વ્યાયામ (૪)
૨૪. ફાનસની બત્તીનું રક્ષણ કરનાર ગોળો (૩)
૨૭. શુક્લ પક્ષ (૨)
૨૯. કિંમત, દર (૨)
૩૦. ઘટ, ખોટ (૩)
૩૨. ઈચ્છા, ખુશી (૩)
૩૪. દારૂ ગાળવાનું સ્થળ, બજાર, થાણું, તડને ______ (૨)
૩૫. મીટ, અનિમેષ નજર (૨)
૩૭. પ્રાણ જાય પર ______ ન જાય (૩)
૪૦. અસ્તવ્યસ્ત, છૂટુંછવાયું (૪)
૪૩. ભેગું કરેલું, એકઠું થયેલું (૨)
૪૫. પાક, મોસમ (અ) (૩)
૪૭. શોક, રડાકૂટ (ફા) (૩)
૪૯. બંધી, નિષેધ (૨)
૫૦. મંત્ર, તંત્ર કે હાથ ચાલાકીનું કામ (૨)
૫૧. જમણની ચીજ, ગેરૂ, મડદાની રાખ (૨)
૫૨. કવિતા (અ), તારો, સિતારો (૩)
૫૪. પ્યાલો (ફા), જામફળ, પ્રહર (૨)
૫૫. ______ સે મજબૂર (૩)
૫૬. ઝાડ કે જમીનનું પોલાણ (૩)
૫૭. જેવી ______ તેવી ભરણી (૩)
૫૮. ______ હોય તો માળવે જવાય (૨)

## ઊભી ચાવીઓ

૧. જય ______, જય કિસાન (૩)
૨. રેતીનું મેદાન, લડાઈનું મેદાન (૨)
૩. સજા કરવા યોગ્ય (૪)
૪. વર્ણ, રંગ (૨)
૫. તડકો, ગરમી (૨)
૬. પાછું આપવું તે (૩)
૭. પાસે, નજીક (૪)
૯. નહીં જન્મેલું, અનાદિ, બકરો (૨)
૧૦. નવલકથાનો લેખક (૫)
૧૩. કોહવાટ, બગાડો (૨)
૧૫. પગેથી મારવું તે (૨)
૧૬. પાણી, જલ (૨)
૧૮. સાંકડી શેરી (૨)
૧૯. મીણ (ફા), આજકાલ મમ્મીને લાડથી કહે છે (૨)
૨૨. પવન (૩)
૨૩. ઈંચ જેટલું માપ (૨)
૨૪. કાળજી (૩)
૨૫. પાણી જવાનો રસ્તો (૨)
૨૬. મોટર (ઈં) (૨)
૨૮. મડદાને દાટવું તે (૩)
૩૧. પ્રધાન, મંત્રી, વજીર (૩)
૩૨. માથાફોડ (૫)
૩૩. શરીરનું ચેતન, તત્ત્વ, પ્રાણ (૨)
૩૬. સરોવર (૨)
૩૮. ખ્રિસ્તીઓનું મંદિર (૨)
૩૯. અતિશય તરસ, ગળે પડતી સૂક, ટામેટાની ચટણી (૨)
૪૧. નવું (૨)
૪૨. માખણ (૪)
૪૪. માતા, મા (૨)
૪૫. નાશ પામેલું, પાયમાલ (૨)
૪૬. આ છોડને અડવાથી તેના પાન સંકોચાઈ જાય (૪)
૪૮. મનુષ્ય તરીકેની જિંદગી (૩)
૪૯. બાળ ભાષામાં ખાવાનું (૨)
૫૧. વગાડવું તે (૩)
૫૩. પાણી, નીર (૨)
૫૪. એક ધાન્ય, જુવાર, બરણી (૨)
૫૫. કેરી (૨)

*જ્યોતિ એલ. શાહ તરફથી નેનો નાઈન સુડોકુ ક્રમાંક-૧૧૭૩ ફેબ્રુઆરી-૨૦૨૫ના જવાબ સમય મર્યાદા પછી મળેલ છે.*

*નોંધ : શબ્દ રમત તથા સુડોકુની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિર્ધારીત કરેલ સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૧૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘ | ડ | વો | ■ | અ | શ | ર | ફી | ■ | સ | ■ | લા |
| રા | મ | ■ | મ | દા | ર | ■ | ર | ગ | ડો | ■ | લ |
| ક | રો | ■ | વા | લ | ■ | લ | કી | ર | ■ | પા | ન |
| ■ | ■ | પ | લી | ત | ■ | ટા | ■ | દ | વા | ■ | પા |
| ક | રં | ટ | ■ | ■ | વ | ર | દા | ન | ■ | ■ | લ |
| પા | ■ | વા | તા | ય | ન | ■ | ની | ■ | ■ | અ | ન |
| સ | વા | રી | ■ | ર | વા | ના | ■ | પુ | કા | ર | ■ |
| ■ | દ | ■ | દિ | વ | સ | ■ | ક | લા | કા | ર | ■ |
| કા | ળ | જી | ■ | ડા | ■ | યા | દ | વ | ■ | ■ | ચ |
| વા | ■ | વ | ત્સ | ■ | ■ | ■ | ર | ■ | બ | દ | બૂ |
| દા | વ | ત | ■ | આ | વ | ર | દા | ■ | ■ | હે | ત |
| વા | ન | ર | ■ | ગ | ર | દ | ન | ■ | બા | જ | રો |

*ફેબ્રુઆરી-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. શાંતિલાલ લાલકા – હુબલી (કર્ણાટક)
૩. નવલ નીસર – સુરત
૪. ગુણવંતી ડાઘા – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. રીદ્ધિ પરીખ – અમદાવાદ
૮. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૯. ઝરણા પારેખ – અમદાવાદ
૧૦. નેહા પારેખ – અમદાવાદ
૧૧. ચેતના મહેશ્વરી – આદિપુર, કચ્છ
૧૨. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૩. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૪. દમયંતી દંડ – અમદાવાદ
૧૫. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૬. પ્રભા શેઠિયા – વલસાડ
૧૭. મહેન્દ્ર શાહ – અમદાવાદ
૧૮. કામિની શેઠ – અમદાવાદ
૧૯. કંચનબેન મોરબિયા – ભુજ, કચ્છ
૨૦. પારૂલ સાવલા – અમદાવાદ
૨૧. લીના લોડાયા – વડોદરા
૨૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૨૩. લક્ષ્મી ખત્રી – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૭૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) ગુણવંતી ડાઘા – અમદાવાદ
(૨) ચેતના મહેશ્વરી – આદિપુર, કચ્છ
(૩) અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ

*“પરિવાર” હોય કે “સંગઠન” –*
*એકબીજાના વિચારોને સાંભળવા અને તેને સન્માન આપવું એ સફળતાનો રાજ છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ દંડ**
પ્રમુખશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## NanoNine® Sudoku

**ફેબ્રુઆરી-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૩ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. રોનકબેન શેખ – અમદાવાદ
૨. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૩. લુબનાબેન શેખ – અમદાવાદ
૪. નીલોફર શેખ – અમદાવાદ
૫. ચંદ્રા શાહ – અમદાવાદ
૬. સ્મિતા શાહ – અમદાવાદ
૭. અજય રાણા – અમદાવાદ
૮. નીરવ જાદવ – અમદાવાદ
૯. નરેશ શાહ – ગાંધીનગર
૧૦. ધીરલ શાહ – ગાંધીનગર
૧૧. આશિષ પરીખ – અમદાવાદ
૧૨. વીણા વોરા – ગાંધીનગર
૧૩. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૪. ઝરણા પારેખ – અમદાવાદ
૧૫. નેહા પારેખ – અમદાવાદ
૧૬. પ્રભાતસિંહ ચૌહાણ – સાઉથ બોપલ, અમદાવાદ
૧૭. ચેતના મહેશ્વરી – આદિપુર, કચ્છ
૧૮. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૯. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૨૦. માનસી શાહ – અમદાવાદ
૨૧. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૨. પ્રભા શેઠિયા – વલસાડ
૨૩. મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨૪. નયના કારાણી – અમદાવાદ
૨૫. કામિની શેઠ – અમદાવાદ
૨૬. સુશાંત સાવલા – અમદાવાદ
૨૭. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૮. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૯. નયના ગોગરી – અમદાવાદ
૩૦. દિનેશકુમાર વોરા – અમદાવાદ
૩૧. અમી હાર્દિક સંઘવી – ગાંધીનગર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

<u>વિજેતા</u> : (૧) આશિષ પરીખ – અમદાવાદ
(૨) પ્રતાપસિંહ ચૌહાણ – સાઉથ બોપલ
(૩) માનસી શાહ – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૫અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૪-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૭૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | 7 | | | | | | |
| | 9 | | | | 3 | 6 | 5 | 1 |
| | | 3 | 8 | 5 | 2 | | 9 | |
| 4 | 7 | | 5 | | 9 | 3 | | |
| | | 8 | | 4 | | 9 | | |
| | | 6 | 3 | | | | 4 | 2 |
| | 2 | | 1 | 8 | 7 | | | |
| | 1 | 9 | 6 | | | | 2 | |
| 6 | | | | | | 1 | 7 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 4 | | 7 | 2 | | | 9 |
| | | 3 | | 9 | | | 5 | |
| 5 | | | | | 3 | | 6 | 7 |
| | | 8 | 3 | | 7 | | 9 | |
| | 6 | 7 | | | | 5 | 3 | |
| 2 | 3 | | 9 | | 6 | 8 | | |
| 8 | 4 | | 2 | | | | | 3 |
| | 9 | | | 1 | | 6 | | |
| 1 | | | 8 | 3 | | 9 | | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 1 | 5 | | 7 | 3 | | |
| 2 | | | 8 | | | 4 | | 9 |
| | | 9 | | | 2 | | | 1 |
| 1 | | | | | 3 | 9 | 7 | |
| | 9 | | 6 | 1 | | | 2 | |
| | 2 | 5 | 9 | | | | | 4 |
| 8 | 5 | | 7 | | | 1 | | |
| | | 7 | | | 6 | | | 5 |
| 9 | | | | 2 | 5 | 8 | 3 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 4 | | | 5 | | 3 |
| | | | | | 6 | 8 | 9 | |
| 3 | 8 | 9 | 5 | | 2 | | | |
| 5 | 6 | | | 8 | | | 2 | |
| 2 | | | | 3 | | | | 5 |
| | 1 | | | 4 | 5 | | 6 | 9 |
| | | | 9 | | | | 5 | 4 |
| | 4 | 5 | 7 | | | 9 | | |
| 9 | | 2 | | 5 | 4 | 7 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 8 | 3 | 4 | 5 | 6 | 9 | 2 | 1 |
| 2 | 6 | 5 | 8 | 9 | 1 | 3 | 4 | 7 |
| 4 | 1 | 9 | 7 | 2 | 3 | 8 | 6 | 5 |
| 1 | 3 | 7 | 5 | 8 | 4 | 2 | 9 | 6 |
| 8 | 9 | 2 | 1 | 6 | 7 | 4 | 5 | 3 |
| 5 | 4 | 6 | 2 | 3 | 9 | 1 | 7 | 8 |
| 3 | 2 | 8 | 9 | 7 | 5 | 6 | 1 | 4 |
| 6 | 5 | 1 | 3 | 4 | 2 | 7 | 8 | 9 |
| 9 | 7 | 4 | 6 | 1 | 8 | 5 | 3 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 4 | 5 | 7 | 1 | 6 | 9 | 3 |
| 7 | 9 | 5 | 8 | 3 | 6 | 2 | 1 | 4 |
| 6 | 3 | 1 | 4 | 2 | 9 | 5 | 8 | 7 |
| 8 | 1 | 6 | 7 | 5 | 4 | 3 | 2 | 9 |
| 9 | 4 | 2 | 3 | 1 | 8 | 7 | 5 | 6 |
| 5 | 7 | 3 | 9 | 6 | 2 | 8 | 4 | 1 |
| 3 | 2 | 7 | 1 | 4 | 5 | 9 | 6 | 8 |
| 1 | 6 | 9 | 2 | 8 | 7 | 4 | 3 | 5 |
| 4 | 5 | 8 | 6 | 9 | 3 | 1 | 7 | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 1 | 5 | 9 | 6 | 7 | 8 | 4 |
| 4 | 6 | 7 | 3 | 2 | 8 | 1 | 9 | 5 |
| 9 | 5 | 8 | 1 | 4 | 7 | 3 | 2 | 6 |
| 1 | 2 | 9 | 7 | 8 | 5 | 4 | 6 | 3 |
| 6 | 7 | 4 | 2 | 3 | 1 | 8 | 5 | 9 |
| 5 | 8 | 3 | 4 | 6 | 9 | 2 | 7 | 1 |
| 8 | 4 | 2 | 6 | 5 | 3 | 9 | 1 | 7 |
| 7 | 9 | 6 | 8 | 1 | 4 | 5 | 3 | 2 |
| 3 | 1 | 5 | 9 | 7 | 2 | 6 | 4 | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 6 | 3 | 9 | 7 | 8 | 1 | 2 |
| 3 | 2 | 9 | 8 | 1 | 5 | 6 | 7 | 4 |
| 8 | 1 | 7 | 2 | 6 | 4 | 9 | 3 | 5 |
| 9 | 3 | 2 | 6 | 4 | 8 | 1 | 5 | 7 |
| 5 | 6 | 1 | 7 | 3 | 9 | 4 | 2 | 8 |
| 7 | 8 | 4 | 1 | 5 | 2 | 3 | 6 | 9 |
| 6 | 9 | 8 | 5 | 2 | 3 | 7 | 4 | 1 |
| 2 | 4 | 3 | 9 | 7 | 1 | 5 | 8 | 6 |
| 1 | 7 | 5 | 4 | 8 | 6 | 2 | 9 | 3 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
(+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# અતીતના ઓવારેથી.... : મણકો-૨૦

*'અતીતના ઓવારેથી'ના મણકા-૨૦ના આ વિભાગમાં ':*

*(૧) મંગલ મંદિર' ઓક્ટોબર-૨૦૦૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ નીચે મુજબનો લેખે અહીં ફરીથી પ્રસારિત કરીએ છીએ : "સ્પેસ શટલ ડિસ્કવરી"*
*આ લેખમાં વૈજ્ઞાનિક માહિતી મળી રહેશે.*

*(૨) ઉપરાંત 'મંગલ મંદિર' મે-૨૦૦૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ "મુંબઈ અતિથિ ભવન" અંગેનો એક લેખ પણ અહીં ફરીથી પ્રસારિત કરીએ છીએ.*
*આ લેખમાં મુંબઈ અતિથિ ભવન અંગેની એ સમયે તૈયાર કરેલ વિગતોનો ખ્યાલ આવશે.*

*– તંત્રી મંડળ*

## સ્પેસ શટલ "ડિસ્કવરી"

● વિશાલ મહેન્દ્ર વિશનજી શાહ ●

સ્પેસ શટલ ડિસ્કવરી નાસા દ્વારા પૃથ્વીનું ભ્રમણ કરીને અવકાશમાંથી પાછા ફરવા માટે બનાવેલ યંત્ર છે જેને નાસાએ NASA ORBIT VERTICAL 04-103 નંબર આપેલ છે.

ડિસ્કવરીનું પહેલું ઉડાન તા. ૩૦-૮-૧૯૮૪ના રોજ થયું હતું અને તે નાસાનું ચોથું સ્પેસ શટલ હતું. આજની તારીખમાં કામ કરતું આ સૌથી જૂનું સ્પેસ શટલ છે અને તે લગભગ ૨૦૧૦ની સાલમાં રીટાયર એટલે કે કામ કરતું બંધ થશે.

ડિસ્કવરીએ ૩૧ વાર અવકાશમાં ઉડાન કર્યું છે. તેણે ૨૪૧.૯૬ દિવસ અવકાશમાં રહીને, પૃથ્વીને ફરતી ૩૮૦૮ વાર પ્રદક્ષિણા કરીને કુલ ૧૫,૮૮,૫૯,૪૨૯ કિ.મી.નું અંતર જુલાઈ ૨૦૦૫ સુધીમાં કાપ્યું હતું.

આજ સુધી ભ્રમણ કક્ષામાં રહીને મહત્ત્વની કામગીરીમાં HUBBLE SPACE TELESCOPEની સ્થાપના કરી, ULESS PROBE અને ત્રણ TDRS સેટેલાઈટની ભ્રમણ કક્ષામાં સ્થાપના કરી છે. આ ઉપરાંત "ચેલેન્જર સ્પેસ શટલ" અને "કોલંબિયા સ્પેસ શટલ"ના નાશ પામ્યા પછી ડિસ્કવરી, એ પહેલું ઉડાન છે.

આ વખતનું ડિસ્કવરી (STS-114)નું ઉડાન કેનેડી સ્પેસ સેન્ટર ફ્લોરીડાથી તા. ૨૬-૭-૨૦૦૫ના રોજ "કોલંબિયા સ્પેસ શટલ"ની ફેબ્રુઆરી ૨૦૦૩ના દુર્ઘટનાગ્રસ્ત થયા પછીનું અવકાશમાં આ પહેલું ઉડાન હતું. ઉડાન પછી તેની બળતણની ટાંકી અવકાશમા છૂટી પડી તે મુખ્ય સ્પેસ શટલ જોડે અથડાઈ હતી. તેના કારણે ઈન્સ્યુલેશન ફોમને ઈજા થઈ હતી. પણ ઉતરાણ વખતે આ ખામીના કારણે પરેશાની થઈ નહોતી. તા. ૭-૮-૨૦૦૫ના રોજ "સ્પેસ શટલ" પાછા આવવાની તારીખ હતી પણ ખરાબ વાતાવરણના કારણે તેણે તા. ૯-૮-૨૦૦૫ના રોજ એડવર્ડ એરફોર્સ બેઝ પર ઉતરાણ કર્યું હતું.

### ● ડિસ્કવરીના ઉડાનનો હેતુ :

કોલંબિયા સ્પેસ શટલની દુર્ઘટના બાદ અવકાશ સ્થિત આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર તેને જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાની હતી. તે ઉપરાંત શટલના ઉડાન દરમિયાન થતી તકલીફો, તેના આવરણ પડ ઉપર થતી નુકસાની અથવા બહારની બાજુમાં કોઈ નુકસાની થાય તો તે ચકાસી શકાય તેમજ તેને રીપેર કરી શકાય તે માટેના નવા સાધનોની ચકાસણી કરવી તેમજ શટલની સલામતી માટે નવા ફેરફાર કરવાની જરૂરત હોય તો તે જોવું. ૫૦ ફુટ લાંબા રીમોટ મેન્યુપ્લેટર સિસ્ટમ પર લગાવેલ ઓર્બિટલ બુમ સેન્સર સિસ્ટમની ચકાસણી કરવી હતી. આ સેન્સર સિસ્ટમમાં રહેલ લેસર ડાયનેમિક રેંજ ઈમેજરથી સ્પેસ શટલની થર્મલ પ્રોટેક્શન સિસ્ટમની ચકાસણી થઈ શકતી હતી કારણકે પૃથ્વી પર તેના ઉતરાણ સમયે અવકાશમાંથી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ વખતે ઘર્ષણના કારણે તાપમાન ૧૬૦૦ ડિગ્રી સેલ્સિયસથી ૨૦૦૦ ડિગ્રી સેલ્સિયસનું થાય છે. આના કારણે સ્પેસ શટલ પર કોઈ નુકસાન થાય છે કે કેમ? તથા અંદર રહેલા અવકાશયાત્રીઓને ઊંચા તાપમાનને કારણે થતી અસર આ સેન્સરના કારણે જાણી શકાય છે તેમજ ચકાસણી થઈ શકે છે. ઉપરાંત આ સેન્સરથી શટલની પાંખ, નાક તથા બીજા બહારના ભાગ પણ જોઈ શકાય છે.

સ્પેસ સ્ટેશનને લગતી અન્ય કામગીરીમાં સ્પેસ સ્ટેશનમાં

રહેલ યાત્રીઓના ઉપયોગમાં આવતો સામગ્રીનો પુરવઠો પૂરો પાડવો, શટલનો બગડી ગયેલો કન્ટ્રોલ મુવમેન્ટ ગાયરોસ્કોપ (CMGS)ને બદલાવવો, સ્પેસ શટલના બાંધકામને લગતો સામાન પહોંચાડવો, તે ઉપરાંત મલ્ટી પરપઝ લોજિસ્ટીક મોડ્યુલ તથા એક્સ્ટર્નલ સ્ટોરેજ પ્લેટફોર્મ-૨ પહોંચાડવાનો હતો.

સ્પેસના ચાલક દળોના યાત્રીઓએ અવકાશમાં ત્રણ વખત 'સ્પેસ વોક' કર્યા હતા. પહેલીવાર અવકાશયાનના થર્મલ પ્રોટેક્શન સિસ્ટમને રિપેર કરવા, બીજી વાર CMGS બદલાવવા અને ત્રીજી વાર એક્સ્ટર્નલ સ્ટોરેજ પ્લેટફોર્મ-૨ લગાવવા કર્યા હતા. તેમજ સ્પેસ સ્ટેશન ફરતે ચક્કર લગાવીને સ્પેસ સ્ટેશનના બધી બાજુએથી ફોટાઓ પાડ્યા હતા.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પગરણ માંડે છે "મુંબઈ ખાતે એક અદ્યતન અતિથિ ભવન"ના

**આ અતિથિ ભવન ૨૪ કલાક ખુલ્લું રહેનાર છે**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ હવે મુંબઈ ખાતે એક અદ્યતન અતિથિ ભવનની સ્થાપના કરવાની યોજનામાં આગળ વધી રહેલ છે. જે રીતે અમદાવાદ ખાતે આ સમાજે વિવિધ અને અદ્યતન અતિથિ ભવન ઊભા કરેલ છે એ જ રીતે મુંબઈ ખાતે આ પ્રકારનું એક અતિથિ ભવન ઊભું કરવું એવી આશા છેલ્લા કેટલાક સમયથી આ સમાજ તરફથી વ્યક્ત કરવામાં આવેલ હતી. આ પ્રકારનું એક અતિથિ ભવન મુંબઈમાં હોવું જોઈએ અને તેની ખૂબ જ જરૂરિયાત છે તેવા સંદેશાઓ ભારતભરના અન્ય શહેરોમાં વસવાટ કરતા અનેક કચ્છી જૈન સમાજોએ આ અગાઉ અમારા પર મોકલી આપેલ હતા. તેઓએ આ પ્રોજેક્ટમાં પોતાનો પૂરેપૂરો સાથ-સહકાર રહેશે તેવી ખાતરી પણ અવારનવાર ઉચ્ચારેલ હતી. મુંબઈ સ્થિત વિવિધ કચ્છી જૈન સમાજો અને કુટુંબો તરફથી પણ આ અંગેના પ્રોત્સાહજનક સમાચારો અમને સાંપડતા હતા. હૈદ્રાબાદ સ્થિત એક કચ્છી જૈન ઉદ્યોગપતિશ્રીએ આ સૂચિત પ્રોજેક્ટની ઘણા સમય અગાઉ વિગત જાણી ત્યારે અમને પ્રોત્સાહિત કરવા રૂ. ૧૧/- લાખની લોનની ઑફર પણ અમારા પર મોકલી આપેલ હતી.

**રેલવે સ્ટેશને ઉતરીને મુંબઈના ટૂંક રોકાણ દરમ્યાન રહેવા માટે આપશ્રી સીધા અતિથિ ભવન પર આવી શકશો.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા મુંબઈમાં આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવા સમાજના એક ટ્રસ્ટી શ્રી મૂળજી નરશી શાહના કન્વીનરપણા હેઠળ અગાઉ એક સમિતિની રચના કરવામાં આવેલ હતી. જેના અન્ય સભ્યોમાં (૧) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, (૨) શ્રી પ્રતાપ નારાણજી દંડ, (૩) શ્રી જગશી જેઠાભાઈ છેડા, (૪) શ્રી બિપિનભાઈ કાનજી જૈન, (૫) શ્રી હીરજી પાસુ શાહ, (૬) શ્રી મણિલાલ કુંવરજી ગોસર તથા (૭) શ્રી બંસીલાલ મગનલાલ ગડાનો સમાવેશ કરવામાં આવેલ હતો.

**આ અતિથિ ભવનમાં અદ્યતન સગવડવાળા ૩૦થી વધુ ડબલ બેડવાળા રૂમો, ડોરમેટરી તથા ડાઈનિંગ હોલની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવશે.**

આ સમિતિ છેલ્લા કેટલાક સમયથી અતિથિ ભવનને અનુરૂપ જમીન સંપાદિત કરવા પ્રયાસ કરી રહેલ હતી. મ્હાડાની સ્લમ ક્લિયરન્સ યોજનાના સેલેબલ બિલ્ડિંગ માટે અથવા તો અન્ય અનુકૂળ જગ્યા માટે પણ આ સમિતિએ સારા એવા પ્રયાસ કરેલ હતા પરંતુ અત્યાર લગી આ કાર્ય પાર પાડી શકાયેલ ન હતું.

અમને જણાવતાં ખુશી થાય છે કે ગત તા. ૧૧-૪-૦૭ના આ અંગે જરૂરી નિર્ણય લેવાઈ ગયેલ છે અને આ અંગેના બાનાખત પર વેચનાર પાર્ટી સાથે જાણીતા કચ્છી સોલીસીટર શ્રી એલ. ડી. શાહના સુપુત્ર શ્રી શશાંકભાઈની મદદથી સહી-સિક્કા કરી દેવામાં આવેલ છે. આ માટે મ્હાડાની સ્લમ ક્લિયરન્સ યોજના હેઠળની શ્રી સુંદર કમલાનગર કો.ઓ.હા.સો. લિમિટેડ, ભાઉદાજી રોડ, શાસ્ત્રી ગલી (માનવ સેવા સમાજ હોલની પાછળ), સાયન (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨ના કમ્પોઝિટ બિલ્ડિંગમાં પાંચ માળના સેલેબલ બિલ્ડિંગનો બીજો, ત્રીજો, ચોથો અને પાંચમો એમ ચાર માળ વેચાણે લઈ લેવામાં આવેલ છે. દરેક માળ પર અદ્યતન પ્રકારની તમામ સુવિધાવાળા ૯ રૂમ બનાવવામાં આવનાર છે. આ યોજનાના બિલ્ડર શ્રી પૂનમચંદભાઈ નેણશી બાબરિયા કે જેઓ પણ કચ્છી જૈન છે અને કચ્છ - રાપરના વતની છે, તેઓએ ખૂબ જ કિફાયત દરે આપણને આ પ્રોજેક્ટ માટે મકાન આપી સંપૂર્ણ સહકાર આપેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "મુંબઈ અતિથિ ભવન - જમીન સંપાદન સમિતિ"ના એક સભ્ય શ્રી બંસીલાલ

મગનલાલ ગડા સાથે તેઓશ્રી નજદીકી નાતો ધરાવે છે.

યોજના પ્રમાણે આ મકાન લગભગ દોઢેક વર્ષમાં તૈયાર કરી દેવામાં આવનાર છે અને ત્યારબાદ તેનો ઉપયોગ ટૂંક સમય માટે મુંબઈ આવતા કોઈપણ કચ્છી જૈન કરી શકશે. મુંબઈ સ્થિત કચ્છી જૈનોને ત્યાં પ્રસંગ હોય અને આ પ્રસંગે તેમને ત્યાં બહારગામથી મહેમાનો પધારવાના હોય તેવા સંજોગોમાં મુંબઈ સ્થિત કચ્છી જૈનો પણ આ મકાનમાં જરૂરી રૂમો રાખી, ત્યાં પોતાના મહેમાનો માટે રહેવાની અદ્યતન સગવડનો લાભ લઈ શકશે. આ વિસ્તારમાં અનેક વાડી તથા હોલ અસ્તિત્વ ધરાવે છે, જ્યાં અવારનવાર લગ્ન સમારંભો તથા અન્ય પ્રસંગો ઉજવાતા હોય છે.

> ***મુંબઈના કચ્છી જૈનોના ઘરમાં જ્યારે શુભ પ્રસંગ હોય ત્યારે બહારગામથી પધારતા પોતાના મહેમાનોને રહેવા અહીં સગવડતા ઉપલબ્ધ થઈ શકશે. અતિથિ ભવનની આજુબાજુના વિસ્તારમાં અનેક હોલ આવેલ છે.***

આ અતિથિ ભવન ૨૪ કલાક ખૂલ્લું રાખવામાં આવશે. જેમાં જરૂરી રૂમો ઉપરાંત ડોરમેટરી, કીચન, ડાઈનિંગ હોલ, ઓફિસ, સ્ટોર્સ રૂમ વગેરેની સગવડ ઉપલબ્ધ કરવામાં આવશે. અમને જણાવતાં હર્ષ થાય છે કે મુંબઈના કચ્છી જૈનોમાં કદાચ આ પ્રકારનો આ પ્રથમ પ્રોજેક્ટ હશે અને તે જાહેર જનતાને ખૂબ જ આશીર્વાદરૂપ બની રહેશે તેવી ધારણા વ્યક્ત કરવામાં આવે છે.

આ સાથે આ મકાનના દરેક ફ્લોરનો ટીપિકલ પ્લાન રજૂ કરવામાં આવેલ છે કે જેથી સહુને આ યોજનાનો ખ્યાલ આવી શકે.

અગાઉ અન્ય પ્રોજેક્ટના સમયે જે પધ્ધતિનો સફળ ઉપયોગ કરવામાં આવેલ છે તે પ્રકારની પધ્ધતિ અનુસાર, આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા પ્રથમ વિવિધ કચ્છી જૈનો પાસેથી બાર માસની વગર વ્યાજની લોન મેળવવામાં આવશે કે જેથી બિલ્ડરને સમયસર નાણાં ચૂકવી શકાય. અમને જણાવતાં હર્ષ થાય છે કે આ લોન યોજનામાં અત્યાર સુધી અમને શ્રી નેણશી લધા ગાલા - મુંબઈ, શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા - હૈદ્રાબાદ, શ્રી વલમજી ભાણજી ગડા - મુંબઈ, શ્રી ચંપકલાલ ધનજી હરિયા - વાપી, શ્રી રવજી મોરારજી લાલન - કોઈમ્બતુર, શ્રી ગુણવંત મગનલાલ શાહ - મુંબઈ, શ્રી છગનલાલ સાકરચંદ શાહ પરિવાર - અમદાવાદ, શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા પરિવાર - અમદાવાદ, શ્રી નવભારત સાહિત્ય મંદિર - અમદાવાદ, શ્રી જયંતભાઈ સોની - મુંબઈ તથા અન્ય દાનવીરશ્રીઓનો સહકાર સાંપડી ચૂકેલ છે. આ લોન યોજનામાં સહકાર મેળવવા અંગે જ્યારે અમારા કાર્યકરો, આપશ્રીનો રૂબરૂ સંપર્ક સાધે ત્યારે એમને જરૂરી સાથ - સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ માટે આ સમાજને બાર માસ કે તેથી વધુ સમય માટે રૂા. ૧૦ લાખ કે તેથી વધુ રકમની લોન આપનારને "પાયાના પથ્થર" સમાન ગણવામાં આવશે અને તેઓશ્રીના નામો ભવિષ્યમાં હંમેશને માટે આ પ્રોજેક્ટમાં કોઈ




(Scale 1:100)

## ટીપિકલ ફલોર પ્લાન

એક સારી જગ્યાએ પ્રસારિત કરવામાં આવશે.

રવિવાર તા. ૮-૪-૦૭ના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મિટિંગ મળેલ હતી કે જેમાં આ અતિથિ ભવન માટે વિવિધ નકરાઓની નીચે મુજબની એક યોજના મંજૂર કરવામાં આવેલ હતી.

**અતિથિ ભવનના નકરાઓની યોજના :**

- **અતિથિ ભવનના મુખ્ય નામની તક્તી માટે — રૂા. ૨,૦૦,૦૦,૦૦૦/- (રૂા. બે કરોડ)**
- **અતિથિ ભવનના દ્વિતીય માળની તક્તી માટે — રૂા. ૬૧,૦૦,૦૦૦/- (રૂા. એકસઠ લાખ)**
- **અતિથિ ભવનના તૃતીય માળની તક્તી માટે — રૂા. ૫૧,૦૦,૦૦૦/- (રૂા. એક્કાવન લાખ)**
- **અતિથિ ભવનના ચોથા માળની તક્તી માટે — રૂા. ૪૧,૦૦,૦૦૦/- (રૂા. એકતાલીસ લાખ)**
- **અતિથિ ભવનના પાંચમા માળની તક્તી માટે — રૂા. ૩૧,૦૦,૦૦૦/- (રૂા. એકત્રીસ લાખ)**
- **ભોજનાલય (ડાઇનીંગ હોલ) પરના નામની તક્તી માટે — રૂા. ૨૧,૦૦,૦૦૦/- (રૂા. એકવીસ લાખ)**
- **ઓફિસ રૂમ પર નામની તક્તી માટે — રૂા. ૧૧,૦૦,૦૦૦/- (રૂા. અગિયાર લાખ)**
- **દરેક રૂમ પરના નામની તક્તી માટે (૩૨ રૂમ) — રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂા. પાંચ લાખ)**
- **ભોજનાલયની અંદર ફર્નીચરના નામની તક્તી માટે — રૂા. ૨,૫૧,૦૦૦/- (રૂા. બે લાખ એકાવન હજાર)**
- **ઓફિસ રૂમની અંદર ફર્નીચરના નામની તક્તી માટે — રૂા. ૧,૫૧,૦૦૦/- (રૂા. એક લાખ એકાવન હજાર)**
- **દરેક રૂમની અંદર ફર્નીચરના નામની તક્તી માટે — રૂા. ૧,૨૧,૦૦૦/- (રૂા. એક લાખ એકવીસ હજાર)**
- **આ પ્રોજેક્ટના "સન્માનનીય દાતા"ના નામ માટે — રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ)**
- **આ પ્રોજેક્ટના "સૌજન્ય દાતા"ના નામ માટે — રૂા. ૫૧,૦૦૦/- (રૂા. એકાવન હજાર)**
- **આ પ્રોજેક્ટના "શુભેચ્છક દાતા"ના નામ માટે — રૂા. ૨૫,૦૦૦/- (રૂા. પચ્ચીસ હજાર)**

સન્માનનીય દાતા, સૌજન્ય દાતા અને શુભેચ્છક દાતાના અલગ અલગ ત્રણ બોર્ડ બનાવવામાં આવશે અને તે બોર્ડને હંમેશને માટે આ અતિથિ ભવનમાં કોઈ અનુકૂળ જગ્યાએ પ્રસારિત કરવામાં આવશે.

ભારતભરના અલગ અલગ શહેરોમાં વસતા દરેક કચ્છી જૈન કુટુંબોને આ યોજનામાં ઉત્સાહભેર ભાગ લઈ અમને સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે. આપશ્રીના સહકારથી જ આ પ્રોજેક્ટ સમયબધ્ધ રીતે પૂરો કરી શકાશે. ચેક અથવા ડ્રાફ્ટ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો લખી મોકલવા વિનંતી.

*આપના જ વિશ્વાસુઓ*

**ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા (મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ)**

**પ્રતાપ નારાણજી દંડ (માનદ્ મંત્રી)**

**નરેન્દ્ર છગનલાલ શાહ (કન્વીનર - ફંડ રેઇઝીંગ સમિતિ)**

**ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સભ્યો**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*સુખી થવાની ચાવી :*

*પાપ થાય તેવું કમાવું નહીં,*
*માંદા પડીએ તેવું ખાવું નહીં,*
*દેવું થાય તેવું ખર્ચવું નહીં*
*અને લડાઈ થાય તેવું બોલવું નહીં.*

*ભગવાન કહે છે :*

*'હે માનવ, તું જે ઈચ્છે, તે જ કરે છે.*
*પરંતુ થાય એ છે કે જે હું ઈચ્છું છું.*
*હું ઈચ્છું છું તેવું કરવાનું તું નક્કી કર,*
*પછી તું જે ઈચ્છે છે તે જ થશે.*

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૪

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. હોળીના તહેવારોમાં ગુલાલના રંગ ત્રણ હોય છે. તથા ચિત્રમાં પિચકારી ____________ છે. (ત્રણ, ચાર, પાંચ)

૨. "મંગલ મંદિર વસંતઋતુમાં પાંગરતી પ્રકૃતિની જેમ પ્રજવલિત થાય છે" – આ પ્રતિભાવ આપનાર ____________ ____________ છે. (અશોકભાઈ મહેતા, અશોકભાઈ શાહ, અશોકભાઈ ત્રિવેદી)

૩. પાણીથી નહાય તે કપડાં બદલી શકે છે... પણ પરસેવે નહાય તે ____________ બદલી શકે છે. (કિસ્મત, જિંદગી, રસ્તો)

૪. કયા મેડિકલ સેન્ટરમાં જાન્યુઆરી માસમાં કુલ ____________ દર્દીઓએ લાભ લીધો હતો. (૯૮૩૨, ૭૭૬૭, ૬૯૯૨)

૫. આરતી ઈન્ડસ્ટ્રીઝના સ્થાપકનું નામ : ____________. (હરખચંદ સાવલા, ચંદ્રકાંત ગોગરી, પ્રફુલ્લચંદ્ર ચાકી)

૬. અમેરિકામાં જે ૨૦૫ ભારતીયો ગેરકાયદેસર ગયા હતા તેમાં ____________ ગુજરાતીઓ હતા. (૫૦, ૪૬, ૩૩)

૭. હું બીજાથી સારું કરું એ ____________ અને હું બીજાનું સારું કરું એ ____________ (અભિમાન અને સેવા, ઈર્ષ્યા અને સંસ્કાર, અદેખાઈ અને ભલાઈ)

૮. કયા દર્દમાં ઈમરજન્સી હોતી નથી? ____________ (હર્નીયા, દાઢ, આંખ)

૯. ભારતના ____________ રાજયને "રાઈટ ટુ ડાઈ"નો અધિકાર મળ્યો છે. (ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર)

૧૦. મહમૂદ ગઝનવીનું દૃષ્ટાંત ____________ ટોપીકમાં આપવામાં આવેલ છે. (સદૈવ સુખની આશા, કડવી ચીરનું સુખ, પૂર્ણ સુખની આશા)

## ● મણકા–૨૩ ના સવાલોના સાચા જવાબો ●

૧. ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલયનો પ્રારંભ બે બંધુ બેલડીએ કર્યો : **શંભુભાઈ** અને **ગોવિંદભાઈ.**
૨. અમદાવાદના પ્રથમ નગરશેઠ **શાંતિદાસ ઝવેરી** હતા.)
૩. અમદાવાદનો ૬૧૫મો જન્મ દિવસ **૨૬-૨** ના હતો.
૪. સમાજના પરિવારના સર્વે રિપોર્ટ મુજબ સમાજના **૧૦** ટકા લોકો ભાડાના મકાનમાં રહે છે.
૫. સુખ વહેંચવા સંગત જોઈએ... દુઃખ વહેંચવા **અંગત** જોઈએ.
૬. સ્ટ્રેસ એટલે મનની ઉર્મિતંત્રની અથવા શરીરની સામનો કરવાની **અસમર્થતા.**
૭. સુનિતા વિલિયમ્સ **૬.૩૦** કલાક માટે સ્પેસથી બહાર રહ્યા.
૮. ઉત્તરાયણના દિવસે અમદાવાદ રીવર ફ્રન્ટના ફ્લાવર શો ની **૧.૩૨** લાખ લોકોએ મુલાકાત લીધી.
૯. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં એક યાત્રિક રૂા. **૧૭,૫૦૦/-** ભૂલી ગયા હતા.
૧૦. આ સંસારમાં દરેક વ્યક્તિને પોતાના જ્ઞાનનું અભિમાન છે પણ કોઈને પોતાના **અભિમાન** નું જ્ઞાન નથી.

***મણકા-૨૩ (મંગલ મંદિર માર્ચ-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૨. રીધ્ધિ પરીખ – અમદાવાદ
૩. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૪. નેહા પારેખ – પાલડી, અમદાવાદ
૫. મીનાક્ષી પારેખ – પાલડી, અમદાવાદ
૬. ઝરણા પારેખ – પાલડી, અમદાવાદ
૭. નરેન્દ્રકુમાર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૮. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૯. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૧૦. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૧. રેખાબેન પરમાર – અમદાવાદ
૧૨. અમરીશ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૧૩. ગિરીશ પોલડિયા – અમદાવાદ
૧૪. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૫. મિત વિપુલ ગોસર – પાલડી, અમદાવાદ
૧૬. જીનલ નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૧૭. અજય અશ્વિનભાઈ રાણા – પાલડી, અમદાવાદ
૧૮. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૯. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨૦. સ્મિતા શાહ – અમદાવાદ
૨૧. મિસીસ ધનલક્ષ્મી કિશોર મોતા – ભાંડુપ (વેસ્ટ), મુંબઈ
૨૨. મુકેશ અમૃતલાલ શાહ – બહેરામપુરા, અમદાવાદ
૨૩. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૨૪. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૨૫. નીરવ મહેન્દ્રભાઈ જાદવ – વેજલપુર, અમદાવાદ
૨૬. અશોક વી. શાહ – ગાંધીનગર
૨૭. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ
૨૮. અલ્કા દિનેશ વોરા – અમદાવાદ
૨૯. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૩૦. કિંજલ દિવ્યેશ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૩૧. દમયંતી દિલીપ દંડ – નારાયણપુરા, અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| ૧. | **રેખાબેન પરમાર** | **– અમદાવાદ** | **મો. ૯૮૨૫૦ ૦૭૫૦૮** |
| ૨. | **રીદ્ધિ પરીખ** | **– અમદાવાદ** | **મો. ૯૬૦૧૩ ૭૪૭૬૬** |
| ૩. | **કિંજલ દિવ્યેશ શેઠ** | **– નવા વાડજ, અમદાવાદ** | **મો. ૯૨૨૮૮ ૫૨૦૫૭** |
| ૪. | **મિત વિપુલ ગોસર** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૪૨૬૭ ૭૫૮૪૨** |
| ૫. | **હેમાબેન જગતકુમાર શાહ** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૬૩૫૪૩ ૧૧૦૮૬** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

# પ્રતિભાવ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે નિર્મિત "કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ" જોઈને આનંદ.... આનંદ થઇ ગયો. અભિનંદન!

મર્યાદિત જગ્યામાં કચ્છની સંસ્કૃતિ પ્રદર્શિત કરવાનો પ્રસંશનીય પુરુષાર્થ છે. આ મ્યુઝીયમ જોવાથી કચ્છ પ્રદર્શનની વિશેષતાઓ જાણવા - સમજવાનું અદમ્ય આકર્ષણ સર્જાય છે.

સંયોગીઓને શુભ કામનાઓ.

***પ્રવીણચંદ્ર ઠક્કર - વડોદરા***

***મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦***

★

'કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ' જોઈને અત્યંત આનંદ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ.

કચ્છની-કચ્છીની અને સમાજની સ્મૃતિને તાજી રાખવા મ્યુઝીયમની આઈટમો ઘણું કહી જાય છે. સ્મૃતિને જીવંત રાખે છે. દાતા પરિવારને પણ પોતાનું દાન લેખે લાગ્યાનો અહેસાસ થાય છે.

આયોજકોને હાર્દિક અભિનંદન...

મ્યુઝીયમમાં પ્રવેશતા સુગંધ, સ્વચ્છતા અને સારી આઈટમોના દર્શનથી આનંદ અનુભવાય છે.

***કુલીનકાંત ચાંપશી લુઢિયા***

***'માનવ જ્યોત' - મુલુંડ (વેસ્ટ), મુંબઈ***

***મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯***

★

**'મંગલ મંદિર' વિવિધ વિષયોના રંગોથી હોળીના રંગબેરંગી રંગોની જેમ રંગાઈ ગયેલ છે**

'મંગલ મંદિર' માર્ચ ૨૦૨૫નાં અંકનું મુખપૃષ્ઠ હોળીના રંગોથી પ્રાસંગિક તહેવાર તથા રંગીન રંગોળી અત્યંત આકર્ષક બનાવે છે. કવર પેઈજની ડિઝીન માટે શ્રી પ્રદીપ મહેતાને અભિનંદન. માંડવીના શ્રી મનુભાઈ શાહ દ્વારા બીદડા સર્વોદય ટ્રસ્ટના ૨ નવા પ્રોજેક્ટ માટે ૨ મિલિયન અમેરિકી ડોલરનું દાન આપ્યું તથા વતન પ્રત્યેનું ઋણ ચૂકવ્યું – જેવા સમાચારો ફ્રન્ટ લાઈન ન્યુઝ કહી શકાય. અદાણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત ચેરીટી કાર્યક્રમમાં કચ્છની દિવ્યાંગ બહેનો માટે સમાજમાં નિ:શુલ્ક ૧૩ રૂમોની વ્યવસ્થા કરી સાચા અર્થમાં સમાજે સારું કાર્ય કરેલ છે. અમરીષ કે. સંઘવી દ્વારા જૈન અપંગ દિવ્યાંગો માટે સમ્મેત શિખરજીની નિ:શુલ્ક યાત્રા પ્રવાસની ઘણી મહત્ત્વની માહિતી આપી. વયસ્ક સમિતિ દ્વારા માતૃભાષા દિન નિમિત્તે ભાષાનું મહત્ત્વ સમજાવેલ છે તે જાણી ધન્યતા અનુભવી. અંગ્રેજી માધ્યમનાં ગાડરિયા પ્રવાહમાં માતૃભાષાને ટકવું તથા ટકાવવું મુશ્કેલ છે. દરેકને પોતાની માતૃભાષાનું ગૌરવ હોવું જોઈએ. ફ્રાન્સ તથા જર્મની જેવા દેશોમાં પોતાની માતૃભાષાને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ ૩૪,૬૯૭ વ્યક્તિઓ હતી, જે ડિસેમ્બર ૨૦૨૪ કરતાં ૧૦૪૮ વધુ વ્યક્તિઓ હતી. જે ગૌરવની બાબત છે. કુમારપાળ દેસાઈની 'કડવી ચીરનું સુખ' પ્રસંગકથા સુંદર સંદેશો આપી જાય છે. એમેઝોન અને ગૂગલે ભારતમાં ટોપની પોસ્ટ પર પ્રીતિ અને દીપા નામની મહિલાઓને બેસાડ્યા – આ સમાચાર વિશ્વ મહિલા દિનની ભેટ ગણી શકાય. દેશ-વિદેશના સમાચારોમાં મહાકુંભ છવાયેલો રહ્યો. જ્ઞાન વિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતી વિભાગમાં ધૂળ અને માટીની ઉપયોગીતા, ડોલ્બી સ્ટીરીયો સિસ્ટમ, ડિજીટલ પેનની ટેકનોલોજી તથા સૂર્ય અંગેની જાણી અજાણી માહિતી પ્રાપ્ત થઈ. પ્રેરણાત્મક પ્રસંગોની શ્રેણી રોમાંચક છે. સરદાર પટેલની બાહોશીના નાના પ્રસંગો, તેમનું વક્તવ્ય, તેમનામાં રહેલ ૩૨ ગુણો તેમની પ્રતિભાને નિખારે છે. સુખના અનુભવની જડીબુટ્ટી માત્ર વાંચવાલાયક જ નહીં પણ અમલીકરણ કરવા યોગ્ય છે. સ્વાધીનતા સંગ્રામના શૂરવીરોની શ્રેણીમાં પ્રફુલ્લચંદ્ર ચાકીની જીવનગાથા તેઓ કેટલા રાષ્ટ્રવાદી હતા તે દર્શાવે છે. ભવેન કચ્છીના વિટંબણા લેખમાં વર્તમાન પ્રશ્નને યોગ્ય રીતે આલેખન કરેલ છે. ઉડીને આંખે વળગે તેવા સુવાક્યો અંકને વધુ સુશોભિત કરે છે. 'સાધુનો ઈન્ટરવ્યુ' તેમજ 'જેટલું આપશો તેના કરતાં વધુ પાછું મેળવશો' લેખો જીવનમૂલ્યોના પાઠ શીખવે છે. તીર્થ દર્શન શ્રેણીમાં શ્રી નાકોડા તીર્થ તેમજ સાંચોર તીર્થનો ઇતિહાસ તથા તેનું વર્ણન વાંચી વાચકો ત્યાં જવા પ્રેરાય તેમ છે. અંજાર તથા ગાંધીધામમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ કાયમી એકત્રિત કરી રાખવા જેવી માહિતી છે. પ્રતિભાવ વિભાગમાં વસંત કચ્છ કેસરી દ્વારા રજૂ થયેલ મંતવ્ય દિલ્હી વિધાનસભાની ચૂંટણી પરિણામોના સંદર્ભમાં છે. જ્યારે પૃષ્ઠ ૪૩ પર રેવડી કલ્ચરનો લેખ એક જ વિષયવસ્તુ પર અલગ અલગ દૃષ્ટિકોણથી લખાયેલ છે.

'મંગલ મંદિર' વિવિધ વિષયોના રંગોથી હોળીના રંગબેરંગી રંગોની જેમ રંગાઈ ગયેલ છે.

***અશોક વી. શાહ - ગાંધીનગર***

***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

★

# આંજો કાગર

**દેરાસરો, ઉપાશ્રયમો, ધૃતની બોલીઓ, દીક્ષાના વરઘોડા, સામૈયા, અભિષેકો, માતાજીની પહેડીઓમાં અતિરેક વધે છે**

ઉપરોક્ત બોબતો માટે મારો કે અન્યોનો વિરોધ નથી પણ બહુ અતિરેક વધતો રહ્યો છે, જે સમાજ માટે પ્રશ્ન છે.

આ માટે સાધુ-સાધ્વીજીઓએ વિચારવું જરૂરી છે કે સમાજ મોંઘવારી તેમજ જરૂરિયાતી બાબતો જેવી કે રહેઠાણ યોજના, મેડિકલ, શિક્ષણ તથા અન્નદાન (કીટ) માટે તલસી રહ્યો છે. ૫-૬ દાયકા અગાઉ પૂ. શુભવિજયજી મ.સા. તેમજ સમાજના શ્રેષ્ઠીને દાતાઓ તરફથી સર્વોદય બિલ્ડિંગ જેમાં ભોજનશાળા અને ભણતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, માંડવીમાં વૃદ્ધાશ્રમ, ચેમ્બુર છેડાનગરમાં કચ્છી સમાજ માટે રહેઠાણ યોજના વગેરે સમાજને ઉપયોગી બાબતો માટે પહેલ કરી હતી. હાલ કચ્છમાં દરેક ગામોમાં જૈનોની વસ્તી ઘટતી રહી છે, ને નવી પ્રજા આવશે કે નહીં તે વિચાર માંગી લે છે. તો ઉપરોક્ત પ્રસંગો કેટલા દિવસો ચાલશે તે વિચારવું રહ્યું. દસથી પચ્ચીસ કરોડના ખર્ચે બાંધકામો થઈ રહ્યાં છે તેના કરતાં જે જૂના છે તેનું સમારકામ (રીનોવેશન) કરાવી જાળવી રાખો, તે ઉત્તમ માર્ગ છે. ખર્ચો પણ ઘટશે.

આપણા સમાજનો પૈસો કચ્છ કે મુંબઈમાં ઉપયોગમાં આવે તેવું આયોજન જરૂરી છે. તેના બદલે આપણો પૈસો રામજીકા ગોલા, પાલી, લોલાડા, દંતાણી તીર્થોમાં વહી રહ્યો છે જેનો એક દાખલો કે દંતાણી તીર્થમાં ધ્વજાનો ચડાવો છ કરોડ સુધી બોલાઈ ગયો. એનો અર્થ એ કે ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો. શું મારવાડી / રાજસ્થાની પાસે પૈસો નથી કે જે આપણો સમાજ ઉસેડી નાંખે છે — શું વ્યાજબી લાગે છે? આ માટે વિરોધ નથી પણ આપણો પૈસો આપણે જ વાપરીએ જેથી સોનામાં સુગંધ ભળે, તેમ સમાજને કચ્છ કે મુંબઈમાં ઘણી બાબતોની જરૂરત છે તેમાં વપરાય તે સમય વર્તે સાવધાન જરૂરી છે.

ઘણી વખત બીમારી વખતે જરૂરિયાતમંદોની હાલત કફોડી થઈ જાય છે. હોસ્પિટલમાં દાખલ થવા અને દવાઓ માટે ફાંફા મારીને હેરાન થઈ જાય છે. પણ હજી એટલું સારું છે કે આપણા સમાજના સેવાભાવી ભાઈ/બહેનો હોસ્પિટલમાં દાખલ કરાવીને રાહત આપી સેવા કરે છે. તેઓ સર્વેને અભિનંદન આપવા જરૂરી છે તેમજ દરેક પરાની હોસ્પિટલોમાં ખાટલા (બેડ)ની વ્યવસ્થા અત્યંત જરૂરી છે. અગાઉ હરકિશનદાસ હોસ્પિટલમાં સમાજે વ્યવસ્થા કરી હતી તે આજે અત્યંત જરૂરી છે. આ ફક્ત બીમારી માટેનો દાખલો છે પણ સમાજને ઘણી બાબતોની મદદ જરૂરી છે.

આપણા સમાજના દેરાસરો, ટ્રસ્ટો, મહાજનો, મંડળો, મહિલા મંડળો, શ્રેષ્ઠીઓ, દાતાઓ તેમજ અધિકારી / સંચાલકો અતિ સુંદર સેવા કે જરૂરિયાતો માટે મહેનત કરી સમાજને અર્પણ કરે છે તે માટે તેમને વંદન. એટલું જ નહીં, પણ કચ્છી જૈન સમાજમાં જેટલી સુવિધાઓ કે મદદ કરે છે તે કોઈ સમાજમાં નથી તેની નોંધ લેવી ઘટે. જેનો એક દાખલો ક.વી.ઓ. સેવા સમાજનો લ્યો કે કેટલીયે પ્રવૃત્તિથી સમાજને પડખે ઊભો રહે છે કે આખો દિવસ ચીંચબંદર ખાતે મહાજનવાડીનો ત્રીજો માળ સેવાથી ધમધમી રહ્યો છે. શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન (વડો મહાજન) સાયનનો પણ રહેઠાણ તેમજ અન્ય સેવા માટે સમાજને પડખે છે કે સમાજ રહેઠાણ યોજનાથી અંબરનાથ, ડોંબીવલી, નાલાસોપારા, ઘાટકોપર, પંતનગર, બોરીવલી રાહત દરે જરૂરતમંદો માટે આયોજન કરે છે. નાલાસોપારા કે ડોંબીવલીમાં બાળકોનાં શિક્ષણ માટે પણ જબરદસ્ત પ્રયાસ કરી રહેલ છે, જે પણ અભિનંદનના અધિકારી છે.

છેલ્લે જે પ્રવૃત્તિઓમાં ચડસાચડસી ઘટે અને મર્યાદામાં પ્રવૃત્તિઓ ચાલુ રહે તે માટે વિનંતી.

વધઘટ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ.

*હીરાલાલ વી. ઊનડોઠવાલા - ડુમરા, કચ્છ*
*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

★

આપણા સમાજના સભ્ય એવા ડૉ. લીલાબહેને બહુ જ સુંદર સામાજિક દસ્તાવેજીકરણ કર્યું. આપણા સમાજમાં વડીલો - યુવાનો - બાળકો સ્ત્રી-પુરુષોની સંખ્યા પણ જણાવી. વળી એમના લેખ પરથી જાણવા મળ્યું કે ૧૦% લોકોને બાદ કરતાં સુખી લોકોનો સમાજ છે - અમદાવાદનો. વળી શિક્ષિત પ્રગતિશીલ - વિચારશીલ - સંવેદનશીલ લોકોનો સમાજ છે. નવા વિચારોને આવકારનાર લોકોનો સમાજ છે. તેથી જ આપણો સમાજ દિવસે ને દિવસે પ્રગતિના પંથે વિકાસ કરે છે. લીલાબહેને કરેલ સૂચન ઉપરાંત મારા સૂચન નીચે મુજબ છે.

### ૧. કચ્છી જૈન ભૂલકા ગ્રુપ

બે-ત્રણ દિવસની રજામાં લોકો બહારગામ જતા થઈ ગયા છે અને એકાદ દિવસની રજામાં ઘરે હોય ત્યારે બાળકો પોતાનો સમય ટી.વી., મોબાઈલ અને ગેમ્સમાં વિતાવે છે. શારીરિક ગેમ્સ કરતાં માનસિક - ઈલેક્ટ્રોનિક ગેમ્સમાં સમય પસાર કરે છે. પથી ૧૦% બાળકો બીજી ઈતર પ્રવૃત્તિમાં મનથી રસ ધરાવતા નથી. કરે છે તો મા-બાપની ઈચ્છા કે દબાણથી કરે છે.

તો આપણું પોતાનું શહેર અમદાવાદ કે આજુબાજુના હેરિટેજ અને જાણીતા સ્થળોથી અજાણ છે. એમને બસ દ્વારા

અમદાવાદ કર્શન કે બીજા સ્થળોની મુલાકાત લેવડાવવી.

સ્ટોરી ટેલીંગ કરાવી શકાય.

ગુજરાતી ભાષા (માતૃભાષા)ને જીવતી રાખવા મારું કુટુંબ, મારો દેશ, મારો સમાજ જેવા અનેક વિષય પર સમાજમાં આપણી સામે જ બેસાડીને લેખન સ્પર્ધા કરી શકાય. ઉપરાંત શૈક્ષણિક કે ધાર્મિક ટૂર પણ યોજી શકાય.

**૨. યુવાનો માટે**

ખાસ જૂની ભૂલાઈ ગયેલી રમતોનું આયોજન કરવું. પ્રાકૃતિક અને નૈસર્ગિક વાતાવરણથી બધાને રૂબરૂ કરાવવા જોઈએ.

વળી આજનું યુથ ગ્લોબલ વર્લ્ડમાં ભટકી ગયું છે, દિશાહીન બની ગયું છે. એમને કુટુંબની અગત્યતા, વડીલોની સુશ્રુષા - લગ્નસંસ્થા - આપણા સમાજ જેવા દરેક વિષયના સેમિનાર ગોઠવી માહિતગાર કરી શકાય.

સમગ્ર સમાજ માટે 'ફન ફેર'નું આયોજન કરવું. જેમાં ગેમિંગ ઝોન, ફુડ સ્ટોલ, સ્વરોજગારીની વસ્તુનું વેચાણ વગેરે સ્ટોલ રાખી શકાય.

**૩. સિનિયર સિટીઝન માટે**

કોઈ વિશેષજ્ઞ પાસે વીલ બનાવવાની માહિતી પ્રદાન કરવી. મોબાઈલના જમાનામાં મોબાઈલ અને એમની ઍપ વિશેનું માર્ગદર્શન આપવું. પોળોના દેરાસરની હેરિટેજ વૉક ગોઠવવી.

એ દરેક માટે કરી શકાય.

**૪. સ્ત્રી વર્ગ**

દરેક ઉંમરની ઉપરાંત પુરુષો માટે પણ બપોરના કે સાંજના સમયે નાટક - પિક્ચર, જૂના ગીતોના ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ, ૧ દિવસીય પિકનિક વગેરે પ્રોગ્રામ ગોઠવી શકાય.

**૫.** જૈન જાગૃતિ કે લોટસ ગ્રુપ જેવા ગ્રુપની સ્થાપના સમાજ દ્વારા કરવી. જેમકે 'કચ્છી જૈન મિત્ર મંડળ' – એના નેજા હેઠળ ઉપરના દરેક પ્રોગ્રામ કરી શકાય. એટલે કે પોતાના જ લોકો માટે પોતાના લોકોએ બનાવેલું મંડળ. બહારના બીજા મંડળમાં જોડાવાની જરૂર ન પડે. એના માટે અત્યારે ચાલતાં (જૈન જાગૃતિ જેવા) ગ્રુપનો અભ્યાસ કરી મેમ્બરશીપ ફી નક્કી કરી સભ્યો બનાવવા.

નિવૃત્ત વડીલોને સમાજના નાના નાના કામ સોંપી બીઝી રાખવા. એમને જીવન જીવવામાં રસ જાગે. કામથી માણસનું તન-મન સ્વસ્થ રહે, આયુ પણ વધે.

અત્યારની ભાગદોડવાળી - સ્ટ્રેસવાળી જિંદગીમાં વડીલોની સલાહ ઘણી ઉપયોગી થાય. લોકોને જરૂરી માર્ગદર્શન મળે એવું પણ ગોઠવી શકાય.

*તરૂબેન નરેન્દ્રભાઈ શાહ - અમદાવાદ*

# સરાસરી આયુષ્ય

- *૨૦૨૪માં જગતમાં સૌથી લાંબુ સરાસરી આયુષ્ય ધરાવતા દેશો નીચે મુજબ છે :*

| | | |
|---|---|---|
| ૧. | મોનાકો | : ૮૬ વર્ષ |
| ૨. | સાનમારિનો | : ૮૬ વર્ષ |
| ૩. | હોંગકોંગ | : ૮૬ વર્ષ |
| ૪. | જાપાન | : ૮૫ વર્ષ |
| ૫. | કોરિયા | : ૮૪ વર્ષ |

- *પૃથ્વી પરના માનવની સરેરાશ ઉંમર*

| | | |
|---|---|---|
| ૧. | ૧૯૫૦માં | : ૪૫.૫૧ વર્ષ |
| ૨. | ૧૯૬૦માં | : ૫૦.૦૯ વર્ષ |
| ૩. | ૧૯૭૦માં | : ૫૬.૪૯ વર્ષ |
| ૪. | ૧૯૮૦માં | : ૬૦.૯૯ વર્ષ |
| ૫. | ૧૯૯૦માં | : ૬૪.૦૬ વર્ષ |
| ૬. | ૨૦૦૦માં | : ૬૬.૨૦ વર્ષ |
| ૭. | ૨૦૧૦માં | : ૬૯.૭૦ વર્ષ |
| ૮. | ૨૦૨૦માં | : ૭૨.૬૩ વર્ષ |
| ૯. | ૨૦૨૫માં | : ૭૩.૪૯ વર્ષ |

- *ભારતમાં સરાસરી આયુષ્ય*

| | | |
|---|---|---|
| ૧. | ૧૯૦૦માં | : ૨૫.૪ વર્ષ |
| ૨. | ૧૯૪૭માં | : ૩૧.૦ વર્ષ |
| ૩. | ૧૯૫૧માં | : ૩૭.૧ વર્ષ |
| ૪. | ૨૦૦૦માં | : ૬૩.૨ વર્ષ |
| ૫. | ૨૦૨૪માં | : ૭૨.૨૪ વર્ષ |

જગતમાં માનવનું આયુષ્ય વધતું જતું હોવાનું કારણ દવાની નવી શોધખોળ અને તેનું વિજ્ઞાન છે.

આધુનિક યુગમાં મોટાભાગની શોધખોળ પશ્ચિમ જગતને આભારી છે. AI ટેકનોલોજીનો વિકાસ થયે સરેરાશ આયુષ્ય સારું એવું વધવા પામશે.

# મહાકુંભ – ગિનીસ બુકે સર્ટીફાય કરેલ ૩ મહારેકોર્ડ

૧. ગંગામાં એક સાથે ૩૨૯ સ્થળો પર સફાઈ. (આ અગાઉનો રેકોર્ડ ૨૫૦ સ્થળોનો છે.)

૨. ૧૦૧૦૨ લોકો દ્વારા એક સાથે હેન્ડ પેઈન્ટીંગ. (આ અગાઉનો રેકોર્ડ ૭૬૬૦ લોકોનો છે.)

૩. ૧૯૦૦૦ લોકોએ એક સાથે ઝાડુ લગાવી સફાઈ કરી. (આ અગાઉના રેકોર્ડ પ્રમાણે એક સાથે ૧૦,૦૦૦ લોકોએ ઝાડુ લગાવી સફાઈ કરેલ હતી.)

# અન્ય સંસ્થાના સમાચાર

## કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

ભુજ કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિન પ્રસંગે પ્રાચીન કવિ દામોદર બોટાદકરની રચના ‘જનનીની જોડ સખી નહીં જડે રે લોલ’ ચંદુભાઈ ગોરે રજૂ કરી. પછી મહિલા વરસ પ્રસંગે નારી વિશેની મંજુલાબેન ઉપાધ્યાયનો વીડિયો રજૂ કરવામાં આવેલ. અતિથિ તરીકે વરિષ્ઠ લેખક અને નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી કિરીટસિંહ જાડેજાએ મહિલાની પ્રવૃત્તિ કાર્ય અને સેવા પ્રાચીન પ્રસંગો યાદ કર્યા તેની સમજ આપી હતી. દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. મા વિશે કચ્છી રચના મનીષા વીરાએ જ્યારે વસંત ઋતુ વિશે સુનીલ ગોરે રજૂ કરેલ. સંચાલન સોનુ ભાટિયાએ કરેલ હતું.

## કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - ભુજ

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા કચ્છ જિલ્લાના ભાજપના પ્રમુખ તરીકે સાદગીનું પ્રતીક, સરળ સ્વભાવના ધણી એવા શ્રી દેવજીભાઈ વરચંદજીને પુનઃ મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવા બદલ શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના હસ્તે તેમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંદ્રા તાલુકા પંચાયતના સદસ્ય શ્રી હરેન્દ્રસિંહ જાડેજા, મુંદ્રા તાલુકા ભાજપના મંત્રી શ્રી ભાવેન્દ્રસિંહ જાડેજા, ઉપપ્રમુખ શ્રી જુવાનસિંહ ભાટી, રાજકીય આગેવાન શ્રી રાજુભાઈ રબારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી સદ્‌વિચાર પરિવાર

અમદાવાદમાં સદ્‌વિચાર પરિવાર એમનાં સેવાકાર્યો માટે ખૂબ જાણીતું છે.

આ સાથે ગયા દશેરાના દિવસથી જે નવી સગવડો ઊભી કરેલ છે તેની વિગત આ સાથે સામેલ છે.

સદ્‌વિચાર પરિવારના નવા મકાનમાં ૪૦ બેડની એક હોસ્પિટલ તૈયાર કરી છે. જેમાં માંદા - વરિષ્ઠ નાગરિકોને દાખલ કરવામાં આવે છે. ત્યાં રહેવાનું, જમવાનું, ટ્રીટમેન્ટ વગેરેના એક દિવસના ફક્ત રૂા. ૫૦૦/- લેવામાં આવે છે.

એ સિવાય અન્ય જે સગવડો છે તેનું લીસ્ટ અહીં નીચે દર્શાવેલ છે.

- વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રીહેબિલિટેશન સેન્ટર (૪૦ બેડ્સની ક્ષમતા સાથે).
- આંખની હોસ્પિટલ
- હેલ્થકેર સહાયક માટે તાલીમ કેન્દ્ર.
- વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટીસ્પેશિયાલિટી ક્લિનિક.
- મહિલાઓ માટે મલ્ટીસ્પેશિયાલિટી ક્લિનિક.
- બાળકો માટે ક્લિનિક.
- જરૂરિયાતમંદો માટે મફત દવાખાનું.
- માનસિક આરોગ્ય ક્લિનિક.
- ફિઝીયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર.
- ડેન્ટલ ક્લિનિક.
- લેબોરેટરી સેવાઓ.
- દર્દીની સારસંભાળ માટે ઘરે લઈ જવા માટેના મેડિકલ સાધનો.
- એમ્બ્યુલન્સ.
- હોમ કેર વાન.
- કોન્ફરન્સ હોલ.
- વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા.

***(સરનામું :*** સદ્ વિચાર પરિવાર સંચાલિત ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન, બી.આર.ટી.એસ. બસ સ્ટોપની સામે, કોર્ટયાર્ડ મેરિયટ હોટલની બાજુમાં, રામદેવનગર, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.)

*– લક્ષ્મીચંદ વીરા*

## સમસ્ત મહાજન

અમદાવાદના વ્યસનમુક્ત શ્રાવક રોજગાર અભિયાન અંતર્ગત અમદાવાદમાં રહેતા બધા જૈન ભાઈઓ તેમજ પરિવાર માટે રીક્ષા ચાલકનું એક ગ્રુપ બનાવ્યું છે. જે અમદાવાદના કોઈપણ સ્થળ ઉપર જવા-આવવા માટે રીક્ષાની જરૂર હોય તો નવકાર ગ્રુપના જૈન રીક્ષા ચાલક શ્રાવકનો સંપર્ક કરશો.

- જૈન યાત્રિકો અને જૈન મુસાફરો માટે ભયમુક્ત સવારી.
- જૈન શ્રાવકો સ્વમાનભેર આત્મનિર્ભર થઈ શકશે.
- જૈનોને સાધર્મિક ભક્તિનો લાભ મળશે.
- અમદાવાદના જિનાલયોના દર્શન-પૂજા-સેવાનો લાભ.
- અમદાવાદમાં બિરાજમાન શ્રમણ-શ્રમણી ભગવંતોને પોતાની ઉપધિ-પુસ્તકાદિ સામાન એક જગ્યાએથી બીજી જગ્યા પર મૂકવા માટે સરળતા રહેશે.

- આપ વહેલી પરોઢે કે મોડી રાત્રે રેલવે સ્ટેશન - બસ સ્ટેશન કે એરપોર્ટથી અમદાવાદમાં કોઈપણ સ્થળ ઉપર જવા માંગતા હશો તો જૈન રીક્ષાની સગવડ મળી શકશે.
- આ રીક્ષાની ઓળખ “જય જિનેન્દ્ર”નું સ્ટીકર રીક્ષાની આગળ અથવા પાછળ લગાડેલું હશે. રીક્ષાની અંદર શ્રી શત્રુંજય તથા શ્રી ગિરનાર તીર્થ આદિના પટ્ટા લાગેલા હશે.
- આપ કોઈ ગ્રુપમાં ક્યાંય જવા માંગતા હો અને એક સાથે ૫૦ જેટલી પણ રીક્ષા જોઈતી હોય તો નીચે આપેલા રીક્ષા ચાલક લીડરના ફોન નંબર ઉપર સંપર્ક કરવો ***અથવા*** *બહારગામથી આવનારા હો અને વહેલી સવારે કે મોડી રાત્રે પણ જૈન રીક્ષાની આવશ્યક્તા હોય તો નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.*

**રીક્ષા ચાલક લીડર**

*રાહુલભાઈ જૈન : મો. ૯૫૧૦૦ ૧૪૩૧૧*

*પંકિતભાઈ મહેતા : મો. ૯૦૧૬૩ ૫૬૬૩૭*

**રીક્ષા માટે ઇમરજન્સી કોન્ટેક્ટ નંબર (24 X 7)**

*અભય શાહ : મો. ૯૯૭૪૫ ૮૩૮૬૪*

*રીક્ષાનું બુકિંગ કરાવતી વખતે નીચેની વિગતો મોકલવાની રહેશે :* (૧) નામ, (૨) મોબાઈલ નંબર, (૩) આગમન તારીખ, પીક-અપ પોઈન્ટ અને સમય, (૪) પ્રસ્થાન (પરત) તારીખ, ડ્રોપ પોઈન્ટ અને સમય, (૫) કુલ પેસેન્જરની સંખ્યા.

- રીક્ષા બુકિંગ કરાવતી વખતે અમારી ખાસ નમ્ર વિનંતી છે કે જો આપ મોડી રાત્રે અથવા વહેલી સવારે (રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધી) અમદાવાદ આવી રહ્યા છો તો યોગ્ય વ્યવસ્થા કરવા માટે ૧ દિવસ પહેલા જાણ કરવી જરૂરી છે.
- અમદાવાદ નિવાસી તથા બહારગામથી આવનાર યાત્રીકો માટે અમદાવાદના સિટી વિસ્તારના અનેક જિનાલયો તથા અમદાવાદમાં બિરાજમાન ૧૦૮ પાર્શ્વનાથ ભગવાન સહ અનેક તીર્થસ્થાનોના દર્શન આપણા રીક્ષા ચાલકો દ્વારા કરાવવામાં આવશે. જેના માટે ૧ દિવસ અગાઉ બુકિંગ કરાવવું જરૂરી છે.
- આ ઉપરાંત શ્રી સંઘમાં સેવાકાર્ય માટે એક કરતાં વધારે જેમકે ૧૦-૨૦ કે ૩૦ રીક્ષાની જરૂર હોય તો આપ અમને વહેલા જાણ કરીને રીક્ષા બુકિંગ કરાવી શકશો.

આપણા રીક્ષા ચાલક ભાઈઓ જૈન અને સાધર્મિક પરિવારના છે અને તેમના વિકાસ માટે આ કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

## નવીન પાંજરાપોળનો શુભારંભ

અમર શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયા કે જેમણે અબોલ જીવ કાજે તા. ૨૭-૮-૧૯૯૩ના રોજ પોતાના પ્રાણનું બલિદાન આપી વીરગતિને પામી જીવદયાની જ્યોતને પ્રજ્વલિત કરેલ, તેને બચુભાઈ રાંભિયાએ આગળ વધારી અને હવે અમારી સંસ્થા આ જ્યોતને વધુ વેગવંતી બનાવીને સંસ્થા દ્વારા બચાવેલા અબોલ જીવોને સંસ્થાની દેખરેખ હેઠળ આશ્રય મળે તે હેતુથી નવીન પાંજરાપોળનું નિર્માણ કરી, રવિવાર તા. ૧૬-૩-૨૦૨૫ના રોજ સવારે ૯.૩૦ વાગે આમંત્રિત મહેમાનો, મુખ્ય અતિથિશ્રીઓ, મુખ્ય દાતાશ્રીઓ તેમજ સમસ્ત જીવદયા પ્રેમીઓની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવેલ છે.

***આ પ્રસંગે ઉપસ્થિત રહેલ મહેમાનશ્રીઓ :*** (૧) શ્રી અમિતભાઈ શાહ (ધારાસભ્યશ્રી, એલિસબ્રિજ વિધાનસભા), (૨) શ્રી બાબુભાઈ જે. પટેલ (ધારાસભ્યશ્રી, દસક્રોઈ વિધાનસભા), (૩) શ્રી ભૂષણભાઈ ભટ્ટ (ભાજપ મહામંત્રીશ્રી, અમદાવાદ શહેર).

***મુખ્ય દાતાશ્રી :*** શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ.

*નવીન પાંજરાપોળનું સ્થળ :* રામજીધન ફાર્મ, ધનજીભાઈનો કૂવો, ઝાણુ - કુબડથલ રોડ, ગામ : કુબડથલ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

સંસ્થાને ઓનલાઈન દાન આપી સહકાર આપવા વિનંતી.

***– ચૈતન્ય રાંભિયા, કૃપાલી રાંભિયા***

## વિરોધ ક્યારે હોય???

*જ્યારે આપણું કામ ‘સારું’ હોય,*
*પણ*
*બીજાને ‘ગમતું’ ના હોય.*

*જ્યારે આપણું કામ ‘સાચું’ હોય,*
*પણ*
*બીજાને ‘પચતું’ ના હોય.*

*જ્યારે આપણો માર્ગ ‘સાચો’ હોય,*
*પણ*
*સાથે ‘ચાલી’ શકતા ના હોય.*

*જ્યારે આપણે ‘કર્મ’ કરતા હોઈએ,*
*પણ*
*બીજા ‘ભ્રમ’માં રાચતા હોય.*

***“વિરોધ” એટલે આપણે સાચા માર્ગે હોવાનું “સર્ટિફિકેટ”***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ *પી.એમ. મોદી જામનગરની મુલાકાતે.*
સર્કિટ હાઉસથી રીલાયન્સમાં આવેલા વનતારા પહોંચ્યા. બપોરે સોમનાથ દાદાના દર્શન કરશે.
*(તા. ૧-૩-૨૦૨૫)*

★ *ઉત્તરાખંડમાં ૩ દિવસ પછી ૩ મૃતદેહ મળ્યા.*
ઉત્તરાખંડના ચમોલીમાં ૨૮ ફેબ્રુઆરીએ થયેલા હિમપ્રપાતમાં ફસાયેલા કામદારોને બહાર કાઢવાનું કામ ત્રીજા દિવસે પણ ચાલુ છે. ૩ દિવસ પછી ૩ મૃતદેહ મળ્યા છે. અત્યાર સુધી ૭ મજૂરોના મોત, ૧ની શોધખોળ શરૂ. *(તા. ૨-૩-૨૦૨૫)*

★ *સ્વામી જ્ઞાનપ્રકાશ ઝુક્યા. વીરપુર જઈ જલાબાપાની માફી માંગી.* સ્કોર્પિયોમાં મંદિરના પાછલા દરવાજેથી દર્શન કરી રવાના. કહ્યું હતું જલા ભગતને સદાવ્રતની પ્રેરણા ગુણાતીતાનંદે આપી હતી. *(તા. ૭-૩-૨૦૨૫)*

★ *ધારાવી પ્રોજેક્ટ પર સ્ટે મૂકવાનો સુપ્રીમ કોર્ટનો ઈન્કાર. કહ્યું : ત્યાં કામ ચાલી રહ્યું છે. યુ.એ.ઈ. સ્થિત કંપનીએ અદાણીના ટેન્ડર રદ કરવાની માંગ કરી.*
શુક્રવારે સુપ્રીમ કોર્ટે ધારાવી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ (DRP) માટે ચાલી રહેલા બાંધકામ પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો હતો. ઉપરાંત તેણે અદાણી ગ્રુપની તરફેણમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને ઉથલાવી દેવાનો ઈન્કાર કર્યો હતો. *(તા. ૭-૩-૨૦૨૫)*

★ *સાડા પાંચ દિવસમાં જ એક વર્ષ પૂરું!*
પૃથ્વીથી ૮૦ ગણો મોટો અને ૧૮૦૦ ડિગ્રી તાપમાન. અમદાવાદના વૈજ્ઞાનિકોએ શોધ્યો નવો એક્ઝોપ્લેનેટ.
*(તા. ૭-૩-૨૦૨૫)*

★ *નારાયણ મૂર્તિએ કહ્યું : કર્મચારી સાથે માણસોની જેમ વર્તો.* કંપનીઓને મહત્તમ અને લઘુત્તમ પગાર વચ્ચેનો તફાવત ઘટાડવા કહ્યું. *(તા. ૧૪-૩-૨૦૨૫)*

★ *સ્ટારલિંકની એન્ટ્રી પહેલા કેન્દ્રએ શરતો મૂકી.*
ભારતમાં કંટ્રોલ સેન્ટર સ્થાપિત કરવું પડશે. કોલ ઈન્ટરસેપ્શન માટે સુરક્ષા એજન્સીઓને પરવાનગી આપવી પડશે. *(તા. ૧૪-૩-૨૦૨૫)*

★ *કેન્દ્ર સાથે ભાષા વિવાદ વચ્ચે સ્ટાલિનને પેટમાં દુઃખ્યું.*
તમિલનાડુ સરકારે બજેટ ડોક્યુમેન્ટમાં રૂપિયાનું ચિહ્ન બદલ્યું. ભાજપે કહ્યું : સ્ટાલિન સ્ટુપિડ છે. *(તા. ૧૪-૩-૨૦૨૫)*

★ *કાશ્મીરના કેસરની ખેતી કરી એજ્યુકેટ ખેડૂત બન્યો લખપતિ. જમીન, પાણી કે ખાતર વિના માત્ર ૧૨ X ૧૫ના રૂમમાં સફળતા પ્રાપ્ત થઈ. કેસરને ઝેડ પ્લસની કેટેગરીમાં સ્થાન મળ્યું.*
ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ટીમાણા ગામે રહેતા એજ્યુકેટેડ યુવા ખેડૂતે આધુનિક ટેકનોલોજીની મદદથી ગુજરાતના નાનકડા ગામમાં કમાલની ખેતી કરી કૃષિ ક્ષેત્રે નવો કીર્તિમાન કાયમ કર્યો છે. હિમ ખંડોમાં થતી કેસરની ખેતી ભાવનગર જિલ્લાના અંતરિયાળ ગામડામાં કરી છે.
*(તા. ૧૬-૩-૨૦૨૫)*

★ *'હું લઘુમતી છું. ક્યારેય અસુરક્ષા અનુભવી નથી.'*
જોન અબ્રાહમે દેશમાં લઘુમતીઓની સુરક્ષા પર વાત કરી. કહ્યું : મને ભારતીય હોવાનો ગર્વ છે. *(તા. ૧૬-૩-૨૦૨૫)*

★ *કર્ણાટકમાં સરકારી ટેન્ડરોમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરો માટે ૪% અનામત.* સિદ્ધારમૈયા કેબિનેટમાં પ્રસ્તાવ પાસ. આ સત્રમાં જ કાયદામાં ફેરફાર કરવામાં આવશે. *(તા. ૧૬-૩-૨૦૨૫)*

★ *આયુષ્માન યોજના માટે નવી ભલામણો.*
વયમર્યાદા ૭૦થી ઘટાડીને ૬૦, સહાય ૫ લાખથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ. *(તા. ૧૬-૩-૨૦૨૫)*

★ *૨૪-૨૫ માર્ચના રોજ દેશભરમાં બેંકો બંધ રહેશે.*
બેંક કર્મચારીઓ હડતાળ પર ઉતરશે. ૪૮ કલાક બેંકો બંધ રહેતાં ૨૦,૦૦૦ કરોડના ધંધાને અસર થશે.
*(તા. ૧૭-૩-૨૦૨૫)*

★ *તેલંગાણામાં ઓ.બી.સી. અનામત ૨૩%થી વધારીને ૪૨% કરવામાં આવ્યું.* સી.એમ. રેવંતે જાહેરાત કરી. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસે વચન આપ્યું હતું.
*(તા. ૧૭-૩-૨૦૨૫)*

★ *હવે રામ મંદિરમાં મુખ્ય પૂજારી નહીં હોય.*
શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની બેઠકમાં નિર્ણય. ધાર્મિક સમિતિઓ પૂજાની વ્યવસ્થા સંભાળશે. *(તા. ૧૭-૩-૨૦૨૫)*

★ *ગુજરાતમાં વધેલી ગુનાખોરી માટે પરપ્રાંતીઓ જવાબદાર.*
૧૦ કેસમાં ૩૫માંથી ૩૩ આરોપીઓ પરપ્રાંતીયો. લૂંટ વિથ ગેંગરેપના ૧૨, દુષ્કર્મના ૩ આરોપી. ભાજપના ૨ MLAનો ગર્ભિત ઈશારો. *(તા. ૧૮-૩-૨૦૨૫)*

★ *બંધ ફ્લેટમાંથી ૯૫.૫ કિલો સોનું અને ૬૦ લાખની રોકડ જપ્ત.* અમદાવાદના પાલડીમાં શેરબજારના ઓપરેટરના ફ્લેટ પર

ATS અને DRI ના દરોડા. કુલ ૮૪ કરોડનો મુદ્દામાલ મળ્યો. *(તા. ૧૮-૩-૨૦૨૫)*

★ ***પાક. જેલોમાં હજુ ૧૯૪ ભારતીય માછીમારો કેદ. ૧૨૩ ગુજરાતના.*** રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં વિદેશ રાજ્યમંત્રીએ આપેલી માહિતી. *(તા. ૧૮-૩-૨૦૨૫)*

★ ***મણિપુરના ચુરાચાંદપુરમાં કર્ફ્યુ લગાવાયો.***
હમાર જાતિના નેતા પર હુમલાને કારણે હિંસા. પોલીસે હવામાં ફાયરીંગ કરીને ઉપદ્રવીઓને ખદેડ્યા. *(તા. ૧૮-૩-૨૦૨૫)*

## વિદેશના સમાચાર

★ ***ટ્રમ્પ સાથે ઉગ્ર ચર્ચા બાદ ઝેલેન્સ્કીની ખુરશી જોખમમાં.***
નિષ્ણાતોએ કહ્યું : યુ.એસ. એજન્સી સરકાર તોડવામાં મદદ કરી શકે છે. રશિયાને છૂટો દોર મળ્યો. *(તા. ૧-૩-૨૦૨૫)*

★ ***ઈલોન મસ્ક ૧૪મા બાળકનો પિતા બન્યો.***
પાર્ટનર શિવોન ઝિલીસે દિકરાને જન્મ આપ્યો. હાર્ટ ઈમોજી સાથે શૅર કર્યા "GOOD NEWS." *(તા. ૨-૩-૨૦૨૫)*

★ ***ટ્રમ્પ ધમકી, દલીલ અને ઠપકો આપી દુનિયાને કયો સંદેશ આપવા માંગે છે? ૩૮ દિવસમાં ૫ રાષ્ટ્રપ્રમુખ સાથે ગરમાગરમી.***
ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યાના ૩૮મા દિવસે કંઈક એવું બન્યું જે વ્હાઈટ હાઉસના ઈતિહાસમાં ક્યારેય બન્યું ન હતું. ઑવલ ઓફિસમાં મીડિયા કેમેરા સામે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી અને ટ્રમ્પ ખરાબ રીતે બાખડ્યા. *(તા. ૧-૩-૨૦૨૫)*

★ ***યુ.એ.ઈ.માં યુ.પી.ની મહિલાને ફાંસી.***
૪ મહિનાના બાળકની હત્યાનો આરોપ હતો. પિતાએ ભીની આંખે કહ્યું : 'દીકરીએ ફોન પર કહ્યું, તેને ફાંસી આપવામાં આવશે.' *(તા. ૨-૩-૨૦૨૫)*

★ ***ચીનનું ડિફેન્સ બજેટ ભારત કરતાં ૩ ગણું વધારે. અમેરિકા કરતાં ૪ ગણું ઓછું. ગયા વર્ષ કરતાં ૭.૨% વધીને ૨૪૯ અરબ ડોલર થયું.*** *(તા. ૫-૩-૨૦૨૫)*

★ ***સીરિયામાં હિંસા ફાટી. બે દિવસમાં એક હજાર લોકોના મોત. સેના અને અસદ સમર્થકો વચ્ચે અથડામણ. લઘુમતી અલેવી સમુદાયના લોકોને ફાંસી આપવામાં આવી.*** *(તા. ૯-૩-૨૦૨૫)*

★ ***પ્રાઈવેટ મુન લેન્ડર બ્લ્યુ ઘોસ્ટ સફળતાપૂર્વક ચંદ્ર પર ઉતર્યું.*** ચંદ્ર પર એક વિશાળ ખાડાની તપાસ કરશે. પ્રથમ તસવીર લીધી. અમેરિકન કંપનીએ કરી કમાલ. *(તા. ૯-૩-૨૦૨૫)*

★ ***માર્ક કાર્ની કેનેડાના નવા વડાપ્રધાન બન્યા.***
અમેરિકા સાથે ટેરિફ વૉર વચ્ચે ૨૪મા PM તરીકે શપથ લીધા. મંત્રીઓએ પણ શપથ લીધા. ટ્રુડોએ સત્તાવાર રાજીનામુ આપ્યું. *(તા. ૯-૩-૨૦૨૫)*

★ ***તમામ ૨૧૪ બંધકને મારી નાખ્યા.***
બલૂચ વિદ્રોહીઓનો દાવો. કહ્યું : યુદ્ધ હજુ ચાલુ. પણ પાક. સેનાએ ટ્રેન હાઈજેક પૂર્ણ થયાનો દાવો કર્યો હતો. *(તા. ૧૬-૩-૨૦૨૫)*

★ ***શું પાકિસ્તાનીઓ હવે અમેરિકા નહીં જઈ શકે? ટ્રમ્પે ૪૩ દેશોની ટ્રાવેલ પ્રતિબંધ યાદી બનાવી. તેમાં મોટાભાગના મુસ્લિમ દેશો.*** ગયા અઠવાડિયે પાકિસ્તાનના રાજદૂત કે.કે. અહેસાનને અમેરિકામાં પ્રવેશતા અટકાવ્યા હતા. વિઝા હોવા છતાં તેમને પાછા ડિપોર્ટ કર્યા પછી સમાચાર આવ્યા કે ટ્રમ્પ ઈમિગ્રેશન નિયમો પ્રત્યે ખૂબ કડક છે અને મુસાફરી પ્રતિબંધ માટેની યાદી તૈયાર છે. *(તા. ૧૭-૩-૨૦૨૫)*

★ ***સુનિતા વિલિયમ્સને લેવા મસ્કનું અવકાશયાન સ્પેસમાં પહોંચ્યું. NASA ક્રૂ-૧૦ના સભ્યોને સામે જોઈને ખુશીથી ઝુમી ઉઠી એસ્ટ્રોનોટ. ૧૯ માર્ચે પરત ફરશે.***
ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સનું અવકાશયાન ડ્રેગન લગભગ ૨૮ કલાક બાદ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચ્યું છે. આજે એ ૧૬ માર્ચના રોજ ભારતીય સમય મુજબ સવારે ૯.૪૦ વાગે ડોગિંગ કર્યું અને ૧૧-૦૫ વાગે હેચ ઑપન થયું. NASA ક્રૂ-૧૦ના સભ્યોને સામે જોઈને સુનિતા ચોંકી ગઈ. *(તા. ૧૬-૩-૨૦૨૫)*

★ ***સુનિતા હેમખેમ પૃથ્વી પર લેન્ડ થઈ.***
સ્પેસ ક્રાફ્ટનું તાપમાન વધતાં ૭ મિનિટ માટે સંપર્ક તૂટ્યો. સવારે ૩.૨૭ વાગે ફ્લોરિડાના દરિયામાં લેન્ડ થયું યાન.
ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને અન્ય એક અવકાશયાત્રી બુચ વિલ્મોર પૃથ્વી પર પાછા ફર્યા છે. તેમની સાથે, ક્રૂ-૯ના બે વધુ અવકાશયાત્રીઓ, નિક હેગ અને એલેકઝાન્ડર ગોર્બુનોવ પણ છે. *(તા. ૧૯-૩-૨૦૨૫)*

## હાઈકુ

સરિતા કેરી,
ધારા વહે; ઝરણાં
નિત્ય હસતાં!

વડીલો બને,
ઘર કેરો વડલો,
આશ્રય દાતા!

*હસમુખ રામદેપુરા - રાજકોટ • મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭*

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## મોબાઈલ ફોનની બેટરી કેવી રીતે પાવર આપે છે?

ઈલેક્ટ્રોનિક સાધનો, વાહનો વગેરેમાં ઈલેક્ટ્રીક પાવર માટે બેટરી હોય છે. સાધનના કદ અને વીજળીની જરૂરિયાત મુજબ બેટરીના ઘણા પ્રકાર છે. પાવરસેલ અને બેટરી ઈલેક્ટ્રીક પાવર પેદા કરવાના નાના સાધનો છે. મોબાઈલ ફોનમાં નાનકડી ડબ્બી જેવડી લિથિયમ બેટરી હોય છે. લિથિયમ તરત જ પ્રતિક્રિયા કરતી ધાતુ છે. મોબાઈલની બેટરીમાં લિથિયમ અને કાર્બનના પાતળા પડ હોય છે. લિથિયમ પોઝિટીવ અને કાર્બન નેગેટીવ સ્તરનું કામ કરે છે. બંને જોડાય એટલે લિથિયમ તરફથી આયનો કાર્બન તરફ વહેવા લાગે અને વીજપ્રવાહ પેદા થાય. લિથિયમ બેટરીમાં કાર્બન પોતે મેળવેલા પોઝિટીવ આયન પરત આપતું રહે છે અને બેટરી સતત પાવર આપે છે. લિથિયમના આયનો ન્યુટ્રલ થાય એટલે બેટરી ડાઉન થાય. તેને બહારથી હળવો વીજપ્રવાહ આપી ફરીથી રીચાર્જ કરી શકાય. મોબાઈલની બેટરી સામાન્ય રીતે ૨૪ કલાક ચાલે છે. જો કે મોબાઈલના વપરાશ અને ટોક ટાઈમ પણ તેમાં ભાગ ભજવે છે. મોબાઈલની બેટરી સામાન્ય રીતે એક હજાર વખત રીચાર્જ કરી શકાય છે.

## કેવા ગ્રહ ઉપર સજીવ સૃષ્ટિ હોઈ શકે?

આપણે સહુ પરગ્રહવાસી કે એલિયનની વાર્તાઓ વાંચતા આવ્યા છીએ. ફિલ્મો વગેરેમાં પણ એલિયનની કાલ્પનિક વાતો જોતા રહીએ છીએ. જો કે હાલમાં પૃથ્વી સિવાય કોઈ ગ્રહ ઉપર સજીવ સૃષ્ટિ હોવાનું જાણવા મળ્યું નથી. વિજ્ઞાનીઓ અન્ય ગ્રહો અને સૂર્યમાળાની બહારના અવકાશી પદાર્થો પર સજીવ સૃષ્ટિ કે એલિયન વસે છે કે કેમ તેના સંશોધનો કરે છે.

લાખો પ્રકાશવર્ષ દૂર આવેલા ગ્રહો ઉપર સજીવ હોય તો પણ નજરે પડે નહીં. પરંતુ ગ્રહના વાતાવરણ વગેરેનો અભ્યાસ કરી વૈજ્ઞાનિકો અંદાજ મેળવી શકે. કેવા ગ્રહ ઉપર જીવન શક્ય છે તે વિજ્ઞાનીઓએ નક્કી કર્યું છે. કોઈ પણ ગ્રહ સૂર્યથી એટલો નજીક ન હોય કે જ્યાં તીવ્ર ગરવી પડે અને એટલો દૂર પણ ન હોય કે સખત ઠંડી પડે. ગ્રહ ઉપર પાણી હોવું જોઈએ. સજીવના શરીરનું બંધારણ કાર્બન આધારિત છે. એટલે તે ગ્રહ ઉપર કાર્બન હોવું જોઈએ. સજીવ માટે જમીન જોઈએ. કેટલાક ગ્રહો માત્ર વાદળના ગોળા છે. વિજ્ઞાનીઓએ આવી શરતનું પાલન કરતા હોય તેવા હજારો સંભવિત ગ્રહો શોધી કાઢ્યા છે. તેને એક્સ્ટ્રા સોલેટ પ્લાનેટ કહે છે. પરંતુ હજી સુધી એલિયન વસતા હોય તેવો ગ્રહ મળ્યો નથી.

## રડતાને હસાવતો : લાફિંગ ગેસ

શહેરમાં તોફાનો વખતે પોલીસ ટીયરગેસ છોડીને ટોળાને વિખેરતી હોય છે. આ ટીયરગેસ લોકોની આંખમાં બળતરા કરી આંસુ લાવી દે છે. તે જ રીતે નાઈટ્રસ ઓક્સાઈડ નામનો વાયુ શ્વાસમાં જાય તો માણસ ખડખડાટ હસવા લાગે છે. એટલે જ તેને લાફિંગ ગેસ કહે છે. લાફિંગ ગેસ રંગ વિનાનો પારદર્શક છે. તે ધુમાડા સ્વરૂપે દેખાતો નથી. સ્વાદમાં તે ગળ્યો હોય છે પરંતુ ઝેરી છે.

નાઈટ્રસ ઓક્સાઈડ ગ્રીન હાઉસ ગેસ છે અને પર્યાવરણને નુકસાન કરે છે. તે રોકેટના એન્જિનમાં ઉપયોગમાં આવે છે. કાર્બન ડાયોક્સાઈડ કરતાં તે ૩૧૦ ગણી વિપરીત અસર કરે છે. એમોનિયમ નાઈટ્રેટને ગરમ કરવાથી આ વાયુ ઉત્પન્ન થાય છે અને પાણીની વરાળ છૂટી પડે છે. ઘણા ઉદ્યોગોમાં તે ઉપયોગમાં લેવાય છે.

## બગાસા આવવાનું કારણ શું?

બગાસા આવવા એ આળસની નિશાની ગણાય છે. આપણી સામે કોઈ વ્યક્તિ બગાસા ખાય એ આપણને ગમે નહીં. પરંતુ થાકેલા માણસને બગાસા આવે તે સામાન્ય બાબત છે. બગાસા આવવાનું ચોક્કસ કારણ તો વિજ્ઞાનીઓ નથી જાણી શક્યા પરંતુ થોડા અભ્યાસ બાદ એમ તારણ નીકળ્યું છે કે માણસ જ્યારે થાકે ત્યારે તેના સ્નાયુઓ ઢીલા પડે અને શ્વાસ લેવાની માત્રા ઘટે. માણસને દર મિનિટે લગભગ પથી ૬ લીટર હવા શ્વાસમાં લેવી પડે. તો જ પૂરતો ઓક્સિજન મળે. થાકેલો માણસ પૂરો શ્વાસ ન લઈ શકે તો ઓક્સિજન પણ ઓછો પડે. ઓક્સિજનની જરૂર મગજને વધુ હોય છે. ઓક્સિજન ઓછો થાય કે તરત જ મગજ શૂન્ય થવા માંડે. સુસ્તી ઘટે એટલે મગજ તરત સંદેશો આપી બગાસુ લાવે અને બગાસા દ્વારા વધુ હવા ખેંચવા સંકેત આપે છે. બગાસું ૫ થી ૬ સેકંડ ચાલે અને ઊંડો શ્વાસ લેવાય. આ દરમિયાન આંખો અને કાન તો પોતાના કામ બંધ જ કરી દે છે. બગાસું ખાતી વખતે સંભળાતું નથી તેવો અનુભવ થયો જ હશે. આમ બગાસું

એ શરીરને સ્ફુર્તિમાં લાવવા માટેની શારીરિક ક્રિયા છે. આપણે તેને ઊંઘ આવવાની નિશાની પણ ગણીએ છીએ.

## ક્વોન્ટમ મિકેનિક્સનો પ્રણેતા : મેક્સ બોર્ન

ફિઝીક્સમાં અણુ અને તેમાંથી ઉત્સર્જિત થતાં કિરણોનો ઊંડો અભ્યાસ એટલે ક્વોન્ટમ ફિઝીક્સ કે ક્વોન્ટમ થીયરી. મેક્સ પ્લાન્ક અને આલ્બર્ટ આઈન્સ્ટાઈને આ થીયરીની પૂર્વસમજ આપી હતી. મેક્સ બોર્ન નામના વિજ્ઞાનીએ તેનો ઊંડો અભ્યાસ કરી અણુ ઉર્જાના વિવિધ પ્રમાણનું ગણિત રજૂ કરી ક્વોન્ટમ મિકેનિક્સનો પાયો નાંખ્યો હતો. ક્વોન્ટમ મિકેનિક્સના સિદ્ધાંતો સુપર કન્ડક્ટિવિટી મેગ્નેટ, પ્રકાશિત ડાયોડ, લેસરના સાધનો, સેમિ કન્ડક્ટર, માઈક્રો પ્રોસેસર અને મેડિકલ ક્ષેત્રે એમ.આર.આઈ. જેવા સાધનોમાં થાય છે. મેક્સ બોર્નને તેની શોધ બદલ ૧૯૫૪માં વોલ્થર બોથ સાથે નોબેલ ઈનામ એનાયત થયું હતું.

મેક્સ બોર્નનો જન્મ પોલેન્ડના બ્રેસલો ખાતે ઈ.સ. ૧૮૮૨ની ૧૧મી ડિસેમ્બરે થયો હતો. તેના પિતા બ્રેસલો યુનિવર્સિટીમાં એનેટોમિના પ્રોફેસર હતા. મેક્સ બોર્નની બાળ વયમાં જ તેની માતાનું અવસાન થયું હતું. બ્રેસલોમાં પ્રાથમિક અભ્યાસ કર્યા પછી બોર્ન બ્રેસ્લો યુનિવર્સિટી અને ત્યારબાદ ઝુરીચ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરી ગણિત ક્ષેત્રે પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. અભ્યાસ દરમિયાન તેને જર્મન સેનામાં સેવા આપવી પડી હતી. ૧૯૦૭માં તે બીમાર પડ્યો અને ઈંગ્લેન્ડ રહેવા ગયો. કેમ્બ્રિજની જોન વિલે કોલેજમાં અભ્યાસ ચાલુ રાખ્યો. ત્યારબાદ ગોટેન્જન યુનિવર્સિટીમાં ફિઝીક્સના પ્રોફેસર તરીકે જોડાયો. ૧૯૨૬માં તેણે ક્વોન્ટમ મિકેનિક્સની નવી થીયરી રજૂ કરી. જર્મનીમાં હિટલરના શાસન દરમિયાન તેને જર્મની છોડવું પડ્યું. તે ફરી કેમ્બ્રિજમાં આવી એડિનબર્ગ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે જોડાયો. જર્મનીમાં અપમાનજનક સ્થિતિને કારણે તે ભાંગી પડ્યો હતો. પરંતુ તેણે પોતાનાં સંશોધનો ચાલુ રાખ્યા હતા. નિવૃત્તિ સુધી તે કેમ્બ્રિજમાં જ રહ્યો. ૫ જાન્યુઆરી ૧૯૭૦ના દિને તેનું અવસાન થયું. આ મહાન વિજ્ઞાનીની શોધ આપણને અનેક ક્ષેત્રોમાં ઉપયોગી થઈ રહી છે.

## મેગ્નેટના જુદા જુદા આકાર અને ઉપયોગ

મેગ્નેટ એટલે કે લોહચુંબકનો મુખ્ય ગુણ લોખંડની ચીજોને આકર્ષવાનો છે. તેને સ્વતંત્ર રીતે ફરે તેવી રીતે રાખવાથી તેનો એક છેડો દક્ષિણ અને બીજો ઉત્તર દિશામાં રહે છે. ઈલેક્ટ્રોનિક સાધનોમાં મેગ્નેટનો વ્યાપક ઉપયોગ થાય છે. જુદા જુદા હેતુ માટે વિવિધ આકારના મેગ્નેટ વપરાય છે.

**બાર મેગ્નેટ :** લાંબી પટ્ટી આકારના બાર મેગ્નેટની ક્ષમતા ઓછી હોય છે. આ મેગ્નેટ દિશા સૂચન માટે હોકાયંત્રમાં વપરાય છે. ફ્રિજના બારણા વગેરે સાધનોમાં બે સપાટીને જકડી રાખવા પણ ઉપયોગી છે.

**હોર્સ શૂ મેગ્નેટ :** ઘોડાની નાળ આકારના આ મેગ્નેટ અર્ધ ગોળાકાર પટ્ટા જેવા હોય છે. તેના બંને છેડા એક જ દિશામાં હોય છે. આ મેગ્નેટ શક્તિશાળી હોય છે. કચરામાંથી લોખંડની ચીજો અથવા લોખંડની વજનદાર વસ્તુ ઊંચકવા તેનો ઉપયોગ થાય છે.

**કોઈલ મેગ્નેટ :** કોઈલ કે વલયાકારના આ મેગ્નેટને હેલિકલ કોઈલ કે ઈલેક્ટ્રો મેગ્નેટ કહે છે. તે કાયમી નથી પણ ઈલેક્ટ્રીક વડે પ્રવાહ મળે ત્યારે સક્રિય થાય છે. સીડી પ્લેયર, કમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક, ઓટોમેટીક બારણા વગેરેમાં આ મેગ્નેટ વપરાય છે.

## ભારત દેશ મહાન

★ શૂન્ય અને અંક પદ્ધતિની શોધ પ્રાચીન ભારતમાં થઈ હતી.

★ બીજગણિત (એલ્જીબ્રા) અને ત્રિકોણમિતિ (ટ્રીગોનોમેટ્રી)નો પ્રથમ અભ્યાસ પ્રાચીન ભારતમાં શરૂ થયેલો.

★ વિશ્વની પ્રથમ યુનિવર્સિટી તક્ષશિલા ભારતમાં ઈ.સ. પૂર્વે ૭૦૦માં સ્થપાયેલી. તે સમયે ત્યાં વિશ્વભરમાંથી આવેલા ૧૦,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ ૬૦ વિષયોનો અભ્યાસ કરતા.

★ ભારતમાં ૨૬૦૦ વર્ષ પહેલાં આચાર્ય સુશ્રુતે દર્દી ઉપર સર્જરી કરવાની શોધ કરેલી. તે જમાનામાં મોતિયા, પથરી, ફ્રેક્ચર અને કૃત્રિમ અંગો બેસાડવાના ઑપરેશન થતા હતા. ■

## શિક્ષણ અને લગ્ન

*અમેરિકામાં લગ્ન કરતાં શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરાય છે. ભારતમાં શિક્ષણ કરતાં લગ્નો પાછળ બમણાથી પણ વધુ ખર્ચ કરાય છે.*

*ભારતમાં લગ્નનો ઉદ્યોગ ૧૦ લાખ કરોડનો છે. દર વર્ષે ૮૦ લાખથી ૧ કરોડ જેટલા લગ્નો થાય છે.*

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૨૮ : નાનો માણસ – મોટો માણસ
# મણકો - ૨૯ : કમબેક

● સંકલન ●
ડૉ. આશિષ ચોકસી

## નાનો માણસ – મોટો માણસ

*તમે મોટા માણસ ત્યારે કહેવાશો જ્યારે કોઈ પણ માણસ તમને મળીને પોતાની જાતને નાનો નહીં માને.*

★ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ તેલંગાણાના ભુપલપલ્લી જિલ્લાના કલેક્ટર અબ્દુલ રજીમ તેમની ઑફિસે પહોંચ્યા. તેમણે જોયું કે એક વૃદ્ધ મહિલા પગથિયાં પર બેઠી છે. કલેક્ટર ખુદ તે મહિલા પાસે પગથિયાં પર બેસી ગયા. ૭૦ વર્ષીય તે મહિલાએ કલેક્ટરને જણાવ્યું કે તેને વૃદ્ધ પેન્શન બે વર્ષથી મળ્યું નથી. તે માટે તેણે અલગ અલગ સરકારી વિભાગોમાં ઘણા ધક્કા ખાધા છે. કલેક્ટરે પગથિયાં પર બેઠાબેઠા જ જવાબદાર અધિકારીઓને ફોન પર સૂચના આપી તે મહિલાનું પેન્શન ચાલુ કરવા અને પોતાને રીપોર્ટ કરવા સુચના આપી.

★ ડૉ. ભાનુભાઈ પટેલને FERAના ઉલ્લંઘન માટે ૨૦૦૩માં ૧૦ વર્ષની જેલની સજા થઈ હતી. MBBS ની ડિગ્રી ધરાવતા ડૉ. ભાનુ પટેલે જેલમાં રહી ૩૧ ડિગ્રીઓ મેળવી અને ૫૪ જેટલા કોર્સ પૂરા કર્યા. આજે ૬૫ વર્ષની ઉંમરે તેમનું નામ લીમ્કા બુક ઑફ રેકોર્ડ્સ સહિત ઘણીબધી રેકોર્ડ બુક્સમાં નોંધાયું છે. જેલમાં શારીરિક અને માનસિક રીતે ખતમ થઈ જવાય તેવા વાતાવરણમાં એક પણ દિવસ વેડફ્યા વિના એક સાથે અલગ અલગ ફિલ્ડના પાંચ કોર્સનું રોજ વાંચન કરતાં અને ભણ્યા. તેમની સજા ઘટાડીને ૭ વર્ષની થઈ. જેલમાંથી છૂટીને ઘરે જઈને પણ ભણ્યા. જેલમાં હતા ત્યારે ૯૦૦ જેટલા કેદીઓને પોઝીટીવ વાતોથી મોટીવેટ કર્યા અને આગળ અભ્યાસ માટે પ્રેર્યા.

● **છેલ્લો બોલ :**

*કોઈ નિરાશ વ્યક્તિનો નબળો સમય સાચવી લેવા જેવું પુણ્યનું કામ આ દુનિયામાં એક પણ નથી. તેને તમે ફક્ત એક જ વાક્ય હૃદયના ઊંડાણમાંથી કહો કે, 'ચિંતા ના કરીશ, તારો આ સમય પણ જતો રહેશે' – એ ઈશ્વરને ગમતું અને તમારા હાથે થયેલું જીવનનું શ્રેષ્ઠ કર્મ હશે.*

*એક સુખદ જીવન માટે મગજમાં સત્યતા, મુખ પર પ્રસન્નતા અને હૃદયમાં પવિત્રતા ખૂબ જ જરૂરી છે.*

## કમબેક

*૨૫-૦૧-૨૦૦૨ :* આ દિવસની મેલબોર્નમાં રમાઈ રહેલ ફિમેલ ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલ મેચ ટેનિસ ચાહકો અને જેણે મેચ જોઈ હશે તે દર્શકો જીવનભર ભૂલી ના શકે તેવી મેચ રમાઈ. જેનિફર કેપ્રિયાટી સામે માર્ટીના હિંગીસ હતી. માર્ટીના હિંગીસ લગભગ જીતવા પર હતી. બેસ્ટ ઓફ થ્રીના બીજા સેટના એક તબક્કે સ્કોર હતો : ૬ - ૪, ૪ - ૦.

જેનિફર કેપ્રિયાટીના એક ખરાબ શોટથી સેટ, મેચ અને ટુર્નામેન્ટની પૂર્ણાહુતિ નક્કી હતી. તે વખતે ટેનિસની દુનિયાના લોકોની આંખ ચકાચોંધ થઈ જાય તેવું કેપ્રિયાટીએ કમબેક કર્યું. અચાનક તેના શોટ્સમાં હરીફને તીવ્રતા અને કપ જીતવાની ભડકતી તરસ જોવા મળી. તે મેચ જીતી ગઈ : ૪ - ૬, ૬ - ૪ અને ૬ - ૨ ના સ્કોરથી. ટેનિસના ઈતિહાસના પાનાં પર આ મેચ સુવર્ણ અક્ષરે લખાયી.

ક્રિકેટમાં છેલ્લા બોલ સુધી, પરીક્ષામાં છેલ્લા પ્રશ્નના જવાબ સુધી, દોડ સ્પર્ધામાં છેલ્લી ક્ષણ સુધી સ્પર્ધકે રણમેદાન છોડવાની જરૂર નથી હોતી. છેલ્લો બોલ, છેલ્લો જવાબ કે છેલ્લી ક્ષણ જ ઘણીવાર અણધારી અને અકલ્પનીય સફળતા અપાવી જીવનનું વહેણ બદલનારી હોય છે. અમુક શક્યતાઓ છેલ્લી ક્ષણે જ ખૂલતી હોય છે. અગણિત અનિશ્ચિતતાઓ વચ્ચે પણ જયારે તમે સ્વસ્થ રહી, ધીરજ રાખી, શ્રદ્ધાપૂર્ણ કાર્ય કરતાં રહો છો ત્યારે તમારી સફળતાની અપાર શક્યતાઓ ખૂલી જતી હોય છે.

● **છેલ્લો બોલ :**

*આત્મવિશ્વાસ ભર્યા ૭ પગથિયાં : મારે આ કામ કરવું છે – આ કામ હું કરી શકું છું. – મારે આ કામ પૂરું કરવાનો શ્રેષ્ઠ પ્રયત્ન કરવો છે. – આ કામ હું શરૂ કરું છું. – આ કામ મારાથી પૂરું થશે જ. – આ કામ કરવાનો મને ખૂબ જ આનંદ આવે છે. – મેં આ કામ પૂરું કરી લીધું છે.*

*દર્દ બધાના એક સરખા હોય છે*
*પરંતુ મનની મજબૂતાઈ દરેકની અલગ અલગ હોય છે.*
*કોઈ હતાશ થઈને હારી જાય છે,*
*તો કોઈ સંઘર્ષ કરીને તરી જાય છે.*

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૧૬ : પ્રીતિલતા વાદેદાર

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૫ મે, ૧૯૧૧*

*મહાપ્રયાણ : ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૩૨*

ચટગાંવની યુરોપિયન ક્લબ પર બૉમ્બ ફેંકનાર જાંબાઝ મહિલા ક્રાંતિકારી પ્રીતિલતા વાદેદાર બંગાળના ચટગાંવના વતની હતાં. તેમનો જન્મ ૫મી મે, ૧૯૧૧ના રોજ થયો હતો. તેઓ એક એવા પરિવારનાં પુત્રી હતાં કે જ્યાં દીકરીને શિક્ષણ આપવું એ સારું ન ગણાતું. આ કારણસર પ્રીતિલતાની શિક્ષણ બાબતે ઉપેક્ષા કરવામાં આવેલી. પરંતુ પ્રીતિલતા એમ હાર સ્વીકારે એમ નહોતાં. ભાઈઓને ભણાવવા ઘરે અધ્યાપક આવતા ત્યારે તેઓ એમને બેઠાં બેઠાં સાંભળ્યા કરતાં. એક દિવસ અધ્યાપકને ખબર પડી કે પ્રીતિલતા તો વગર ભણાવ્યે એના ભાઈઓ કરતાં વધારે હોશિયાર બની ગઈ છે. એમણે પ્રીતિલતાના પિતાને આ વાત કરી. પિતાને હવે દીકરીની કુશાગ્ર બુદ્ધિનું ભાન થયું. પ્રીતિલતાની ભણવાની વ્યવસ્થા કરવામાં આવી. જોતજોતામાં પ્રીતિલતા મેટ્રિક પાસ થઈ ગયાં. મેટ્રિક પાસ કર્યા પછી તેમણે ગ્રેજ્યુએશન કર્યું. પછીથી તેઓ નંદનકાનન હાઈસ્કૂલનાં પ્રધાન પ્રાધ્યાપિકા બની ગયાં. આ સમયગાળામાં જ ક્રાંતિકારીઓએ ચટગાંવમાં શસ્ત્રાગારનો ખાતમો બોલાવ્યો. બદલામાં અંગ્રેજ સરકારે ક્રાંતિકારીઓ અને તેનાં પરિવારજનો પર અત્યાચાર ગુજારવામાં કશું બાકી ના રાખ્યું. આ જોઈને પ્રીતિલતાનું મન અંગ્રેજ સરકાર પ્રત્યે ઘૃણાથી ભરાઈ ગયું. તે ક્રાંતિકારી દળમાં જોડાઈને છૂપી રીતે તેમાં કામ કરવા માંડ્યાં. પછીથી ઘર છોડીને ઇન્ડિયન રીપબ્લિક આર્મીનાં મહિલા સૈનિક બની ગયાં. ૧૪ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ કલઘાટમાં પોલીસ સાથેની અથડામણમાં પ્રીતિલતાના બે સાથીદારો નિર્મલ સૈન અને અપૂર્વસેન માર્યા ગયા. પ્રીતિલતા બચી ગયાં. પરંતુ સાથીદારોનાં મોતનું વેર એ ન ભૂલી શક્યાં. આ ઘટનાના દસ દિવસ પછી એક રાતે પ્રીતિલતા બૉમ્બ લઈને ક્રાંતિકારી દળ સાથે યુરોપિયન ક્લબ તરફ નીકળી પડ્યાં. રાતના સાડા દસ વાગ્યા હતા. ક્લબના ચાલીસ સભ્યો આનંદ-પ્રમોદમાં મસ્ત હતા. બરોબર આ સમયે ક્લબની એક ખુલ્લી બારીમાંથી પ્રીતિલતાએ બૉમ્બ ફેંક્યો. ક્લબની અંદર નાસભાગ મચી ગઈ. તરત જ પ્રીતિલતાએ બીજો બૉમ્બ ફેંક્યો. સાથે સાથે તેમના સાથીદારોએ ગોળીબાર પણ શરૂ કર્યો. વાતાવરણ ચીસો અને બૂમબરાડાથી ગાજી ઊઠ્યું. પરંતુ ક્રાંતિકારીઓને જોઈએ તેટલો સમય અને અનુકૂળતા ન મળી શક્યાં. પોલીસને ખબર પડી એવી ત્યાં આવી પહોંચી. ક્રાંતિકારીઓ નાઠા. ઘાયલ લોકોને તાત્કાલિક દવાખાને પહોંચાડવામાં આવ્યાં. તેમાં એક અંગ્રેજ મૃત્યુ પામ્યો હતો. આજુબાજુ તપાસ કરતાં ક્લબની બહાર પોલીસને એક મહિલાની લાશ મળી આવી, જેણે સૈનિકનો વેશ પહેર્યો હતો. આ લાશ પ્રીતિલતા વાદેદારની હતી. ષડયંત્રમાં મળેલી નિષ્ફળતાને કારણે અંતે તેમણે ૨૪ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ સ્વયં જ પોતાનું જીવન ટૂંકાવી દીધું.

## ચોર પર નિબંધ લખવા અપાયો

ચોર ઉપર નિબંધ લખવાનો હતો. ભૂરાએ નિબંધ લખ્યો..... *'ચોર દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે...'*

લોકોને આ મજાક કે ખોટું લાગતું હશે, પણ ખરેખર આ વિષય પર ધ્યાન આપવા જેવું છે!!

★ ચોરને લીધે જ તિજોરી છે, આલમારી છે અને એમને તાળાઓ ય છે!

★ ચોરને લીધે બારીઓ પર ગ્રીલ છે, મકાનોને દરવાજા છે, દરવાજાને તાળા છે. એટલું જ નહીં પણ બહાર સેફ્ટી દરવાજા પણ છે!

★ ચોરને લીધે ઘરોને/સોસાયટીને ફરતે કંપાઉન્ડ છે, ગેટ છે, ગેટ પર ચોવીસ કલાક માટે વોચમેન છે અને વોચમેનને યુનિફોર્મ છે.

★ ચોરને લીધે CCTV છે, મેટલ ડિટેક્ટર્સ છે. એટલું જ નહીં પણ સાયબર સેલ પણ છે.

★ ચોરને લીધે પોલીસ છે, પોલીસ ચોકી અને પોલીસ સ્ટેશન છે, ગાડીઓ છે, ડંડા, રાયફલ અને રીવોલ્વર અને ગોળીઓ છે.

★ ચોરને લીધે ન્યાયાલય છે, ન્યાયાલયમાં જજ છે, વકીલ છે, કારકુન અને પટ્ટાવાળા છે.

★ ચોરને લીધે જેલ છે, જેલર છે, જેલમાં પોલીસ છે.

★ મોબાઈલ, લેપટોપ, કોઈ પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો, સાઈકલ, વાહનો એવી વપરાશમાં લેવાતી અનેક ચીજો ચોરાઈ જાય ત્યારે માણસ નવી લે છે. તેથી દેશની આર્થિક પરિસ્થિતિને બળ મળે છે.....

***આ બધું વાંચીને હવે તમને ચોક્કસ ખાતરી થશે કે ચોર અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે...!!***

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૩ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૬

# સરસપુરથી ઝવેરીવાડ સુધી ગાડું બસાર થાય તેવું ભોંયરું

• લેખક •
દેવેન્દ્ર પટેલ

માત્ર ૩૦ વર્ષની યુવાનવયે ઈ.સ. ૧૬૨૮માં પાલીતાણા સંઘ કાઢ્યા બાદ શેઠ શાંતિદાસને અમદાવાદમાં ભવ્ય દેરાસર બાંધવાનો વિચાર આવ્યો.

જૈન દેરાસર માટે જમીન મેળવવા તેમણે મોગલ બાદશાહ જહાંગીરનો સંપર્ક સાધ્યો. જહાંગીર શાંતિદાસને ‘ઝવેરી મામા’ કહેતા હતા. વળી તમામ ધર્મો પ્રત્યે તેઓ અકબરની જેમ જ ઉદાર નીતિ ધરાવતા હતા. કોઈ પણ જાતની આનાકાની વગર જહાંગીરે જમીન ફાળવી દીધી.

અમદાવાદમાં આજનું સરસપુર એ વખતે ‘બીબીપુર’ તરીકે જાણીતું હતું. સૈયદ ખુન્દમીરની મા બીબીજીના નામ પરથી આ પરાનું નામ ‘બીબીપુર’ પડ્યું હતું. બાદશાહે આ પરામાં દેરાસર માટે જમીન આપી હતી. શાંતિદાસે ઈ.સ. ૧૬૨૧માં જૈન દેરાસરનું બાંધકામ શરૂ કર્યું.

ચિંતામણી મંત્રસિદ્ધિ પ્રાપ્ત થયા બાદ શાંતિદાસને શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર બાંધવાની અદમ્ય ઈચ્છા હતી. મંત્રસિદ્ધિના પ્રતાપે તેમનું ભાગ્ય ઝળહળી રહ્યું હતું. એ જમાનામાં લાખ્ખો રૂપિયા ખર્ચીને તેઓ નમૂનેદાર દેરાસર બનાવવા માંગતા હતા. જયપુરથી મકરાણાનો કિંમતી આરસ મંગાવવામાં આવ્યો. દિલ્હીથી કોતરકામ કરનારા કારીગરો બોલાવ્યા. ખંભાતથી અકીકના પથ્થરો ખરીદ્યા. સોમપુરા સલાટોએ શિલ્પશાસ્ત્રના નિયમો પ્રમાણે દેરાસરના નકશા તૈયાર કર્યા. જૈન આચાર્ય શ્રી મુક્તિસાગરજીએ ધાર્મિક નિયમો સમજાવી દેરાસરમાં ભોંયરું અને બાવન જિનાલયો કેવી રીતે બાંધવા તે સમજાવ્યું હતું. હવે પોતાના જીવનનો બધો જ સમય અને દ્રવ્ય આ દેરાસર પાછળ લગાડી દીધાં. આ કામમાં તેમના ભાઈ વર્ધમાનનો પૂરેપૂરો સહયોગ મળ્યો.

ઈ.સ. ૧૬૨૫માં આ દેરાસરનું કામ પૂરું થયું. વાચકેન્દ્ર નામના વિદ્વાન સાધુના નેતૃત્વ હેઠળ મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમાની તે દેરાસરમાં પ્રતિષ્ઠા કરવામાં આવી. દેરાસરનું નામ ‘મેરૂતુંગ’ રાખવામાં આવ્યું. બીબીપુરાના આ ભવ્ય દેરાસરની કમાનો પર અપ્સરા જેવી સ્ત્રીઓની મૂર્તિઓ હતી. તેનાં વિશાળ અને ઉન્નત પગથિયાં ભક્તોના સ્વર્ગ તરફના પ્રયાણનાં દ્યોતક હતાં. દેરાસરના મેઘનાદ, સિંહનાદ, સૂર્યનાદ, રંગરખ, ખેલ અને ગૂઢગોત્ર – એવાં નામો ધરાવતા છ મંડપ હતા. બે મિનારા, ચાર ચોરસ દેરાસરો અને ભોંયરામાં જિનની મૂર્તિઓ સાથેની ચાર દેરીઓ હતી.

એ વખતે બાદશાહના અમદાવાદના સૂબા તરીકે આઝમખાન હતો. તે શક્તિશાળી હતો. દુશ્મનો તેના નામ માત્રથી ધ્રૂજતા હતા.

આ દેરાસર બંધાયાનાં ૧૨ વર્ષ પછી ઈ.સ. ૧૬૩૮માં જર્મન પ્રવાસી આલ્બર્ટ ડી. મેન્ડેસ્લોએ તેની મુલાકાત લઈ પ્રશસ્તિ કરી હતી. પ્રવેશદ્વારમાં કાળા રંગના બે હાથીઓ અને તેમાં એકની ઉપર શાંતિદાસની મૂર્તિ પણ હતી. મેન્ડેસ્લોએ વર્ણન કર્યું હતું કે ‘મેં એ દેરાસર જોયું ત્યારે તે દેશના રીવાજ પ્રમાણે પલાંઠી વાળીને બેઠેલી નગ્ન સ્ત્રીઓની મૂર્તિઓ હતી. પરંતુ મેન્ડેસ્લોની એ ભૂલ હતી. જેને તે નગ્ન સ્ત્રી સમજી બેઠો હતો તે હકીકતમાં તીર્થંકરોની જ મૂર્તિઓ હતી.

એ જમાનામાં આ દેરાસર બંધાવવા પાછળ પાંચથી સાત લાખ રૂપિયા ખર્ચ થયું હોવાનું ઇતિહાસકાર મગનલાલ વખતચંદ નોંધે છે. આ દેરાસર ઉત્તરાભિમુખ હતું. આ દેરાસર ભવ્ય તીર્થ બની ગયું હતું.

પરંતુ કાળક્રમે આ દેરાસર સાથે એક અઘટિત ઘટના ઘટી ગઈ. હજુ તો આ દેરાસરને બન્યે માંડ બે દાયકા પણ નહોતા થયા અને એક કમનસીબ પ્રસંગ બની ગયો. ઈ.સ. ૧૬૪૫થી ૧૬૪૬ દરમિયાન મોગલ બાદશાહ શાહજહાંએ બે વર્ષ માટે તેમના પુત્ર ઔરંગઝેબને અમદાવાદના સૂબા તરીકે નીમ્યો હતો.

એ વખતે ઔરંગઝેબ યુવાનીના મદમાં ધર્મઝનૂની હતો. અમદાવાદ આવેલા ઔરંગઝેબની નજરમાં આ દેરાસરની ભવ્યતા કઠી ગઈ. એ ધર્માંધ બની ગયો હતો. તે સાંખી શક્યો નહીં. એણે આ જૈન દેરાસરને મસ્જિદમાં ફેરવી નાંખવા સૂચના આપી. સાથીદારોએ આવું કૃત્ય ના કરવા ઔરંગઝેબને સમજાવ્યો. જૈન દેરાસરને અખંડિત રાખવાના સાથીઓના તમામ પ્રયાસો નાકામિયાબ રહ્યા. ઊલટાનું એણે દેરાસરને મસ્જિદમાં તાત્કાલિક તબદીલ કરવા કડક હુકમ કર્યો.

ઔરંગઝેબના આદેશ મુજબ ભવ્ય દેરાસરમાં ભાંગફોડ શરૂ કરવામાં આવી. જૈન તીર્થંકરોની મૂર્તિઓ ખંડિત કરી દેવામાં આવી. દેરાસરની પૂતળીઓ તોડી નાંખી. દેરાસરને ભારે નુકસાન પહોંચાડ્યા બાદ દેરાસરમાં જ ગાયનો વધ કરવામાં આવ્યો. ગાયનો વધ એટલા માટે કરાવવામાં આવ્યો કે જેથી જૈનો કદીયે આ દેરાસરનો ઉપયોગ કરી શકે નહીં. આ અત્યંત ક્રૂર અને દારુણ પ્રસંગ હતો. ઉત્તમ શિલ્પકૃતિઓ ભાંગી નાખ્યા બાદ દેરાસરને મસ્જિદમાં રૂપાંતરિત કરવાનું કામ ચાલુ થયું. તેમાં નવી મહેરાબો બનાવવામાં આવી. મસ્જિદને તેણે ‘કુવ્વલ-અલ-ઇસ્લામ’ એવું નામ આપવામાં

આવ્યું. એનો અર્થ થાય છે : 'ઈસ્લામની તાકાત' આ કમનસીબ બીના ઈ.સ. ૧૬૪૫માં બની.

શેઠ શાંતિદાસને અગાઉથી અંદાજ હતો કે ભવિષ્યમાં ગમે ત્યારે શ્રી ચિંતામણી પાર્શ્વનાથના દેરાસર પર આપત્તિ આવી શકે તેમ છે તેથી અગમચેતી સાથે દેરાસરની નીચે લોકોને ખબર પડે નહીં તે રીતે આખાં ને આખાં ગાડાં પસાર થઈ શકે તેવું ભોંયરું બનાવી રાખ્યું હતું. જે છેક બીબીપુરા (આજનું સરસપુર)થી અમદાવાદ શહેરની મધ્યમાં ઝવેરીવાડ (આજના રીલીફ રોડ પાસે) નીકળતું હતું. બદલાતી રાજકીય પરિસ્થિતિ જોઈ ગયેલા શાંતિદાસને ભવ્ય દેરાસર પર ધાર્મિક આક્રમણની દહેશત પહેલેથી જ હતી. તેથી વિચક્ષણ શાંતિદાસે ભોંયરું અગાઉથી જ તૈયાર કરાવી દીધું હતું. પોતે જ બંધાવેલું ભવ્ય દેરાસર ભગ્ન થતાં તેઓ દુઃખી દુઃખી થઈ ગયા. આ દેરાસરને થતું નુકસાન તો તેઓ અટકાવી ના શક્યા પરંતુ દેરાસરની પાંચ મુખ્ય પ્રતિમાઓને ભોંયરા વાટે ઝવેરીવાડમાં લાવવામાં આવી. તેમાંથી બે પ્રતિમાઓનાં વજન તો ૧૦૦-૧૦૦ મણ હતાં. આ પ્રતિમાઓ ઝવેરીવાડમાં લાવવામાં આવી છે તે વાતની ગંધ પણ મોગલ રાજકુમાર અને સૂબા ઔરંગઝેબને ના આવી. વાતને છુપાવી રાખવામાં આવી.

આ બનાવના ૧૦૦ વર્ષ બાદ શાંતિદાસ ઝવેરીના વંશજોએ ઝવેરીવાડમાં ફરી દેરાસર બનાવ્યું અને એ જ મૂર્તિઓની પ્રતિષ્ઠા ઝવેરીવાડના દેરાસરમાં કરવામાં આવી. આ દેરાસર આજે પણ અમદાવાદમાં મોજૂદ છે. આ મૂર્તિઓ ભોંયરા દ્વારા લાવવામાં આવી કે બીજા કોઈ રસ્તે તે અંગેની કોઈ નક્કર સાબિતી નથી પરંતુ ઔરંગઝેબ અમદાવાદમાં હોઈ અને ખુલ્લા રસ્તા પરથી પ્રતિમાઓ લાવવી શક્ય નહોતું. મોટાભાગના વિદ્વાનો માને છે કે બીબીપુરાથી ઝવેરીવાડ સુધી ગાડું પસાર થઈ શકે તેવું ભોંયરું અમદાવાદમાં હતું અને શેઠ શાંતિદાસે પાંચ મૂર્તિઓ બચાવી લીધી તે તો હકીકત છે જ.

શાંતિદાસ ઝવેરી શાહજહાં સાથે વગ ધરાવતા હોવા છતાં બાદશાહના શાહજાદા ઔરંગઝેબે કરેલા કૃત્યથી તેઓ ખિન્ન હતા. પરંતુ તેઓ શાણા વણિક હતા. આની સામે યોગ્ય પગલું ભરવા યોગ્ય સમયની રાહ જોવા લાગ્યા. તત્કાળ ચૂપ રહેવાનું તેમણે મુનાસિબ માન્યું. વળી આ ઘટનાને પગલે અમદાવાદમાં કોમી હુલ્લડ પણ થયું હતું.

સમય વીતતો ગયો. વમળો શાંત થયાં.

શેઠ શાંતિદાસે હવે સમય યોગ્ય છે એમ સમજી મોગલ બાદશાહ શાહજહાં પાસે જઈ જૈન દેરાસરની દુર્દશા અંગે ફરિયાદ કરી. તે ઈમારત પાછી મેળવવા પણ દાદ માંગી. મુલ્લા હકીમે ઈસ્લામના નિયમોનો ઉલ્લેખ કરી શાંતિદાસ શેઠને સાથ આપતાં જણાવ્યું કે 'ઈસ્લામના અતૂટ કાયદા પ્રમાણે બીજાની ઈમારત મસ્જિદ તરીકે ના વાપરી શકાય.'

બાદશાહ શાહજહાંને શાંતિદાસ શેઠની એક શ્રેષ્ઠી તરીકેની પ્રતિષ્ઠાની જાણકારી હતી. શાંતિદાસ લોકપ્રિય છે તે વાત પણ તે જાણતો હતો. તા. ૩ જુલાઈ, ૧૬૪૮ના રોજ એક ફરમાન બહાર પાડી જૈન દેરાસરનો કબજો શાંતિદાસ શેઠને પાછો મળે તે માટે હુકમ કર્યો.

આ શાહી ફરમાન ઉપર મહોર શાહજહાં અને દારા શુકોરના નામની છે. ફરમાનમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું કે જે ઈમારતને ઔરંગઝેબે મસ્જિદમાં ફેરવી છે તે પાછી તેના મૂળ માલિક શાંતિદાસ શેઠને સોંપી દેવી. તેમાં મસ્જિદ માટે ઊભી કરાયેલી કમાનો-મહેરાબો દૂર કરવી. ફકીરોને તે સ્થાનમાંથી દૂર કરવા. વ્હોરાઓ દેરાસરથી જે સામાન લઈ ગયા છે તે પાછો મેળવવો અથવા નુકસાન ભરપાઈ કરી આપવું.

આ મુજબનું ફરમાન તા. ૩ જુલાઈ, ૧૬૪૮ના રોજ થયું.

પોતાના જ પુત્રએ કરેલી ભૂલ પિતાએ સુધારી લીધી અને મુસ્લિમ બાદશાહની અન્ય ધર્મ પ્રત્યેની ઉદાર નીતિનું આ એક અસાધારણ ફરમાન હતું. ફરમાનના રૂપમાં એ ઈમારત પાછી મળી હોવા છતાં ત્યાં જૈનો ફરી પૂજા અર્ચના કરવા ના ગયા, કારણ કે ઔરંગઝેબે એ સ્થાનમાં ગાયનો વધ કરાવ્યો હતો. અપવિત્ર થયેલા એ સ્થાનમાં ફરીથી પ્રતિષ્ઠા ના કરી શકાય તેવી માન્યતાના કારણે જૈનો દેરાસર તરીકે એ ઈમારતનો ઉપયોગ ન કરી શક્યા. પરિણામે લાખો રૂપિયા ખર્ચીને બંધાવાયેલી એ ઈમારત વેરણછેરણ થઈ ગઈ. ઈસ્લામના કાનૂન પ્રમાણે મુસલમાનો પણ એ ઈમારતથી દૂર રહ્યા. ગાયના વધના કારણે જૈનો પણ ફરી ત્યાં કદી ના ગયા. બંને કોમો તરફથી ઉપેક્ષિત એ સ્થળ વેરાન બની ગયું. કાળક્રમે રહ્યાસહ્યા પથ્થર પણ લોકો ઉપાડી ગયા.

બધું જ નાશ પામ્યું.

ફ્રેંચ મુસાફર થેવેનોએ પણ ધ્વસ્ત થઈ ગયેલી આ ઈમારતની મુલાકાત લીધી. ત્યાર પછી બીજા એક ફ્રેંચ પ્રવાસી વેરેનિયરે પણ આ સ્થળની મુલાકાત લઈ તેની ભગ્નાવસ્થાનું વર્ણન કર્યું.

શાહજહાંના ફરમાન પછી પણ જૈનો કે મુસલમાનો – એ બેમાંથી કોઈએ આ સ્થળને ધાર્મિક અનુષ્ઠાન માટે ના વાપર્યું. લોકોએ તેની અવગણના કરી. શ્રી ચિંતામણી દેરાસરનો કબજો મેળવ્યા પછી પણ જૈન સંઘ તેનો ઉપયોગ કરી ના શક્યું તેનો અફસોસ શાંતિદાસ ઝવેરીને જીવન પર્યંત રહ્યો.

અને એક બેનમૂન ઈમારત માનવીના કારણે જ લુપ્ત થઈ ગઈ. આજે એ ઈમારતના થોડા ઘણા અવશેષો પણ નથી.

આર્થિક વિકાસ

# સરકારી નોકરીનાં સ્થાને ગુજરાતમાં ઉપલબ્ધ સ્વતંત્ર વ્યવસાય માટે યુવકો આગળ આવે

ડૉ. નાનકભાઈ ભટ્ટ

વૈદિકકાળે મનુષ્યની ભૂમિકાને સ્પષ્ટ કરી. વૈશ્વિક શક્તિના ભાગરૂપે પ્રકૃતિ અને માનવને સાંધતા તત્ત્વોની સમજૂતી આપી. સામાજિક રસમો સ્થાપી. તો દૈવત ધરાવનાર વ્યક્તિ વિશેષને દૈવ-રાજાનો દરજ્જો આપ્યો. પ્રજાને વિકાસના માર્ગે દોરવા માટે સમુદાયો, જ્ઞાતિ, કુટુંબ ઇત્યાદિ વ્યવસ્થાઓને કાર્યાન્વિત કરી સામુદાયિક વિકાસનો દોર સ્વતંત્રતા પછી આમપ્રજાના હાથમાં આવ્યો પરંતુ આધુનિકતાવશાત્ ૨૧મી સદીમાં તકનિકી સાધનોનો સ્વીકાર વધ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજી એક સાર્વત્રિક સત્તા તરીકે ઊભરી રહ્યાં છે. ટૉફલર કહે છે તેમ, છેલ્લાં ૨૦ વર્ષમાં તો શક્તિનું કેન્દ્ર અને સુધારણાનો મદાર માણસ તરફથી ખસીને વિજ્ઞાન અને તકનિક તરફ જઈ રહ્યાં છે.

બદલાયેલ પરિવેશમાં હવે સમાજમાં વ્યક્તિ સમુદાય કે જૂથ પરિવર્તનનાં માધ્યમ બનતાં તેના સ્થાને વાહન વ્યવહાર, સંદેશાવહન, ઉર્જાનાં વિવિધ સાધનો સામાજિક વિકાસને દિશા અને ગતિ આપવા સક્ષમ સાબિત થયા છે. શહેર અને ગામડું તેવી ભેદ રેખાઓ તૂટી રહી છે. કોઈ નોંધનીય સામાજિક તફાવતો વિના દેશમાં રહેતા લગભગ તમામ લોકો સમરૂપ જીવનશૈલી અને આચાર-વિચાર પ્રત્યે કેળવાઈ રહ્યાં છે. આધુનિકીકરણનાં નામે જાણીતાં પરિવર્તનની ઘટનાનાં બે મુખ્ય કેન્દ્રો વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા સત્તાનું હસ્તાંતરણ થયું છે. એક નવી જીવનશૈલી - નવા યુગનું નિર્માણ થયું છે.

બદલાયેલા આર્થિક માહોલમાં આજનો પ્રશ્ન વિકાસની હરોળમાં પાછળ રહી ગયેલા સમુદાયને ઉત્પાદકતા સાથે જોડવાનો છે. **અગાઉ રાજ્યસત્તાની રહેમથી સાધી શકાતો હેતુ હવે વિજ્ઞાન અને મધ્યમ કદનાં તકનિકી સાધનો દ્વારા હાંસલ કરવાનો સમય આવી ગયો છે. જરૂરિયાતમંદ વ્યક્તિને રોજગારી આપે તેવા કાર્યક્ષેત્રોમાંનું પ્રથમ છે, વૉટરશેઈડ મેનેજમેન્ટ. વરસાદથી મળતા પાણીના સંચય અને તેના રચનાત્મક ઉપયોગની તરાહ પાણી ગ્રામીણ ક્ષેત્રમાં ખેતી, વૃક્ષ ઉછેર અને મત્સ્ય ઉદ્યોગો વિકસાવી શકવા સક્ષમ છે.** ૨૦૧૦થી ૨૦૨૨ દરમિયાન ઉત્તર ગુજરાતના દાહોદ અને પંચમહાલ જેવાં પછાત ક્ષેત્રોમાં વૉટર શેઈડના જે કાર્યક્રમો વિકેન્દ્રિત ધોરણે યોજાયા તેમાં રૂા. ૪૫૬ લાખના ખર્ચ દ્વારા ૬ લાખ ૧૭ હજાર એકર જમીનમાં પાણી ફરી શક્યું. જેથી ૩ લાખ ૩૨ હજાર આદિવાસી પરિવારોને રૂા. ૧ હજાર ૨૨૮ કરોડનો આર્થિક લાભ થયો.

**સારા જીવન માટે પરિશ્રમ રેડવા તત્પર હોય તેવા ગ્રામસમૂહને વિકસતી તકનિકના આધારે રોજગારી આપી શકાય તેવું બીજું સક્ષમ ક્ષેત્ર હસ્તઉદ્યોગ છે. કચ્છ અને સાવરકુંડલા ટેનરી ઉદ્યોગ, સુરેન્દ્રનગર જિલ્લામાં વણાટનું કાર્ય, પાંચાલ ભાલ તથા કચ્છ વિસ્તારમાં ભરતકામ અને મોતીકામનો ઉદ્યોગ, બોટાદમાં માટીકામ, ઉત્તર ગુજરાતમાં પેચવર્કનું કામ, દક્ષિણ ગુજરાતમાં વાંસ ઉદ્યોગને સાંકળી વરસે દહાડે ૧,૭૦,૦૦૦ કારીગરોને ૨૨થી ૨૮ કરોડની રોજી આપી શકાય તેવી શક્યતાઓ છે.** આ કાર્યમાં અમદાવાદ ખાતે અટીરા સંસ્થાએ વિકસાવેલ ટેક્ષટાઈલ ડિઝાઈનના કમ્પ્યુટર સોફ્ટવેર કાર્યક્રમને જોડી નાના કારીગરોને કોઈ વચેટિયા વિના સીધો જ લાભ આપી શકાય. એટલું જ નહીં પણ વાંસ અને ભરત કે મોતીકામને પ્લાસ્ટિક મોલ્ડિંગ ઉદ્યોગ સાથે જોડવાથી પારંપરિક હસ્ત ઉદ્યોગનાં કાર્યને નવી દિશા આપી શકવાની ઉજળી શક્યતાઓ છે.

ભગવાન કૃષ્ણની કર્મભૂમિ સમું ગુજરાત પોતાનાં પશુધન માટે જાણીતું છે. ગુજરાતે સહકારી ધોરણે દૂધ-ઉત્પાદનમાં પોતાનું નામ વિશ્વમાં અગ્રેસર કર્યું છે. પરંતુ પશુઉછેર અને દૂધ-ઉત્પાદનના નાતાને વિજ્ઞાનની મદદથી આગળ ન ખેંચી શકાય? **ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ અને ખાદી ગ્રામોદ્યોગ દ્વારા પ્રતિવર્ષ રાજ્યમાં ૪૬૦૦થી ૭૦૦૦ બાયોગેસ પ્લાન્ટ તૈયાર થાય છે તો રાજ્યની કુલ વસ્તીની સંખ્યાની ભારોભાર જે પશુધન ઉપલબ્ધ છે તેનાં ગોબરમાંથી ધંધાકીય રીતે બાયોગેસ કેમ ન બને? તેમ એગ્રોવેસ્ટ કે ખેતીની આડપેદાશમાંથી પશુઆહાર બનાવવામાં આવે તો ગ્રામીણ ઊર્જા અને રોજીનો બેવડો પ્રશ્ન હલ થાય.**

ગામડાંમાં યુવકોને વ્યાપક રોજી આપી શકતું ચોથું કાર્યક્ષેત્ર વસ્ત્ર ઉત્પાદન છે. સૂતરના તાંતણે સ્વરાજ્યની કલ્પના મહાત્મા ગાંધીજીએ સાકાર કરી આપી. પરંતુ ત્યારબાદ તેનો અનુબંધ ભારતમાં ન રહ્યો. આમ છતાં વિજ્ઞાન તકનિકીએ પોતાની અસરકારીતા અવિરત રાખી છે. **આથી રાજકોટ જિલ્લાના ગોંડલમાં સર્વોદય યોજના વહન કરતા મિત્રોએ ૩૯ ત્રાકનો સૂર્યશકિતથી ચાલતો રેંટિયો બનાવ્યો છે.**

**તો અટીરા સંસ્થાએ એક કારીગર આસાનીથી સાંજ પડે ૬ થી ૮ મીટર કાપડ વણી શકે તેવી લૂમ વિકસાવી છે. અહીં પ્રશ્ન કપાસનાં ખેતરનાં ઉત્પાદનને સૂતર અને વણાટ સુધી એક તાંતણે બાંધવાનો છે.**

ગુજરાતનાં ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારીની વ્યાપકતા માટે લાઈટ એન્જિનિયરીંગના સાધનો પણ આશાસ્પદ પુરવાર થયાં છે. નવા સાધનોનાં માધ્યમથી ભાવનગરમાં પ્લાસ્ટિક રોપ બનાવવાનું કામ, જામનગરમાં બ્રાસ પાર્ટનું કાર્ય, ઉત્તર ગુજરાતમાં મોતી અને અકીકનું કાર્ય તેમજ દક્ષિણ ગુજરાતમાં હીરા ઉદ્યોગનું કામ વિકસ્યું છે. **ગ્રામોદ્યોગના માધ્યમે આજે ૧,૫૨,૦૦૦ બહેનો મસાલા અને પાપડનાં કામોમાં રોજી મેળવે છે.**

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના ગુજરાતની ધરતી ઉપર પથરાઈ છે ત્યારે પ્રતિવર્ષ અંદાજિત ૧૪૦૦ કરોડનું ખેત-ઉત્પાદન ગ્રામ પ્રદેશોમાં ઉપલબ્ધ બનશે. આથી કહી શકાય કે પ્રજાને વિકાસ માટે જોતરવા, તેમની સુખાકારીમાં વધારો કરવા માટે હવે આપણને નવો યુગ મળ્યો છે.

દેશના બીજા ભાગોની અપેક્ષાએ ગુજરાતનાં આમ લોકોની સુખાકારી વધુ છે. આમ છતાં મિડલ લેવલ ટેકનોલોજીની મદદથી વિકાસ હાંસલ થાય તેવી રણનીતિ ઘડવામાં આવે તો ગુજરાતીઓની માથાદીઠ આવકમાં આઠ આની વધારો થશે.

*મો. ૯૮૯૮૪ ૬૩૪૮૯*

## ભારતમાં સ્ટીલની આયાત - નિકાસ

ગત વર્ષમાં ભારતમાંથી સ્ટીલની નિકાસ ૩૫ લાખ ટન તો આયાત ૭૪ લાખ ટન થયેલ છે.

દેશમાં છેલ્લા ૧૦ મહિનામાં ફિનીશ્ડ સ્ટીલની જે આયાત થઇ છે તે પૈકી ૭૮ ટકા આયાત ચીન, સાઉથ કોરિયા તથા જાપાન ખાતેથી થયેલ છે. ઇન્ડોનેશિયા ખાતેથી આવી આયાત વધીને ત્રણ ગણી થઈ છે.

દેશમાં આ ગાળામાં હોટ-રોલ્ડ કોઈલ તથા સ્ટ્રીપ્સ પ્રકારના સ્ટીલની આયાતમાં વિશેષ વૃદ્ધિ થયેલ છે. આ દરમિયાન દેશમાંથી ફિનીશ્ડ સ્ટીલની નિકાસ નોંધપાત્ર ઘટી ૭ વર્ષના તળિયે ઉતરી ગઈ છે.

ભારતથી ઇટલી તરફની આવી નિકાસ અડધો અડધ ઘટી ગઈ છે. બેલ્જિયમ, નેપાળ તથા સ્પેનમાં પણ નિકાસ ઘટી જવા પામેલ છે.

*ભગવાને મનુષ્યના સર્જન વખતે તમામ વસ્તુઓ આપી દીધી. પણ તે સમયે એક વસ્તુ નીચે પડી ગઈ. જેને ભગવાને પગ નીચે દબાવી દીધી...!*

*મનુષ્ય ગયા પછી લક્ષ્મીજીએ પૂછ્યું, પ્રભુ તમે પગ નીચે શું છુપાવ્યું? જે તમે મનુષ્યને ન આપ્યું...?*

*ત્યારે ભગવાને કહ્યું... મેં પગ નીચે "શાંતિ" છુપાવી છે. જે મનુષ્ય બધું મળવા છતાંય એના માટે તરસશે અને ગમે ત્યાં તેને શોધશે પણ અંતે તો એ મારા ચરણોમાં જ મળશે.*

***પ્રેષક : નવનીત પટેલ***

## ભારતના પ્રાચીન વિજ્ઞાનીઓ

| | **વિજ્ઞાનીનું નામ** | | **વિષય** |
|---|---|---|---|
| ૧. | બૌધાયન | (8th Century BCE) | ગણિતશાસ્ત્ર |
| ૨. | સુશ્રુત | (6th Century BCE) | આયુર્વેદ અને શસ્ત્રક્રિયા |
| ૩. | કણાદ | (6th Century BCE) | તત્ત્વજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન |
| ૪. | કાશ્યપ મુનિ | (6th Century BCE) | આયુર્વેદ અને જ્યોતિષ |
| ૫. | ચરક | (1st Century CE) | આયુર્વેદ |
| ૬. | પિંગલ | (2nd Century BCE) | છંદશાસ્ત્ર અને ગણિત |
| ૭. | પતંજલી | (2nd Century BCE) | યોગ અને આયુર્વેદ |
| ૮. | નાગાર્જુન | (2nd Century CE) | રસાયણ શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન |
| ૯. | આર્યભટ્ટ | (476 CE 550 CE) | ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર |
| ૧૦. | વરાહમિહિર | (550 CE 587 CE) | ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ |
| ૧૧. | ભાસ્કરાચાર્ય | (1114 CE 1185 CE) | ગણિત અને ખગોળશાસ્ત્ર |

આવકવેરો

# નવો કાયદો
## ૧લી એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવે તેવી શક્યતા છે

ડૉ. મિહિર એમ. વોરા

આવકવેરા બીલ ૨૦૨૫ હાલના કાયદાની કેટલીક અવ્યવસ્થાને દૂર કરનારું છે.

આ નવા ઇન્કમટેક્સ બીલ ૨૦૨૫માં આવકવેરા બીલ કરદાતાઓને આવકમાં ૧૨ લાખ સુધી છૂટ આપતું અને છ દાયકા જૂના કાયદામાં વિવિધ સુધારા સાથે આવકવેરા બીલ ૨૦૨૫ તાજેતરમાં લોકસભામાં રજૂ કરાયું.

આ બીલ ઘણી રીતે ખાસ છે. જૂના કર માળખા અને કાયદાઓને વધુ સ્પષ્ટ અને સરળ બનાવવાનો ઇરાદો દેખાય છે.

લોકસભામાં રજૂ કરાયેલ આ બીલ સંસદના બંને ગૃહોમાં પસાર થયા બાદ આ અંગે નવો કાયદો ૧ એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવે એવી શક્યતા છે. આવકવેરા બીલ અંગે આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે બીલ સીધું, સ્પષ્ટ અને સમજવામાં સરળ છે.

જેમાં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧માં ૧૮ની સરખામણીમાં ૫૭થી વધુ કોષ્ટકો છે. કરદાતાઓના સીધા રસ ધરાવતી વિગતો જેમાં કપાત, TDS/TCS દર અને મુક્તિનો સમાવેશ થાય છે, તે કોષ્ટક સ્વરૂપમાં પ્રદાન કરવામાં આવી છે.

આવકવેરા નવા બીલની વાત કરીએ તો એમાં અંદાજે ૧૨૦૦ જેટલી જોગવાઈઓ અને ૯૦૦ જેટલી સમજુતીઓ દૂર કરવામાં આવી છે.

શબ્દોને સંખ્યા લગભગ ૫.૧૨ લાખથી ઘટીને ૨.૬૦ લાખ થઈ ગઈ છે અને મૂડી લાભ, કપાત અને વિવાદ નિવારણ સહિતની બધી બિનજરૂરી જોગવાઈઓ, જેમાં વર્ષોથી સુધારા કરવામાં આવ્યા છે, તેને બાદ કરવામાં આવી છે.

સીધા કરવેરા માળખામાં કોઈ મોટો ફેરફાર થયો નથી. જે સાતત્ય અને સ્થિરતા સુનિશ્ચિત કરે છે. આ બીલ હાલના કાયદાથી એક નોંધપાત્ર રીતે અલગ છે.

જ્યારે તે ભાડા ચૂકવવા, જીવન અને આરોગ્ય વીમા પ્રીમિયમ, પ્રોવિડન્ટ ફંડમાં યોગદાન અને હોમ લોન માટે કપાતનો ઉલ્લેખ કરે છે. ત્યારે તે જૂના કર શાસન માટે કર દરો માટે કોઈ કોષ્ટક પ્રદાન કરતું નથી. નવી કર વ્યવસ્થામાં કર સ્લેબ કોષ્ટક સ્વરૂપમાં પ્રદાન કરવામાં આવ્યા છે.

આ બીલ ૬૨૨ પાનાનું છે, જે ૮૨૩ પાનાના આવકવેરા કાયદા (૨૦૨૪ સુધી અપડેટ થયેલ) કરતાં લગભગ ૨૪% નાનું છે. સરળ ભાષા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આવકવેરા કાયદામાં ૨૩ પ્રકરણો છે, જે અગાઉના ૪૭ પ્રકરણો કરતાં અડધા કરતાં ઓછા છે. ૧૬ અનુસૂચિઓ છે, જે અગાઉના કાયદા કરતાં બે વધુ છે.

કાયદામાં ૮૧૯ અસરકારક કલમોની સરખામણીમાં બીલમાં ૫૩૬ કલમો છે. જોકે, કાયદામાં ફક્ત ૨૯૮ કલમોનો ઉલ્લેખ છે. વર્ષોથી, હાલની કલમો સાથે ચાલુ રાખીને નવી કલમોને ક્રમાંકિત કરવામાં આવી હતી.

ઉદાહરણ તરીકે, ખાસ કિસ્સાઓમાં કર સંબંધિત જોગવાઈઓ ૧૧૫ શ્રેણીના ભાગરૂપે દાખલ કરવામાં આવી હતી. જેમ કે 115AC, 115AD, 115JB, 115VP વગેરે.

આ બીલ "કર વર્ષ"ની વિભાવના રજૂ કરે છે. જેને ૧ એપ્રિલથી શરૂ થતાં ૧૨ મહિનાના સમયગાળા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.

કોઈ વ્યવસાય અથવા નવા સ્થાપિત વ્યવસાયના કિસ્સામાં, કર વર્ષ તેની સ્થાપનાની તારીખથી શરૂ થશે અને તે નાણાંકીય વર્ષ સાથે સમાપ્ત થશે. આવકવેરો આર્થિક પ્રવૃત્તિ અને કર વર્ષમાં મેળવેલી આવકના આધારે વસૂલવામાં આવશે.

હાલમાં આકારણીમાં 'આકારણી વર્ષ' (AY)ની વિભાવના છે, જે પાછલા નાણાંકીય વર્ષમાં કમાયેલી આવક પર કરનું મૂલ્યાંકન કરે છે.

ઉદાહરણ તરીકે, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ (૧ એપ્રિલ, ૨૦૨૪થી ૩૧ માર્ચ ૨૦૨૫)માં કમાયેલી આવકનું મૂલ્યાંકન AY 2025-26 (૧ એપ્રિલ, ૨૦૨૫થી શરૂ)માં કરવામાં આવે છે.

૧૯૮૯ પહેલાં, 'પાછલું વર્ષ' અને 'આકારણી વર્ષ'ની વિભાવનાઓ હતી કારણકે કરદાતાઓ આવકના દરેક સ્રોત માટે ૧૨ મહિનાના પાછલા વર્ષો અલગ અલગ રાખી શકતા હતા.

૧ એપ્રિલ ૧૯૮૯થી બધા કિસ્સાઓમાં પાછલા વર્ષને નાણાંકીય વર્ષ સાથે સંરેખિત કરવામાં આવ્યું હતું. જો કે, કાયદા હેઠળ વિવિધ કાર્યવાહી માટેનો ઉપયોગ ચાલુ રહ્યો. આમ, કરદાતાએ બે અલગ અલગ સમયગાળા, પાછલા વર્ષ અને AY ને ટ્રેક કરવા પડતા હતા.

'વર્ચ્યુઅલ ડિજીટલ સ્પેસ'ને આવકવેરા અધિકારીઓ દ્વારા સર્વેક્ષણો, શોધ અને જપ્તી દરમિયાન માહિતી મંગાવવાની સત્તાઓમાં વ્યાખ્યાયિત કરવામાં આવી છે. જેમાં ઇ-મેઈલ

સર્વર્સ, સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ઓનલાઈન રોકાણ, ટ્રેડિંગ અને બેન્કિંગ એકાઉન્ટ્સ, રીમોટ અથવા ક્લાઉડ સર્વર્સ અને ડિજીટલ એપ્લીકેશન પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

ક્રિપ્ટો કરન્સી જેવી વર્ચ્યુઅલ ડિજીટલ સંપત્તિઓને કરદાતાની મૂડી સંપત્તિ તરીકે ગણવામાં આવશે. મિલ્કતની વ્યાખ્યામાં જમીન અને મકાન, શેર અને સિક્યોરીટીઝ, બુલિયન, ઝવેરાત, પુરાતત્ત્વિય સંગ્રહ, રેખાંકનો, ચિત્રો, શિલ્પો અને કલાના કોઈપણ કાર્ય જેવી સ્થાવર મિલ્કતની હાલની શ્રેણીઓ સાથે સમાવવામાં આવી છે.

આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે આવકવેરા બીલ, ૨૦૨૫ હેઠળ 'વર્ચ્યુઅલ ડિજીટલ એસેટ્સ'ના કાર્યક્ષેત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

બીલ હેઠળની વ્યાખ્યામાં નાણાં બીલ ૨૦૨૫ હેઠળ પહેલાથી જ પ્રસ્તાવિત સુધારાનો સમાવેશ થાય છે.

બીલમાં વિવાદ નિવારણ પેનલ (DRP) પરનો વિભાગ નિર્ધારણના મુદ્દાઓ, નિર્ણય અને તેની પાછળના કારણો પ્રદાન કરે છે, જે અગાઉના વિભાગથી અલગ છે. જેમાં DRP નિર્દેશો જારી કરવાની રીત અંગે સ્પષ્ટતાનો અભાવ હતો.

કાયદાની કલમ-54E જેમાં એપ્રિલ ૧૯૯૨ પહેલાં મૂડી સંપત્તિના ટ્રાન્સફર પર મૂડી લાભ માટે મુક્તિઓની વિગતો આપવામાં આવી છે, તે નવા બીલમાં દૂર કરવામાં આવી છે. કપાતને સુવ્યવસ્થિત કરવામાં આવી છે અને જૂની મુક્તિઓ દૂર કરવામાં આવી છે.

પગારમાંથી કપાત જેમ કે સ્ટાન્ડર્ડ ડિડક્શન, ગ્રેચ્યુઈટી અને લીવ એન્કેશમેન્ટનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે.

આવક અંગેની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી છે જેથી આવકના સ્રોતો વિકસિત થાય. મુક્તિ આવક, મુક્તિનો દાવો કરવા માટેની શરતો, કપાત, TDS અને TCS વધુ સારી સમજણ માટે અલગ સમય પત્રકમાં પ્રદાન કરવામાં આવ્યા છે.

કોઈપણ વર્ષના બજેટમાં જાહેર કરાયેલા આવકવેરા સ્લેબનો સમાવેશ તે વર્ષના નાણાં કાયદામાં કરવામાં આવશે.

હાલમાં, બજેટ ૨૦૨૫-૨૬માં જાહેર કરાયેલા આવકવેરા દરોને આવકવેરા બીલમાં સમાવવામાં આવ્યા છે.

કર નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સરળ ભાષા અને સંક્ષિપ્ત સ્વરૂપ કરદાતાઓને આવકવેરાની જોગવાઈઓને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે.

હાલમાં વિભાગો અને નિયમો વચ્ચે બહુવિધ ક્રોસ-રેફરન્સિંગ ઘણીવાર ગૂંચવણો અને વિવાદોને જન્મ આપે છે.

નવા બીલમાં સ્પષ્ટતા વધારવા માટે 'જોગવાઈઓ', 'સમજુતી' અને બિનજરૂરી જોગવાઈઓ દૂર કરવા ઉપરાંત, સૂત્રો, કોષ્ટકો અને માળખાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શક્ય હોય ત્યાં સુધી વર્તમાન કાયદામાં વિવિધ પ્રકરણોમાં હાજર રહેલા સમાન મુદ્દાઓને લગતી જોગવાઈઓને હવે એકીકૃત કરવામાં આવી છે. રીડન્ડન્સી દૂર કરવામાં આવી છે અને અનેક સ્થળોએ વ્યાખ્યાઓને એકીકૃત કરવામાં આવી છે.

આ પ્રસ્તાવિત બીલ જુલાઈ ૨૦૨૪માં રજૂ કરાયેલા વચગાળાના બજેટમાં સરકારની જાહેરાતને અનુસરે છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની વ્યાપક સમીક્ષા છ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે.

આ વર્ષે ૧ ફેબ્રુઆરીના રોજ પોતાના બજેટ ભાષણમાં, સીતારમણે કહ્યું હતું કે, સરકારે અગાઉ ભારતીય દંડ સંહિતાને ભારતીય ન્યાય સંહિતાથી બદલી નાંખી હતી અને નવું આવકવેરા બીલ ન્યાયની સમાન ભાવનાને આગળ ધપાવશે. તેમણે જણાવ્યું હતું કે, આ બીલ પ્રકરણો અને શબ્દો બંનેની દૃષ્ટિએ હાલના કાયદાના કદ કરતાં લગભગ અડધા હશે અને સમજવામાં સરળ હશે. જેનાથી કર નિશ્ચિતતા અને મુકદમામાં ઘટાડો થશે.

જોકે, કર નિષ્ણાતોએ ધ્યાન દોર્યું હતું કે નવા બીલમાં દંડ અથવા પાલનની જોગવાઈઓમાં કોઈ મોટા ફેરફારોનો અભાવ છે. બિનજરૂરી જોગવાઈઓ અને સ્પષ્ટતાઓને દૂર કરીને, તેણે મુખ્યત્વે કાયદાને વધુ સંક્ષિપ્ત બનાવ્યો છે.

સરકારે અગાઉ અનેક વખત આવકવેરા કાયદાને સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ૨૦૧૮માં, નવા પ્રત્યક્ષ કર કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી જેણે ૨૦૧૯માં પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો.

યુપીએ સરકારે ડાયરેક્ટ ટેક્સ કોડ (DTC)નો પ્રસ્તાવ મૂક્યો હતો અને ૨૦૧૦માં સંસદમાં એક ડ્રાફ્ટ બીલ રજૂ કરવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિ દ્વારા સમીક્ષા કર્યા પછી ડ્રાફ્ટને ૨૦૧૨ અને ૨૦૧૪માં બે વાર સુધારવામાં આવ્યો હતો પરંતુ ૧૫મી લોકસભાના વિસર્જન સાથે તે પૂર્ણ થયો હતો.

નવું બીલ સંસદીય સમિતિ પાસે ગયું છે. ત્યારબાદ તે સરકાર પાસે પાછું આવશે. કોઈપણ પ્રસ્તાવિત સુધારાઓ સામેલ કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યા પછી, સરકાર નવા આવકવેરા કાયદાને અમલમાં મૂકવાની તારીખ નક્કી કરી શકે છે.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ.*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

સમ્યક્ ચારિત્ર્ય

# અર્થસભર, આનંદી જીવન અને ગીતા

પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

- **ભૂમિકા :**

સમાજમાં દરેક વ્યકિત પોતાની શૈક્ષણિક, સામાજિક, આર્થિક પરિસ્થિતિ અનુસાર જીવનનું લક્ષ્ય નિર્ધારીત કરે છે પણ વિશ્વમાં તમામ મનુષ્યોનું એક સર્વસામાન્ય ધ્યેય હોય છે : અર્થસભરતા, પ્રસન્નતાની પ્રાપ્તિ. આ ઉદ્દેશ પરિપૂર્ણ કરવાના અનેક માર્ગો પૈકી એક છે અભ્યાસ અને વૈરાગ્ય. તત્ત્વચિંતક પતંજલિ ઋષિ તેમના પ્રસિદ્ધ ગ્રંથ 'યોગસૂત્ર'માં આ બંને શબ્દની વિભાવના સ્પષ્ટ કરે છે. 'અભ્યાસ' એટલે વાંચન, ચિંતન, મનન અને નિદિધ્યાસન-અમલીકરણ. જયારે 'વૈરાગ્ય'નો અર્થ થાય છે રાગ-દ્વેષનો અભાવ. જે રીતે કારકિર્દી ઘડતર માટે ભૌતિક વિદ્યા, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન કે ગણિત જેવા વિષયોની આરપાર નીકળી જઈએ છીએ તેમ ચિરંતન આનંદ મેળવવા જરૂરી છે અધ્યાત્મવિદ્યાનો અભ્યાસ.

ભારતીય પ્રજાનું એ પરમ સદ્ભાગ્ય છે કે તેને ૭૦૦૦ વર્ષ પૂર્વે ઋષિઓની અનુભૂતિમાંથી સર્જાયેલા અને લિપિબદ્ધ થયેલા વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, મહાભારત, રામાયણ અને શ્રીમદ્ ભાગવત ગીતા જેવા તેજસ્વી ગ્રંથોની મૂલ્યવાન ભેટ મળી છે. અહીં આપણે જીવનમાં સાર્થકતાનું નિર્માણ કરતાં ગીતાજીના સારતત્ત્વની ચર્ચા કરવી છે. આ ગ્રંથ વૈશ્વિક અને કાલાતીત છે. કુલ ૭૫ ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે. મોગલ સમ્રાટ શાહજહાંના જયેષ્ઠ પુત્ર, ઉદાર મતવાદી સૂફી માર્ગથી પ્રભાવિત દારા શિકોહે (૧૬૧૫-૧૬૫૯) વેદાંતનો અભ્યાસ કરવા ગીતા અને ઉપનિષદોનો પર્શિયન-ફારસીમાં અનુવાદ કરાવેલો. ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન પછી કંપની દ્વારા નિમાયેલા પ્રથમ ગવર્નર જનરલ વોરન હેસ્ટીંગ્ઝે આ રાષ્ટ્રની પ્રજામાં પ્રાણ સિંચનાર ગીતાજીનો ચાર્લ્સ વિલ્કિન્સન પાસે અંગ્રેજીમાં અનુવાદ કરાવ્યો. જેનું પ્રકાશન ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ૧૭૮૫માં કરેલું. ભારતમાં લગભગ તમામ સંતો, વિદ્વાનો, લેખકો જેવા કે સંત જ્ઞાનેશ્વર, લોકમાન્ય તિલક, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, ગાંધીજી, વિનોબા, જે. કૃષ્ણમૂર્તિ, રજનીશ, પાંડુરંગ શાસ્ત્રી, કનૈયાલાલ મુનશી, નગીનદાસ સંઘવી, ગુણવંત શાહ, સુરેશ દલાલ, હરિભાઈ કોઠારી, અંકિત ત્રિવેદી વગેરેએ ગીતાજી ઉપર ભાષ્યો લખ્યા છે.

વેદવ્યાસ રચિત મહાભારતના ૧૮ પર્વ પૈકી ભીષ્મપર્વમાં અધ્યાય ૨૫ થી ૪૨માં ગીતાજીના ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક સમાવિષ્ટ છે. આ દૈવી કાવ્યની પ્રમુખ વિશેષતા છે...

૧. જ્ઞાન, કર્મ, ભકિત અને યોગનો સમન્વય-અનુબંધ, સમગ્રતાનું દર્શન.
૨. અહીં મહામાનવ શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે સંવાદ છે પણ 'શ્રીકૃષ્ણને સ્થાને સહેતુક 'ભગવાન' શબ્દ પ્રયોજાયો છે.'
૩. ભગવાન ઉપદેશ કે આદેશ આપતા નથી. તે માર્ગદર્શક, સહાયક શિક્ષકની ભૂમિકા ભજવે છે.
૪. અર્જુનને તેના મૂળ સ્વરૂપનું જ્ઞાન આપે છે.
૫. આ ગ્રંથ ધર્મક્ષેત્ર કુરૂક્ષેત્રની યુદ્ધભૂમિ ઉપર માત્ર અર્જુનનો મોહ આસકિત દૂર કરીને તેને યુદ્ધમાં પ્રવૃત્ત કરવા માટે જ નથી. પણ વર્તમાન સમયમાં અધર્મ, અન્યાય, શોષણ સામે માનવજાતને લડવા માટે ઉત્તેજના પૂરી પાડે છે.

- **દિશાદર્શક ગીતાજી :**

**૧. સ્વધર્મનું પાલન :**

ગાંડીવધારી પરંતપ, શત્રુઓનો સંહાર કરનાર અર્જુને અનેક યુદ્ધો સફળતાપૂર્વક લડીને વિજય પ્રાપ્ત કર્યો છે. અત્યારે કૌરવોએ પાંડવોને લડવાની ફરજ પાડી છે ત્યારે યુદ્ધના મેદાનમાં અર્જુન પોતાના સગા-સંબંધીઓને પ્રત્યક્ષપણે જોઈને લાગણીવશતાને કારણે શોકાતુર થઈ જાય છે. તે કોઈ પરિપક્વ વિચારમાંથી નીપજેલ વૈરાગ્ય નથી, પલાયનવાદ છે. તેથી મોહમાંથી વિષાદ, તાણ જન્મે છે. હાથમાંથી ગાંડીવ સરકી જાય છે એટલે ભગવાન નર્વસ થયેલા અર્જુનને સમજાવે છે કે તે ક્ષત્રિય છે. અધર્મીઓ સામે લડવું તે તેનો સ્વધર્મ છે. "સ્વધર્મે નિધનં શ્રેયઃ" પોતાનું કર્તવ્ય બજાવતાં વિદાય લેવી તે કલ્યાણકારી છે.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ૧૯૦૬માં અંગ્રેજો સામે નહીં, અંગ્રેજ સલ્તનત સામે સત્યાગ્રહનો પ્રારંભ કર્યો, પોતાની નૈતિક ફરજ અદા કરવા. ૧૯૭૫માં ભારતમાં બંધારણનો ભંગ કરીને કટોકટીની ઘોષણા કરવામાં આવી ત્યારે મહાનાયક જયપ્રકાશ નારાયણે પોતાની વહાલી દીકરી સમાન ઇંદુ વડાપ્રધાન હોવા છતાં તેની સામે લડત ચલાવેલી. ગીતાજી દરેક વ્યક્તિને પોતાના વર્ણ, સ્વભાવ પ્રમાણે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને પ્રેયને બદલે શ્રેય માર્ગ તરફ પ્રયાણ કરવા પ્રેરણા આપે છે.

**૨. આત્મા સાથે મન, બુદ્ધિનો અનુબંધ :**

આપણા મોટાભાગના નિર્ણયોનો આધારસ્તંભ હોય તે મન અને બુદ્ધિ. ૧.૫ કિલો વજન ધરાવતા, ૧૦૦ અબજથી વધુ ન્યૂરોન્સ નામક સેલના ભંડાર મન પાસે અગાધ ચુંબકીય શકિત છે.

મનુષ્યની પ્રકૃતિ મુજબ મનમાં સતત તરંગો, વિચારો, સંવેદનાઓનો પ્રવાહ અખંડપણે વહ્યા કરે છે. આ વિચારો, ભાવનાઓ હોય છે : હકારાત્મક, નકારાત્મક, દૈવી, આસૂરી. પણ આપણે તેની વિવેકપૂર્ણ વિધાયક પસંદગી કરી શકતા નથી. અજ્ઞાન, માયા અને ભ્રમણાને લીધે મન ઈન્દ્રિયોના વિષયથી દોરવાઈ જાય છે, પ્રપંચમાં ફસાઈ જાય છે. ઓસામા બિન લાદેન સિવિલ ઈજનેર, તીવ્ર બુદ્ધિશાળી હોવા છતાં તેના મનની કેળવણી થઈ નહોતી. એટલે તેણે દેહભાવથી પ્રેરાઈને મહાસત્તા અમેરિકા ઉપર હુમલો કર્યો. મન સર્વસમર્થ, સર્વજ્ઞ કે સર્વવ્યાપક નથી. તેને પોતાનો કોઈ સ્વધર્મ નથી. તેથી ગીતાજીના બીજા અધ્યાયમાં મનથી ઉપર, જીવાત્માના સર્વોચ્ચ શકિતશાળી સ્વરૂપ મનુષ્યના માલિક, કેપ્ટન આત્માની ચર્ચા પ્રસ્તુત છે. આત્મા નિર્દોષ, નિર્ગુણ, નિરાકાર આનંદ સ્વરૂપ છે. તેને જાણવાથી બધું જાણી શકાય છે. ભગવાન અર્જુનને, આપણને બધાને સમજૂતી આપે છે કે દરેક વ્યકિતનું મૃત્યુ નકકી છે. 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ.' એટલે કોઈને આપણે ન મારીએ તો પણ તેના સ્થુળ શરીરે ચોક્કસ સમયે ભસ્મીભૂત થઈ જવાનું છે. અને બીજું, આપણે અધર્મીના શરીરને મારીને સ્વધર્મનું પરિપાલન કરવાનું છે. આત્મા તો અમર અને સનાતન રહેવાનો છે.

ગીતાંજીના બીજા અધ્યાયમાં જ બુદ્ધિને સ્થિતપ્રજ્ઞ, નિશ્ચયાત્મક, ઋતંભરા કઈ રીતે બનાવી શકાય તેનું વિશદ્ વિશ્લેષણ છે. આ રીતે મન અને સંશયરહિત બુદ્ધિ જો આત્માનો સૂક્ષ્મ અવાજ સાંભળીને તેની સાથે પરામર્શ કરીને નિર્ણય કરશે તો જય-પરાજય, સફળતા-નિષ્ફળતા વચ્ચે પણ પ્રસન્ન રહી શકીશું.

### ૩. કર્મનું વિજ્ઞાન :

***ગીતાજીમાં ૧૦૪થી વધુ શ્લોકોમાં કર્મવિજ્ઞાન પ્રસ્તુત છે:***

૧. આજીવન ક્ષણે ક્ષણ કર્મ કરવાના છે. કર્મ આનંદ મેળવવા માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. વિશ્વમાં દર વર્ષે તૈયાર થતાં હેપ્પીનેસ ઈન્ડેક્સમાં ફિનલેન્ડ પ્રથમ ક્રમાંકે આવે છે કારણ કે તમામ નાગરિકો નિષ્ઠાપૂર્વક પોતાની ફરજનું પાલન કરે છે.

૨. સ્વભાવ પ્રમાણે સહજ કર્મ કરવાના છે. કયારેક તેમાં દોષ, મર્યાદા આવી જાય તે ભય રાખીને કર્મ છોડી દેવાનું નથી.

૩. કર્મ કરવા આપણો અધિકાર છે પણ તેના ફળમાં આસકિત કે વાસના રાખવાના નથી. તૃષ્ણા ટેન્શનનું સર્જન કરે છે. જો એકાગ્રતા, તન્મયતાથી આયોજનબદ્ધ કામ કરીશું તો તેનું ઉચિત ફળ મળવાનું જ છે.

૪. આપણે જે કંઈ સંપત્તિ કે સત્તાના અધિકારી બન્યા છીએ તેમાં અનેક લોકોનો સહયોગ છે. ગીતાજીના ૧૮માં અધ્યાયમાં સ્પષ્ટતા છે કે અધિષ્ઠાન, કરણ (સાધન), કર્તા, કાર્યપદ્ધતિ અને દૈવ (ભાગ્ય) – આ પાંચ પરિબળોના સંયોજન દ્વારા જ કર્મ સંપન્ન થાય છે તેથી ક્યારેય કર્તાભાવ, અહંકાર રાખવો નહીં.

૫. કર્મ એ યોગ છે. ગીતાજીમાં ૧૦૦થી વધુ વખત 'યોગ' શબ્દનો સમાવેશ થયો છે. યોગ એટલે સ્થુળ આસન, પ્રાણાયામ માત્ર નહીં પણ અષ્ટાંગ યોગ, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ. ગીતાજીમાં બે વાયો બહુ મહત્ત્વના છે. યોગઃકર્મષુ કૌશલમ્ અને સમત્વમ યોગ ઉચ્યતે. કર્મ એટલે માત્ર કુશળતા નહીં પણ સમર્પણ, નિષ્કામ, સાક્ષીભાવ અને સમતા.

૬. કર્મ એ યજ્ઞકાર્ય છે. જયારે માત્ર આજીવિકા માટે નહીં, સમષ્ટિ લોકસંગ્રહ લોકકલ્યાણ માટે કર્મ કરવામાં આવે તે યજ્ઞકાર્ય છે.

### ૪. ભકિત :

જે ક્યારેય પરમાત્માથી વિભકત ન થાય તે ભકત. ભક્તિ એટલે યાંત્રિક ક્રિયાકાંડ કે વિધિવિધાન માત્ર નહીં પણ જ્ઞાન અને કર્મમાં હૃદયની ભીનાશ, આર્દ્રતા ભેળવવા માટેનું માધ્યમ. અવ્યકત અને વ્યકત સમગ્ર સૃષ્ટિ સાથે આત્મભાવ સેવીને તેની સક્રિય આરાધના-ઉપાસના. જ્ઞાન કે કર્મ મેળવવાના છે. જયારે ભકિત દ્વારા આત્મા-પરમાત્માને બિનશરતી સંપૂર્ણ શરણાગતિ સાધવાની છે.

### ● સમાપન :

ગીતાજીની પરિકલ્પના છે આદર્શ મનુષ્યનું નિર્માણ કરવાનું. તેથી તે વારંવાર ઈન્દ્રિયોના વિષયો પર બાહ્ય નહીં આંતરિક સંયમ કેળવીને જિતેન્દ્રીય થવા માટે ભાર મૂકે છે. દૈવી મનુષ્યના લક્ષણો દર્શાવે છે. ત્રણ ગુણ : તમસ, રજસ અને સત્ત્વના સંતુલન કેળવીને ગુણાતીતની ભૂમિકાએ પહોંચવા સૂચવે છે. પરંપરાગત શબ્દો યજ્ઞ, દાન, તપ કે આહાર વગેરેના નવા અર્થો પ્રદાન કરે છે. તેથી બાળકને કિશોરાવસ્થાથી જ ગીતાજીનો અભ્યાસ કરાવવામાં આવશે તો સમ્યક્જ્ઞાન અને સમ્યક્ દર્શનને પરિણામે તેનામાં સમ્યક્ ચારિત્ર્યનું અવશ્ય નિર્માણ થશે અને ભવિષ્યમાં તે ગૃહસ્થ કે વાનપ્રસ્થ તરીકે જીવનમાં ધન્યતાનો અનુભવ કરી શકશે.

*ડી-૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે,*
*પુનિત નગર, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦ ૦૨૪.*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

ખુશનસીબ

# એક, બે કે નો (NO) બાળકનો પરિવાર

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

છેલ્લા દસ વર્ષમાં પરિવર્તન આવ્યું છે. શું પરિવર્તન? દેશમાં કે પરદેશમાં રહેતા આપણા યુવક યુવતીમાં ત્રણ પ્રકારના પરિવર્તન છે. ઘણા પરણેતર યુવક યુવતીઓ લગ્ન બાદ કોઈ બાળક ન થાય તેની કાળજી રાખે છે. કારણકે તેમને બાળક જોઈતું નથી કારણ યુવતીને પોતાના ફિગરની ચિંતા, બંને નોકરી કરતા હોય તો બાળકની દેખરેખ રાખવાની ફીકર કે પછી બિંદાસ જીવન જીવવાની મહેચ્છાઓ – બસ જિંદગી મજાઓને લૂંટી લો. નવાઈ લાગે છે ને! જેને બાળક નથી તેઓ શ્રેષ્ઠ IVFના સેન્ટરોની મુલાકાતો લેતા જોયા છે. લાખો રૂપિયાનો ખર્ચ કરીને યુગલને પણ બાળક જોઈએ છે. માતા પિતાને તો પોતાની પુત્રવધૂ કે દીકરીને આ પછી મહિના રહે તો જાણે લોટરી લાગી હોય તેમ આનંદોત્સવનું વાતાવરણ સર્જાય છે. તેમ ન થાય તો જાણે સ્ત્રીએ કોઈ મોટો ગુનો કર્યો હોય તેમ વર્તન થાય છે તો ક્યારેક છૂટાછેડાની નોબત આવીને ઊભી રહે છે. સમાજે સમજી લેવાની જરૂર છે કે બાળક પેદા થાય તે માટે પતિ પત્ની બંને જવાબદાર છે કારણ - પુત્ર માટે XY અને પુત્રી માટે XX Chromosome જવાબદાર છે. હવે યુવતી તો X આપવા તૈયાર જ છે કારણ કે તેની પાસે 2X છે જ્યારે યુવક પાસે Option છે. જો Y આવે તો પુત્ર અને X આવે તો પુત્રી. હવે બાળકની જાતિ વિશે ખબર પડી ને... આ તો વાત થઈ પુત્ર, પુત્રી કે બે માંથી એક પણ ન હોવાની.

હવે, જેઓ IVF દ્વારા પણ બાળક પેદા નથી કરી શકતા તેઓ પાસે ઓપ્શન છે – દત્તક બાળક લેવાનો. આ લેખમાં ખરેખર વાત કરવાની છે કે આજના યુવક યુવતીઓ કેટલા બાળકો ઈચ્છે છે? આ છે બીજું પરિવર્તન... તે પહેલાં સમજી લઈએ આ પંક્તિઓને....

***પરિવાર કિસી ભી બચ્ચે કા પહેલા સ્કૂલ હોતા હૈ***
***પરિવારમેં હર બચ્ચે કી પહેલી ગુરૂ માઁ હોતી હૈ***

આપણા દેશમાં મોટા શહેરો અને જિલ્લા મથકોવાળા શહેરોમાં ખરેખર સર્વે કરતા જણાય છે કે તેઓ એક જ બાળક ઈચ્છે છે કારણ ઘણા... ઘણા...

૧. આજકાલ બાળકોના એજ્યુકેશન માટે લાખો રૂપિયાનો ખર્ચ થાય છે જે પ્લે-ગ્રુપથી શરૂ કરીને ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી ચાલે છે.
૨. બાળકના જન્મ પછી તેમના ઉછેરમાં, ખાસ કરીને માતાઓને ઘણો શ્રમ પડે છે.
૩. સ્પર્ધાના જમાનામાં પોતાનું બાળક પાછળ ન રહી જાય તે માટે પોતે જો એજ્યુકેટેડ હોય તો જાતે અથવા ખાનગી ટ્યુશનો રાખવા પડે છે, જે ઘણા ખર્ચાળ હોય છે.
૪. નાના શહેરથી માંડીને મોટા શહેરમાં બાળકને ભણાવવા હોસ્ટેલોની જરૂર પડે છે.
૫. બાળકના ઉછેરના પ્રત્યેક સ્ટેજમાં સમય પુષ્કળ આપવો પડે છે, જેનાથી મા-બાપને સ્ટ્રેસ પણ ઉત્પન્ન થાય છે.

*હવે, પરિવાર વિશે કહેવાનું મન થાય છે કે..*

***સંયુક્ત થે જબ પરિવાર તબ ઘર થે કિતને રૂમાની***
***દાદા-દાદી, નાના-નાનીસે હોતીથી ઘર કી નિશાની***

સંયુક્ત કુટુંબમાં મા-બાપ સાથે હોય તો બે બાળકો ઉછેર થતાં વાર લાગતી નથી. ઘણા બધા પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત થાય છે. મેડિકલ ઈમરજન્સીમાં મદદ વગેરે. હવે યુવક-યુવતીઓએ નક્કી કરવાનું છે કે મા-બાપ હોય તો સાથે રહેવું છે કે અલગ અલગ. બે બાળકોનો ઉછેર કરવા મા બાપે ભોગ તો આપવો જ પડે. પોતાના અંગત શોખ જતા કરવા પડે છે. કોઈના ભરોસે બાળકને છોડીને કે પોતાના પ્રોફેશનને ન્યાય આપવા માટે બાળકોના ઉછેરમાં અવળી અસર પડે છે.

બે દાખલા જોઈએ : ભારતમાં, પોતાના મા-બાપ સાથે રહેતા બાળકોની નર્સરી, સંસ્કાર, ભણતર, ગણતર સમગ્રમાં અવ્વલ નંબરે રહેવાની શક્યતા વધારે છે – જો આર્થિક સ્થિતિ પરવડે એવી હોય તો.

સિક્કાની બીજી બાજુ એક બાળક એકલું પડી જાય છે. તેને સારી સ્કૂલ, સારા મિત્રો અને આપણા સગાવહાલાંના બાળકોની સાથે જ ગમતાના ગુલાલ થઈ શકે છે નહિંતર, મોટા થયા પછી એક બાળકને ભાઈ-બહેન, ઘણીવાર મામા-મામી, માસા-માસી, ફોઈ-ફુઆ શબ્દો ભૂલી જવા પડે છે.

અમેરિકામાં ભારતના રહેતા યુવક-યુવતીઓને એ તો સમજાઈ ગયું છે કે બે બાળકો તો ઓછામાં ઓછા જોઈશે - તેમની તરફેણના કારણોમાં : (૧) પોતાની આર્થિક સધ્ધરતા. (૨) સરકાર તરફથી મળતી સ્કૂલોની સહાયતા. (૩) ખાનગી ડે કેર જેમાં બાળકને દોઢ વર્ષ પછી મૂકી શકાય છે. (૪) જો ઘરેથી કામ કરતા હોય તો તેમને લેવા મૂકવા જવું પડે પણ, નોકરી કરી શકાય છે. (૫) રમવાના સાધનોની સગવડ. (૬) એકબીજાની હૂંફ.

આ યુવક યુવતીઓ પોતાને બે દીકરા / બે દીકરી / એક દીકરો - એક દીકરી ગમે તે હોય, ખૂબ જ સહજતાથી સ્વીકારી ઉછેર કરે છે કારણ બાળકોને એકબીજાની હૂંફ, તેમની કાળજી, જગ્યાની છૂટનો લાભ લઈ શકાય છે.

ગ્લોબલી વિચારીએ તો જાપાનમાં વસ્તી ઘટી રહી છે. તેવું જ ચીનમાં છે. આજે ભારત દુનિયામાં વસ્તીને લઈને પ્રથમ સ્થાન પામ્યો છે તેમાં હરખાવા જેવું નથી. જાપાન જેવા દેશમાં યુવક યુવતીઓ સર્વે પ્રમાણે જલ્દી લગ્ન કરવા માગતા નથી અને તે પછી બાળક પેદા કરવાનું વિચારી શકતા નથી કારણ આર્થિક સંકડામણ થાય છે. તો યુરોપ જેવા દેશોમાં વસ્તી નિયંત્રણમાં છે કારણ, વ્યક્તિગત ભણતર કે સરકારના દિશાનિર્દેશ. ભારતમાં તે શક્ય બનતું નથી અને ન પોસાતી વ્યક્તિઓને બે ત્રણ બાળકો થઈ જાય છે તો ખાસ પ્રકારની કોમ્યુનિટીમાં ત્રણ બાળકો ને પાછી ગરીબાઈ – આ સમાજે વિશેષ વિચારવું પડશે. દેશના અર્થતંત્ર ઉપર વધારાનો બોજ પડે છે તેઓ BPL કાર્ડ હોલ્ડર છે, આયુષ્યમાન કાર્ડ હોલ્ડર છે, ભારત સરકારની બધી જ સહાય મળી રહી છે એટલે ટકી રહ્યા છે - પરંતુ ભણતરનું શું? જાગૃતિ લાવવી પડશે.

આજના સિનિયર સિટીઝનો, તેનાથી આગળ સુપર સિનિયર સિટીઝનો નાના કે મોટા શહેરોમાં એકલા રહે છે કારણ બાળક/બાળકો પરદેશ ચાલ્યા ગયા છે. કોઈ એક ૭૫-૮૦ વર્ષની વ્યક્તિને સ્વતંત્ર જીવવાનું અઘરું થઈ પડ્યું છે. દવાઓના સહારે જીવન સુધર્યું છે. પરદેશમાં છોકરા / છોકરી સાથે રહે તો ત્યાં પુરુષ વ્યક્તિને કંપની ના મળે તો કરવાનું શું? દાદા-દાદી બન્યા પછી બાળકો જેમ મોટા થાય તેમ તેઓ પોતાના મોબાઈલ, આઈપેડ, લેપટોપમાં ગૂંથાયેલા રહે છે. તેમના જમાનાની રમતો જૂનવાણી અને નવા જમાનાની રમતો આવડતી નથી એટલે તેઓને ગમતું નથી. ભારતમાં તેઓ સ્વતંત્ર રીતે હરી ફરી શકે છે, આખા દિવસમાં ગપાટા મારવા માણસો મળી રહે છે. છતાં દાદાએ સુધરવું પડશે - પ્રેમથી પ્રવૃત્તિઓ શોધી કાઢવી પડશે.

***છેલ્લે....***

***દૌલત તો કોઈ ભી ઈન્સાન કૈસે ભી કમા સકતા હૈ,***
***લેકિન ખુશનસીબ વહી હોતા હૈ જો પરિવાર કમા લેતા હૈ.***

## વિલ ન બનાવનાર અને પરિવારથી છૂપી રાખનાર લોકોની મૃત્યુ બાદ અનક્લેઇમ્ડ ડિપોઝીટ

*રીઝર્વ બેંકના અહેવાલ અનુસાર અનક્લેઈમ્ડ ડિપોઝીટોમાં ૨૬ ટકાનો વધારો થઈ હવે તે આંક રૂા. ૭૮,૨૧૩ કરોડ પર પહોંચ્યો છે.*

## શાંતિ

ઘી નો એક લોટો અને
લાકડા ઉપર લાશ;
થઈ થોડા કલાકમાં રાખ,
બસ આટલી છે, માણસની ઓકાત...!

સાંજે ગુજરી ગયા,
પોતાની આખી જિંદગી પરિવારના નામે કરી ગયા.
ક્યાંક રડવાનો અવાજ,
તો ક્યાંક વાતમાં વાત
અરે જલ્દી લઈ જાઓ
કોણ રાખશે આખી રાત!
બસ આટલી છે, માણસની ઓકાત...!

મર્યા પછી નીચે જોયું,
નજારો નજર સામે જોયો!
પોતાના મરણ પર
કોઈ લોકો જબરદસ્ત,
તો કોઈ લોકો જબરદસ્તીથી રડતા હતા!
નથી રહ્યા, જતા રહ્યાં
ચાર દિવસ કરશે વાત!
બસ આટલી છે, માણસની ઓકાત...!

છોકરો સારો ફોટો બનાવશે,
સામે અગરબત્તી મૂકશે,
સુગંધી ફૂલોની માળા હશે,
અશ્રુભરી શ્રદ્ધાંજલી હશે!
પછી એ ફોટા પર
જાળા પણ કોણ કરશે સાફ!?...
બસ આટલી છે, માણસની ઓકાત...!

આખી જિંદગી મારું મારું કર્યું
પોતાના માટે ઓછું, બીજાના માટે વધારે જીવ્યા.
કોઈ નહીં આપે સાથ,
જશો ખાલી હાથ.
તલભાર સાથે લઈ જવાની,
નથી ઓકાત માણસની.
બસ આટલી છે, માણસની ઓકાત...!

પહેલા પોતાનો સમજ્યો નહીં...
એટલે બીજાને સમજી શક્યા નહીં!
પછી તો બીજા પર ઘાત
અને ખુદ ઉપર આઘાત!
બસ આટલી છે, માણસની ઓકાત...!

**પ્રેષક : નવનીત પટેલ**

સ્વાર્થી - નિઃસ્વાર્થી

# મનુષ્ય નિઃસ્વાર્થી અને સ્વાર્થ ત્યાગી બને

• પ્રેષક •
પ્રભુલાલ એમ. સંઘવી

આ જગત સુંદર છે. એને સુંદર રાખવા માટે ભગવાને માણસને ધરતી પર મોકલ્યો છે. ઈશ્વર નિઃસ્વાર્થી છે. એનો દીકરો મનુષ્ય નિઃસ્વાર્થી અને સ્વાર્થ ત્યાગી બને એ જોવા ભગવાન સદાય ઉત્સુક છે.

એક માણસ પોતાની ડાયરી લખી રહ્યો હતો. ડાયરીમાં એણે પોતાની મુંઝવણ વ્યક્ત કરી હતી. એની ફરિયાદ હતી કે મારો સ્વાર્થ કેમ સિદ્ધ થતો નથી? શું સ્વાર્થી હોવું એ પાપ છે? આવી મુંઝવણો માત્ર એ માણસના મનમાં નહીં અનેક લોકોના મનમાં થતી હોય છે. સ્વાર્થ એટલે પોતાનો મતલબ પોતાનું હિત. સ્વાર્થી એટલે - સ્વાર્થવાળું, આપ મતલબી, એકલપેટુ. કેટલાક લોકો સ્વાર્થ પરાયણ હોય છે, જેઓ માત્ર પોતાના લાભ કે સ્વાર્થનો જ વિચાર કરતા હોય છે. સ્વાર્થ શબ્દ 'સ્વ' અને 'અર્થ'ના મેળથી બનેલો છે. 'સ્વ' એટલે પોતાનું અને 'અર્થ' એટલે મતલબ. ગરજ સ્વાર્થી માણસને પોતાના હિત સિવાય બીજું કશું દેખાતું નથી. સ્વાર્થ ખાતર ગમે તેવું દુષ્કૃત્ય કરવા પણ તૈયાર થાય છે. સ્વાર્થી માણસ વિવેકભ્રષ્ટ હોય છે. તે સારા-નરસાનો ભેદ પારખી શકતો નથી. સ્વાર્થ ખાતર સગા-સંબંધી કે મિત્રનો પણ દ્રોહ કરતાં અચકાતો નથી. આવા લોકો 'સ્વાર્થકીટ' કહેવાય છે. સ્વાર્થી માણસ લોભી હોય છે. એ ધર્મને નહીં પણ ધનને જ સર્વસ્વ માને છે. 'ત્યાગ'ને નહીં પણ 'ભોગ'ને જ મહત્ત્વ આપે છે. સ્વાર્થ ત્યાગ જેવો કોઈ શબ્દ સ્વાર્થી માણસના શબ્દકોશમાં હોતો નથી. એ પૂજા-પાઠ કે પ્રાર્થના કરે ત્યારે પણ નિઃસ્વાર્થ રહી શકતો નથી. ઈશ્વર કે આરાધ્ય પોતાનાં સ્વાર્થ સિદ્ધ કરવામાં મદદરૂપ થાય એવા આશીર્વાદ માગે છે. માણસ 'સ્વાર્થદંડ' પણ હોઈ શકે. જેનો અર્થ છે પોતાના સ્વાર્થ ખાતર કરવામાં આવતું પાપાચરણ. દુનિયામાં સંપૂર્ણપણે નિઃસ્વાર્થી હોય એવો માણસ શોધ્યો પણ ન જડે. કથા-વાર્તા સાંભળે તેની પાછળ પણ પુણ્ય કમાવાનો કે મોક્ષ પ્રાપ્તિનો ગુપ્ત ભાવ છુપાયેલો હોય છે. માત્ર ઈશ્વર જ નિઃસ્વાર્થ છે. એણે કશા જ સ્વાર્થ વિના મનુષ્યનું સર્જન કર્યું છે. આવી સમજ કેળવનાર જ સંત બની શકે.

સ્વાર્થપરાયણવાદ જેને 'ઈગોઈસ્ટીક હિડોનિઝમ' કહેવામાં આવે છે. એમાં 'પોતાનું કામ પાર પાડે એવો વાદ' એવો અર્થ સમાયેલો છે. પોતાને મજા કયા કર્મોથી મળશે એવો ઉદ્દેશ રાખી કર્તવ્ય કરનારાઓનો વાદ તે સ્વાર્થપરાયણવાદ એમ જ્ઞાનકોષો કહે છે. માણસ સ્વાર્થની જ રમત રમે તે સ્વાર્થબાજી. પોતાના મતલબ ઉપર જ રાખે તે સ્વાર્થ બુદ્ધિવાળો માણસ.

ઋગ્વેદ કહે છે કે જે એકલો ખાય છે તે પાપમય છે. જ્ઞાન અને ધન વગેરે બીજા માટે ન આપનાર અમારી વચ્ચે ન સ્વાર્થ બળવાન છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા ખાતર મિત્રને શત્રુ બનાવી દે છે. એટલું જ નહીં શત્રુને પણ મિત્ર બનાવવાનો દંભ કરે છે. સ્વાર્થી માણસ પોતાનો હિત પાર પાડવા સંબંધ તોડી નાંખવા પણ તૈયાર થતો હોય છે. રાજકારણ તેનું ઉદાહરણ છે. સ્વાર્થ ખાતર પક્ષપલટો કરવો અને સ્વાર્થ સિદ્ધ ન થતાં વળી પાછો પક્ષપલટો કરવામાં આવા સ્વાર્થીઓ શરમાતા નથી. રહીમ આવા માણસો વિશે કહે છે કે, કામ હોય ત્યારે અમુક પ્રકારનું વર્તન અને કામ સર્યા પછી અમુક પ્રકારનું વર્તન એમ બેવડી નીતિ સ્વાર્થી લોકો અપનાવતા હોય છે. જેમ કે લગ્નમાં વરરાજાએ ધારણ કરેલો સહેરા કે હારનો મુગટ લગ્નમાં ફેરા ફર્યા પછી નદીમાં પધરાવી દેવાય છે. પોતાનું કાર્ય સિદ્ધ થયા સુધી સ્વાર્થી માણસ વ્યક્તિ કે વસ્તુનું માન જાળવતો હોય છે. નદી પાર કરાવનારી હોડીનો સામે કિનારે પહોંચ્યા બાદ ક્યારેય આભાર માને છે? દેવ હોય, માણસ હોય કે મુનિ હોય સહુની એક જ રીતિ હોય છે, જ્યાં લગી સ્વાર્થ ત્યાં લગી પ્રીતિ એ રામચરિત માનસમાં તુલસીદાસજીએ કહ્યું છે. માણસ થોડીક જમીન, થોડાક રૂપિયા, થોડીક સત્તા પ્રાપ્ત કરવાના લોભ અને મોહનો ગુલામ બની માણસાઈના ગળે ટૂંપો દેવા તૈયાર થતો હોય છે. ધન, વૈભવ અને અધિકાર – એ ત્રણે સ્વાર્થનાં પ્રેરક બળો છે. 'અશોક કે ફૂલ'માં પં. હજારીપ્રસાદ દ્વિવેદીજીએ સાચું જ કહ્યું છે, દુનિયા ભૂલકણી છે. માત્ર એટલું જ યાદ રાખે છે, જેનાથી તેનો સ્વાર્થ સધાય છે. બાકી બધું ફેંકીને તે ચાલતી પકડે છે. આજે નિઃસ્વાર્થ પ્રેમનું નિકંદન કાઢી નાખ્યું છે.

એક હિંદી કહેવત મુજબ, "જબ તક રકાબી (થાળી કે પ્લેટ)મેં ભાત, તબ તક મેરા ઔર તેરા સ્વાર્થ." સ્વાર્થવશ જ લોકો એકબીજાની સાથે નિકટનો સંબંધ રાખતા હોય છે. વગર સ્વાર્થે કોઈ બીજા સાથે સંબંધ ટકાવતું નથી. પક્ષી પણ વૃક્ષ જ્યાં સુધી લીલુંછમ હોય ત્યાં સુધી તેની પર બેસે છે પરંતુ વૃક્ષ જ્યારે

સૂકું ભઠ બની જાય ત્યારે પક્ષીઓ પણ ઉડી જાય છે. સ્વાર્થ સાધવા માટે માણસ પ્રપંચ અને બેઈમાનીનો આશરો લે છે. નમવાનો ઢોંગ કરે છે. સ્વાર્થ સાધવા બેબાકળો થઈ જાય છે અને અવિચારી કૃત્ય કરી બેસે છે, માન-મર્યાદા ભૂલી જાય છે. સ્વાર્થી માણસ યશ કે આબરૂની પણ પરવા કરતો નથી. ધનમાં જ ધન્યતા અનુભવે છે. સ્વાર્થી માણસ પોતાની કોઈ નિંદા કરે તેની પણ પરવા કરતો નથી. ધ મર્ચન્ટ ઓફ વેનિસમાં શેક્સપિયર કહે છે : "The devil Can Cite Scripture for his purpose." મતલબ કે પોતાના પ્રયોજન કે સ્વાર્થ ખાતર શેતાન પણ ધર્મગ્રંથના શબ્દો ટાંકે છે.

એકલપેટાપણા વિશે મહાત્મા ગાંધીજીએ ઉચિત જ કહ્યું છે કે સ્વાર્થ તો સહુમાં ઓછા વત્તા અંશે હોય જ પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. કૌટુંબિક કામોમાં સ્વાર્થત્યાગ થોડો ઘણો રહેલો છે પણ રાષ્ટ્રીય કામોમાં થોડામાં થોડા પ્રમાણમાં જોવામાં આવે છે. જુઓ આપણી શેરીઓ, આપણાં શહેરો, આપણી આગગાડીઓ - ટ્રેન – આ બધામાં દેશની દશાનું દર્શન થઈ શકે છે. ટ્રેનમાં બીજાની સગવડનો આપણે કેટલો ઓછો ખ્યાલ રાખીએ છીએ. મારા ઘરના આંગણામાંથી હું શેરીમાં કચરો નાંખતા જરાય અચકાતો નથી. મારા કઠેરામાંથી રસ્તામાં જતાં માણસોને અગવડ થાય કે નહીં તેનો વિચાર કર્યા સિવાય કચરો ફેંકું છું અને થૂંકું પણ છું. મારું ઘર બાંધવામાં મારા પાડોશીની અગવડનો વિચાર ઓછો કરું છું. પાણીનો નળ ખુલ્લો રાખી તેમાંથી વ્યર્થ વહી જતું પાણી મારું નથી એમ માની હું બેદરકાર રહું છું. રેલ ગાડીમાં પણ એ જ દેખાવ નજરે પડે છે. મારી જગા ગમે તેમ કરી મેળવી બીજાને બેસવા દેતા રોકું, કેળાં અને શેરડીના છાલ મારા પડોશીની સામે જ નાંખવાની વૃત્તિને હું રોકી શકતો નથી. નળ પર પાણી ભરવા જનાર બીજાની દરકાર નથી રાખતો. આમ સ્વાર્થનાં અસંખ્ય દૃષ્ટાંતો ટાંકી શકાય તેમ છે.

માણસ સ્વાર્થ નિષેધ કરી શકતો નથી. એમાં ઊંડે ઊંડે માત્ર પોતાના સુખ અને સગવડને સર્વાધિક મહત્ત્વ આપવાનું વલણ કામ કરે છે. આજે અત્ર-તત્ર-સર્વત્ર ભ્રષ્ટાચારની ફરિયાદો જોવા મળે છે. એની પાછળ પણ માણસની સ્વાર્થબુદ્ધિ અને વૃત્તિ જ કામ કરતી હોય છે. સરકારી કામોમાં કોઈ પણ ફાઈલના નિકાલ માટે જે તે કામને વિલંબમાં નાંખવામાં આવે છે. પછી કંટાળીને જેને કામ કઢાવવાનું હોય તેની પાસે જાય છે. કામ કરી આપવાની સોદાબાજી નક્કી થાય છે અને કામ કરી આપનાર કર્મચારી કે ઓફિસર પોતાનો લાભ કે સ્વાર્થ સિદ્ધ થાય એ શરતે કામનો નિકાલ કરતો હોય છે. જો કે આવું નિમ્ન કોટીનું વર્તન કરનાર લોકો જૂજ હોય છે અને મોટા ભાગના કર્મચારીઓ અને અધિકારીઓ કર્મનિષ્ઠ હોય છે. સ્વાર્થપટુ લોકોએ જ દુનિયાનો ચહેરો વિકૃત કર્યો છે.

**આ જગત સુંદર છે. એને સુંદર રાખવાની અપેક્ષા સાથે ઈશ્વરે આપણને આ ધરતી પર મોકલ્યા છે. ઈશ્વર નિઃસ્વાર્થી છે અને એનો દીકરો મનુષ્ય નિઃસ્વાર્થી અને સ્વાર્થ ત્યાગી બને એ જોવા સદાય ઉત્સુક રહે છે.**

સ્વાર્થ ત્યાગથી દુનિયા ઉજળી બને એ માટે ઉપકારક પાંચ મહત્ત્વની બાબતો : (૧) સ્વાર્થઘેલછા એ પાપ છે એમ માની સદાચારનું આચરણ. (૨) ધન અને વૈભવવૃદ્ધિનું આકર્ષણ ત્યજવાની માનસિક તૈયારી. (૩) લોભ અને મોહ પર નિયંત્રણ. (૪) જવાબદારીની ભાવનાવાળું ઉદાત્ત વર્તન. પરોપકારની ભાવના. માણસને છાજે તેવું મન-વચન-કર્મથી ઉદાત્ત વર્તન. (૫) મન પરનો કાબૂ, માનસિક ચંચળતા પર નિયંત્રણ. ભોગવૃત્તિને બદલે ત્યાગ ભાવનાનો પહેલો વિચાર.

---

## ૧લી મે : વિશ્વમાં શ્રમિકોની એકતા અને અધિકારનો દિવસ

**(અનુસંધાન : પાના નં. – ૬૧ ઉપરથી ચાલુ)**

ઉદ્‌ઘાટન થયું હતું અને તેને 'ડૉ.જયંત ખત્રી સ્મારક ભવન' (મેમોરીયલ બિલ્ડિંગ) એવા નામકરણ સાથે મજદૂરોને સમર્પિત કરાયું હતું. કંડલા બંદર ખાતે કાર્યરત અન્ય મુખ્ય મજૂર સંગઠનોમાં ટ્રાન્સપોર્ટ એન્ડ ડૉક વર્કર્સ યુનિયન (એચ.એમ.એસ.), કંડલા પોર્ટ એન્ડ ડૉક એમ્પ્લોઈઝ યુનિયન (એચ.એમ.એસ./ડૉ.શાંતિ પાટીલ), કંડલા પોર્ટ કર્મચારી સંઘ (ઈન્ટુક) વગેરેનો સમાવેશ થાય છે.

● **આ દિવસના અન્ય પ્રસંગો :**

૧લી મે નો દિવસ કામદારોના 'મે ડે' ઉપરાંત અન્ય દૃષ્ટિએ પણ પ્રાસંગિક બની રહે છે. ભાષાવાર પ્રાંત રચનાને પગલે ૧લી મે, ૧૯૬૦ના જૂના મુંબઈ રાજ્યમાંથી 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' એવા બે નવા રાજ્યોનું સર્જન થયું. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) પણ આ દિવસે સ્થપાયું છે.

તો સંસ્થા કોંગ્રેસ, જનસંઘ, જનતાદળ, લોકશાહી કોંગ્રેસ અને ભારતીય લોકદળ – એમ પાંચ રાજકીય પક્ષોની એકતા દ્વારા બનેલો 'જનતાપક્ષ' પણ ૧લી મે, ૧૯૭૭ના રોજ અસ્તિત્વમાં આવ્યો હતો. જેનું પછીથી 'ભારતીય જનતા પક્ષ'માં રૂપાંતર થયું.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

વિશિષ્ટ વનસ્પતિ

# મેન્ગ્રોવ (Mangrove)

ફાલ્ગુની હિરેન શાહ

*બિપરજોય નામ યાદ આવે છે??? ગુજરાતમાં જૂન ૨૦૨૩માં આવેલા બિપરજોય વાવાઝોડું – એ એક ખૂબ મહા વિનાશક બની શકે એવી આપત્તિ હતી. તમે વિચાર કરો, કે અંદાજે ૧૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે જે તોફાન ત્રાટકવાનું હોય, એ જાન અને માલને કેટલું બધુ નુકસાન કરી શકે??!! પણ આપણું સદનસીબ કે, ટેકનોલોજીએ સમયસર આપેલ સિગ્નલ, સરકારની અગમચેતી અને તંત્રની ત્વરિત કામગીરીને કારણે, સરકારના ઝીરો કેઝ્યુલ્ટીના પ્રયાસને મળી સફળતા. પણ શું આપ જાણો છો, કે જાનહાનિ ના થવામાં સરકાર અને સંસ્થાઓની સાથે સાથે, પર્યાવરણના એક મિત્રનો પણ મોટો હાથ હતો??? જી હા! અને એ મિત્રનું નામ છે, મૅન્ગ્રોવના વૃક્ષો!!! જેને સ્થાનિક ભાષામાં ચેર કહેવાય છે. નવાઈ લાગી ને!! તો આગળ વાંચો....*

મિત્રો! બિપરજોય વાવાઝોડાં દરમિયાન, કચ્છ, સૌરાષ્ટ્ર અને અન્ય વેટ લેન્ડ્સમાં, સખત મૂળિયાવાળા મૅન્ગ્રોવ વૃક્ષોએ, એક ગ્રીન વોલ તરીકે, સંરક્ષણની એક મજબૂત દીવાલ તરીકે કામ કર્યું હતું. સંશોધનોએ જણાવ્યું છે કે ૨૦૦૪માં દક્ષિણ ભારતમાં આવેલા તોફાન દરમિયાન, જે ગામોની આગળ મૅન્ગ્રોવ ઊગ્યા હતાં, એ ગામોને અન્ય ગામોની સરખામણીએ ઓછું નુકસાન થયું હતું. મૅન્ગ્રોવના જંગલો અને તેમના એકબીજા સાથે જોડાયેલા અને ફેલાયેલા મૂળિયાઓએ વાવાઝોડાની તીવ્રતા ધીમી કરી હતી. જેના કારણે નજીકના વિસ્તારમાં અને કાંઠાના પ્રદેશ માં રહેતા લોકો અને જીવોને રક્ષણ મળ્યું. આમ તો UNESCO દ્વારા ૨૬મી જુલાઈને વિશ્વ મૅન્ગ્રોવ્સ અથવા મેનગૃવ્સ (ચેર) સંરક્ષણ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. તમને વિચાર થશે કે જુલાઈમાં ઉજવાતા દિવસની વાત અત્યારે શા માટે?? **તો કારણ એવું છે, કે ચાલુ વર્ષે ફેબ્રુઆરીની શરૂઆતમાં જ, કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ખાતે આવેલી, ઇનલેન્ડ મેન્ગ્રોવ સાઇટને ગુજરાતની પ્રથમ બાયો ડાઈવર્સિટી સાઇટ જાહેર કરવામાં આવી છે.**

પ્રવાસન અને પ્રકૃતિ ક્ષેત્રે દેશ અને દુનિયામાં અનોખું સ્થાન ધરાવતા આપણાં કચ્છને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. એક કચ્છી તરીકે ગર્વથી છાતી ફૂલે એવી આ બાબત વિષે થોડી વધુ જાણકારી આપવાનો આ લેખનો ઉપક્રમ છે. વૈવિધ્યસભર કચ્છની ઓળખમાં એક નવું છોગું ઉમેરતું આ નજરાણું પણ કંઈક ખાસ જ છે. પણ ગુનેરી સુધી પહોંચતા પહેલાં મૅન્ગ્રોવ વિષે થોડું જાણી લઈએ.

કુદરતે આપેલી અનેક ભેટમાંની એક અજોડ ભેટ, એટલે મૅન્ગ્રોવ. જેને આપણે 'ચેર' તરીકે પણ ઓળખીએ છીએ. એને સુંદરવનનું સુંદરી વૃક્ષ કે સદાબહાર વૃક્ષ પણ કહેવાય છે. ઉષ્ણ કટિબંધના વિસ્તારોમાં જોવા મળતું આ વૃક્ષ, વડ જેવા મૂળિયાં ધરાવે છે. મૅન્ગ્રોવ, એ એક વિશેષ પ્રકારની વનસ્પતિ છે. જે સમુદ્રનું ખારું પાણી અને નદીનું મીઠું પાણી – એ બંને જયાં મળતા હોય ત્યાં ઊગે છે. સામાન્યતઃ એની ઊંચાઈ ૮ થી ૨૦ મીટર જેટલી થાય છે. આ વૃક્ષો અન્ય વૃક્ષોથી અલગ હોય છે. મૅન્ગ્રોવના વૃક્ષો માટીમાંથી બહાર મૂળ કાઢે છે. વાયુ અને ઓક્સિજનની આપ-લે માટેના તેના છિદ્રો હોય છે. કેટલાક ચેરના વૃક્ષો પાંદડા દ્વારા ક્ષારને બહાર ફેંકે છે. આ વૃક્ષો પર પણ ફૂલો આવે છે. મોટાભાગે આ વૃક્ષો ખાડીવાળા વિસ્તારમાં જોવા મળે છે. એ કુદરત દ્વારા સર્જવામાં આવેલી અદ્ભુત ઈકો સિસ્ટમનું એક મહત્ત્વનું અંગ છે. એ સમુદ્રના કાંઠે કળણ ભૂમિમાં (કાદવમાં) થતો વનસ્પતિનો સમૂહ છે, જેને ચેરનાં કે ભરતીનાં જંગલો કહેવાય છે. આ પ્રકારની વનસ્પતિઓ અને ઝાડવાં માટે અમેરિકનો, સ્પૅનિશ અને પૉર્ટુગીઝો 'મૅન્ગલ' (mangle) શબ્દનો ઉપયોગ કરતા હતા. તેમાંથી આ શબ્દનું 'મૅન્ગ્રોવ' (mangrove) કે 'મેંગ્રૂવ'માં રૂપાંતર થયું છે.

- **પર્યાવરણ અને જીવ સૃષ્ટિના રક્ષણમાં ચેરની ભૂમિકા :**

મૅન્ગ્રોવ એ દરિયા કાંઠાના જંગલો છે. જે દરિયા તથા જમીનની વચ્ચે આવેલ એક ગ્રીન વોલ છે, જે ફળદ્રુપ જમીનનું ધોવાણ અટકાવીને જમીન અને દરિયા વચ્ચે બફર ઝોન તરીકે કાર્ય કરે છે. તે ભરતી-ઓટ તેમજ ભારે સમુદ્રી તોફાનો તથા જોશીલા જળ પ્રવાહોથી દરિયા કિનારાનું ધોવાણ થતાં અટકાવે છે. આ ઉપરાંત ચેરના વૃક્ષો ચક્રવાત, ત્સુનામી કે વાવાઝોડાં જેવી કુદરતી આફતો સામે ઢાલ તરીકે વર્તીને કિનારાના વિસ્તારોમાં નુકસાની ઘટાડે છે, રક્ષણ આપે છે. દરિયાની ખારાશને આગળ વધતી અટકાવે છે. તે ખારા પાણીને જમીનમાં જતું રોકે છે.

વર્તમાન સમયમાં ક્લાઈમેટ ચેન્જ અને કાર્બન ક્રેડિટ ની ચોતરફ વાતો થઈ રહી છે, જેમાં કાર્બન એક મોટો પડકાર છે. ત્યારે આપને જાણીને નવાઈ લાગશે, કે મૅન્ગ્રોવ એ, બ્લૂ

કાર્બનનો મોટો સોર્સ છે. બ્લૂ કાર્બન એટલે એવા કાર્બન, જે પાણીથી જોડાયેલા છે. મૅન્ગ્રોવ કાર્બનને શોષી લે છે અને એને જમીનમાં એકઠો કરે છે. સમુદ્રી કિનારાના વિસ્તારો અને આંતર ભરતી દરિયાઇ વિસ્તારોમાં મૅન્ગ્રોવ્સ સૌથી મહત્ત્વના કાર્બન સિન્કર્સ (કાર્બન શોષક) પૈકીના એક છે. જમીન પરના અન્ય વન કરતા મૅન્ગ્રોવના વનમાં કાર્બન ડાયોક્સાઇડ સંગ્રહ કરવાની શક્તિ, ૧૦% વધુ છે. તે પ્રદૂષણ નિયંત્રણમાં અસરકારક છે અને કાર્બન ડાયોક્સાઇડ શોષીને 'ગ્રીન હાઉસ' અસરને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે.

ચેર અલગ અલગ જૈવ વિવિધતા માટે ઉત્તમ આશ્રયસ્થાન છે. અસંખ્ય દરિયાઇ જીવો જેવા કે વ્હેલ, શાર્ક, વનસ્પતિ ખાતાં જળચરો અને દરિયાઇ કાચબાઓ અહીં સ્થાનિક વસાહતીઓ છે. ચેર વિસ્તારોમાં શિયાળ, જંગલી ભૂંડ જેવા સસ્તન પ્રાણીઓની સાથે સાથે ખૂબ મોટા પ્રમાણમાં સ્થાનિક તથા પ્રવાસી પક્ષીઓની હાજરી જોવા મળે છે. આવા વિસ્તારોમાં કુદરતી રીતે ઉગતી શેવાળ, જીવાતો, નાની માછલીઓ વગેરે પક્ષીઓ તથા અન્યો માટેનો ખૂબ મહત્ત્વનો ખોરાક છે. આ ઉપરાંત ચેર વિસ્તારોમાં મડસ્કીપર, કરચલા પણ જોવા મળે છે. તે યાયાવર પક્ષીઓ, માછલીઓ, કરચલા, દરિયાઈ સાપો સહિતની લગભગ ૧૫૦૦ પ્રજાતિઓને રહેઠાણ (આશ્રય) પૂરો પાડે છે. માછીમારી માટે પણ એ ખૂબ અગત્યના છે. જ્યાં મૅન્ગ્રોવનું કવર હશે, ત્યાં એના મૂળ પાસે માછલીઓ ઈંડા મૂકશે. કારણકે એ માછલીઓને પણ સંરક્ષણ પૂરું પાડે છે. ચેર વિસ્તારોમાં માછલીઓનું વિશેષ પ્રમાણ જોવા મળતું હોવાથી માછીમાર સમૂહ માટે ચેર વિસ્તારો આશીર્વાદ સમાન છે. આમ માછલીઓ પર નભતી એક આખી ઈકો સિસ્ટમને પણ એ પોષે છે.

મૅન્ગ્રોવના જંગલો માત્ર જળચર જીવો માટે જ નહીં, પરંતુ દરિયાકાંઠાના રહેવાસીઓ માટે પણ એક કુદરતી આશ્રય સ્થાન છે. માનવ વસતીનો મોટો હિસ્સો પોતાનું જીવનધોરણ ટકાવવા માટે સમુદ્રી જીવસૃષ્ટિ ઉપર આધારીત છે. સાથે સાથે દરિયા કિનારાના વિસ્તારોમાં વસતા માનવ સમુદાયો માટે, બિન-ઈમારતી વન પેદાશો જેવી કે બળતણ માટે લાકડાં, મધ, ગુંદર કે ઘાસચારા માટેના પણ તે એક મહત્ત્વપૂર્ણ સ્ત્રોત છે. દુષ્કાળના સમયમાં જમીન પરના માલઢોરના ચારા તરીકે પણ મૅન્ગ્રોવ ઉપયોગમાં આવે છે. ચેરના વૃક્ષોનું લાકડું સ્થાનિકો માટે બળતણ સ્ત્રોત તથા પશુઓના ખોરાકની પૂર્તિ તરીકે પણ વિશેષરૂપે ઉપયોગી છે.

મૅન્ગ્રોવ્સ (ચેર) સમુદ્રી કિનારાનું રક્ષણ કરતા હોવાથી દરિયાઇ તોફાન તેમજ જળ પ્રવાહો કે ભરતી-ઓટ વખતે માછીમારો પણ તેનો આશરો લે છે. સમુદ્રી કિનારાની આર્થિક-સામાજિક સુરક્ષા માટે મૅન્ગ્રોવ્સનો વિકાસ અને ચેરથી આચ્છાદીત હરિયાળું આવરણ ખૂબ જ મહત્ત્વનું છે. રાજ્યના વિકાસ અને સાતત્યપૂર્ણ વૃદ્ધિ અર્થે આ જીવસૃષ્ટિનું પણ સઘન રક્ષણ અને સંરક્ષણ કરવું અત્યંત જરૂરી છે. એને માનવજાત માટે કલ્પવૃક્ષથી પણ વધુ મહત્ત્વનું ગણી શકાય. ટુરિઝમને વિકસાવવામાં પણ એ સહાયક બની રહે છે. સુંદર વન એનું મોટું ઉદાહરણ છે. સ્થાનિકો માટે આવકનો એક વિકલ્પ બની રહે છે. આમ મૅન્ગ્રોવ એક કમાઉ દીકરાની ગરજ પણ સારે છે.

એને દરિયાનું રસોડું પણ કહેવાય છે. કારણકે દરિયામાં જે પણ ખોરાક કે ન્યુટ્રીયન્ટ્સ હોય છે, એમાંનો ઘણોખરો ભાગ મૅન્ગ્રોવ ઉત્પન્ન કરે છે. જે દરિયામાં વહીને વિવિધ સમુદ્રી જીવસૃષ્ટિને જરૂરી ખોરાક પૂરો પડે છે. ઈકો સિસ્ટમનું સંતુલન જાળવી રાખવામાં મૅન્ગ્રોવના મહત્ત્વથી કદાચ આપણે એટલા જાગૃત કે જાણકાર નથી. તે દરિયાઈ ખાદ્ય શૃંખલાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. નિષ્ણાતોના મતે, એક હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા મૅન્ગ્રોવ, એ આશરે પાંચ હજાર ડોલર જેટલું મૂલ્ય આપણને પરત કરે છે. આટલી વાત પરથી એટલું તો ફલિત થાય છે, કે આપણે મૅન્ગ્રોવ્સનું સંરક્ષણ કરવું માત્ર જરૂરી જ નહીં, અનિવાર્ય છે.

ઘણા વર્ષોથી સમગ્ર વિશ્વમાં જુદી જુદી જગ્યાએ મૅન્ગ્રોવ વિકસે છે. આપણાં દેશમાં મૅન્ગ્રોવ (ચેર)ના જંગલો, સમુદ્રી કિનારાના નવ રાજ્યો તેમજ ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશોના દરિયા કિનારાના વિસ્તારોમાં કુલ ૪,૯૨૮ ચો. કિમી ના વિસ્તારમાં જોવા મળે છે. આ તમામ રાજ્યો પૈકી ગુજરાત, સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતું રાજ્ય છે. વધુમાં દેશના ત્રણ મોટા અખાતો પૈકી બે અખાતો ગુજરાતમાં આવેલાં છે. તેથી જ રાજ્યનો દરિયા કિનારો મૅન્ગ્રોવ, પરવાળાના ખડકો કે સમુદ્રી ઘાસ વગેરે માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. વળી મૅન્ગ્રોવ સંરક્ષણ અને વિકાસને, રાજ્યમાં ઘણું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જેના કારણે ગુજરાત લગભગ ૧,૧૭૫ ચો. કિમી સાથે મૅન્ગ્રોવ કવરમાં પશ્ચિમ બંગાળ પછી બીજા ક્રમે છે. જે એક ગૌરવની બાબત છે. ગુજરાતમાં કચ્છનો અખાત, ખંભાતનો અખાત તેમજ દક્ષિણ ગુજરાતમાં મૅન્ગ્રોવના વિસ્તાર આવેલા છે.

મૅન્ગ્રોવ વૃક્ષાચ્છાદિત પ્રદેશ ગુજરાતના ચાર વિસ્તારોમાં ફેલાયેલો છે, જેમાં કચ્છ, કચ્છનો અખાત અને સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાત (ખંભાતના અખાત - દુમ્મસ ઉભરાટ વિસ્તાર)નો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં મૅન્ગ્રોવનું

અસમાન પ્રમાણ જોવા મળે છે. આપણાં માટે ગૌરવની બાબત એ છે કે કચ્છમાં સૌથી વધુ ૭૧.૫% ટકા મૅન્ગ્રોવના જંગલોનું આવરણ છે. મૅન્ગ્રોવ રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ફેલાયેલાં છે. છતાં મૅન્ગ્રોવ સૃષ્ટિ માત્ર કચ્છ જિલ્લામાં વધુ જોવા મળી રહી છે. આ જિલ્લામાં રાજ્યના કુલ મૅન્ગ્રોવ સૃષ્ટિ પૈકી ૭૧% મૅન્ગ્રોવ્સ આવેલાં છે. અન્ય મહત્ત્વના જિલ્લાઓમાં જામનગર, ભરૂચ અને અમદાવાદનો સમાવેશ થાય છે.

● **મૅન્ગ્રોવનું મહત્ત્વપૂર્ણ સંરક્ષણ :**

દરિયાઇ જીવસૃષ્ટિ અને સમુદ્રમાં વસતાં જીવોનાં સઘન રક્ષણ અને સંરક્ષણ કરવા માટે રાજ્ય સરકાર સમયાંતરે જરૂરી નીતિ વિષયક નિર્ણયો લેતી રહે છે. દરિયાઈ ઇકો સિસ્ટમને બચાવવા, જૈવ વિવિધતાને પ્રોત્સાહન આપવા અને તેને પુનઃજીવિત કરવા માટે મૅન્ગ્રોવનું સંરક્ષણ અને સંવર્ધન અતિ મહત્ત્વનું છે. ચેરના સંરક્ષણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે પ્રયાસ કરી રહી છે. સમગ્ર દેશમાં ચેરની નવી પ્રજાતિઓનું વાવેતર કરવામાં આવી રહ્યું છે.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા MISHTI - (Mangrove Initiative for Shoreline Habitats & Tangible Incomes)ની શરૂઆત કરવામાં આવી છે. નરેન્દ્ર મોદી જૈવ વિવિધતા સંરક્ષણ માટે એક સંપૂર્ણ મોડેલ અમલમાં મૂકવા માટે કામ કરી રહ્યા છે. જે અંતર્ગત MISHTIની જાહેરાત ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં કરવામાં આવી હતી. MISHTIનો ધ્યેય દરિયા કિનારા અને સોલ્ટ પાન વિસ્તારો સાથે મૅન્ગ્રોવ કવરને ૫૪૦ ચોરસ કિમી સુધી વધારવાનો છે. આગામી પાંચ વર્ષો દરમિયાન ૧૧ રાજ્યો અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મૅન્ગ્રોવ જંગલો વિકસાવવામાં આવશે. જે દરિયાકાંઠાના પ્રદેશોમાં સ્થાનિક સમુદાયોને તેમના કુદરતી વસવાટમાં મૅન્ગ્રોવ ઇકો સિસ્ટમને જાળવવા મદદ કરશે. ભારત સરકાર પ્રોજેક્ટ ખર્ચના ૮૦% ભંડોળ આપશે અને અન્ય ૨૦% સંબંધિત રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવશે. MISHTI નો મુખ્ય ઉદ્દેશ્ય ચેરના મહત્તમ વાવેતર સાથે જૈવ વિવિધતાના સંવર્ધનનો છે.

રાજ્યમાં પણ ગુજરાત ઇકોલોજી કમિશન (GEC) કાર્યરત છે. GEC લાંબા સમયથી રાજ્યમાં મૅન્ગ્રોવ સંરક્ષણનું કાર્ય કરે છે. તેમનો મૅન્ગ્રોવ પ્લાન્ટેશન પ્રોગ્રામ, સ્થાનિક સમુદાયો, વન વિભાગ, એનજીઓ, ખાનગી ભાગીદારો, સરકારી સત્તાવાળાઓ અને વર્લ્ડ બેંકના સહયોગથી કાર્ય કરે છે. આ ટીમવર્કનો હેતુ, સ્થાનિક સમુદાયોને મૅન્ગ્રોવ જંગલો માટે જાગૃત કરવાનો છે.

***મૅન્ગ્રોવ્સ અંગેની આટલી જાણકારી આપ્યા પછી, હવે વાત કરીએ, કચ્છના ગુનેરીની...***

ગુનેરી ખાતે મળી આવેલ ચેરની વસાહત, એ કુતૂહલ જગાડે એવી એક ઘટના છે. આગળ જણાવ્યું હતું તેમ, મૅન્ગ્રોવ દરિયાકાંઠે કાદવવાળી જમીનમાં ઉગે-વિસ્તરે છે. મૅન્ગ્રોવ મુખ્યત્વે દરિયા કિનારે એવી જગ્યાએ જોવા મળે છે, જ્યાં ૨૪ કલાકમાં એકવાર પાણી આવીને જતું રહેતું હોય. જ્યાં સતત કિચડ રહેતું હોય ત્યાં જ એ જોવા મળે છે. પરંતુ કચ્છ મૅન્ગ્રોવના લખપત તાલુકામાં અરબી સમુદ્રથી ૪૫ કિ.મી.ના અંતરે અને કોરી ક્રીકથી ૪ કિ.મી.ના અંતરે આવેલા ગુનેરીમાં પાણી ક્યારેય આવતું નથી!!! ગુનેરીના મૅન્ગ્રોવ કીચડ કે દલદલમાં નહીં પણ સપાટ જમીન પર ૩૨.૭૮ હેક્ટર વિસ્તારમાં જંગલની જેમ પથરાયેલા જોવા મળે છે, જે આપોઆપ આ સાઇટની એક ખાસિયત બની રહે છે. આવી સપાટ જમીન પર જંગલની જેમ પથરાયેલા મૅન્ગ્રોવની વિશિષ્ટતા વિશે જણાવતા વિષય નિષ્ણાત ડૉ. જેઠવાએ જણાવ્યું હતું કે આ વિસ્તારની જમીનના નીચેથી પાણીનો એક પ્રવાહ વહી રહ્યો છે. જે મૅન્ગ્રોવના ઊગવા - ફેલાવા માટે કારણભૂત હોઇ શકે. બીજી એક રસપ્રદ માહિતી આપતા તેમણે કહ્યું કે અંજાર તાલુકાનો શ્રવણ કાવડિયા નામનો વિસ્તાર તો દરિયાથી ૧૨૮-૧૩૦ કિમી દૂર હોવા છતાં એક જમાનામાં ત્યાં પણ મૅન્ગ્રોવનું આવરણ પથરાયું હતું!! (બોલો, આ વાત કેટલા કચ્છીઓને ખબર હતી??? આ લખનારને તો હમણાં જ જાણવા મળી!!) કમનસીબે એ મૅન્ગ્રોવ કાળક્રમે નાશ પામ્યા છે. સરકાર એને પણ રીવાઈવ કરવાની - પુનઃજીવિત કરવાની કોશિશ કરી રહી છે.

વન વિભાગના એક વરિષ્ઠ અધિકારીના મતે, ગુનેરીના અંતર્દેશીય મૅન્ગ્રોવ્સ, લાંબા સમય પહેલાં ઉદ્‌ભવ્યા હોવાનું માનવામાં આવે છે. તે કાં તો મિયોસીન સમયગાળા દરમિયાન (૨.૩ – ૨.૫ મિલિયન વર્ષો પહેલાં) અથવા કચ્છના મહાન રણમાં ખોવાયેલી નદી (સરસ્વતી નદી)ના કાંઠે થયેલા દરિયાઇ વિચ્છેદ પછી ઉદ્‌ભવ્યા હોઈ શકે. આપણે જાણીએ છીએ કે સરસ્વતી, એ એક પૌરાણિક નદી મનાય છે. આશરે ઈ.સ. પૂર્વે ૩૦૦૦-૪૦૦૦ દરમિયાન તે કચ્છના મહાન રણમાં વહેતી હોવાનું માનવામાં આવે છે અને સાગરને મળ્યા પહેલાં જ તે લુપ્ત થઈ ગઈ હતી. આથી એને કુંવારી નદી પણ કહેવાય છે. આ એક આડ વાત થઈ.

કચ્છની ગુનેરી સાઇટ, એક લશ ગ્રીન જંગલ છે. ટેકનિકલી ચૂનાના પત્થરો ધરાવતા વિસ્તારોમાં અંતર્દેશીય

મૅન્ગ્રોવ્સ ટકી શકે છે. કારણકે ચૂનાનો પત્થર મૅન્ગ્રોવ વનસ્પતિને ભૂગર્ભ જળનો સતત પ્રવાહ પૂરો પાડે છે. દરિયો અને કાદવ ના હોવા છતાં ગુનેરીમાં મૅન્ગ્રોવ ઉગવાનું કારણ પણ એ જ છે કે, આ વિસ્તાર આખો લાઈમ સ્ટોન બેલ્ટ છે. આવા વિસ્તારમાં ઉપરવાસમાં એકઠું થયેલું વરસાદનું પાણી ધીમે ધીમે સિપેજ થાય. એ પાણી રણ તરફ આગળ વધે. એના રસ્તામાં આ મૅન્ગ્રોવ સેટ થયેલાં છે. એટલે એને પૂરતો પ્રકાશ મળી રહે છે, પાણીની જરૂરિયાત ચૂનાના પત્થરો પૂરી કરે છે, જેમાં આ મૅન્ગ્રોવ ઊભા રહી જાય છે. અન્ય કોઈ વનસ્પતિ પાણીમાં ઊભી ન રહી શકે. પણ મૅન્ગ્રોવના મૂળ ખૂબ જ ફ્લેક્સિબલ અને પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધનારા હોય છે. પશ્ચિમ કચ્છ અને ગુનેરી મૅન્ગ્રોવ્સની આસપાસના વિસ્તારોમાં ચૂનાના પત્થરોના સંગ્રહનો રેકોર્ડ છે. ગુનેરી અંતર્દેશીય મૅન્ગ્રોવ્સ, સદીઓથી આ ચૂનાના પત્થરો પર અસ્તિત્વ ધરાવે છે અને આમ તે એક અનન્ય જૈવ વિવિધતા સ્થળ બનાવે છે. **એથી જ એક યુનિક બાયો ડાયવર્સિટી હેરિટેજ સાઇટ તરીકે, ગુજરાત સરકારે એને શોધી, એના વિષે સંશોધન કર્યું અને આ સાઇટને હેરિટેજ સાઇટ જાહેર કરી.**

- **પડકારો :**

મૅન્ગ્રોવ માટે આજે સૌથી મોટો ખતરો ક્લાઈમેટ ચેન્જનો છે. જો કે ક્લાઈમેટ ચેન્જનો મોટા માં મોટો દુશ્મન પણ મૅન્ગ્રોવ છે. આખાય વિશ્વનું ધ્યાન હાલ મૅન્ગ્રોવ્સ પર કેન્દ્રિત થયેલું છે, કારણ કે રેઇન ફોરેસ્ટ કે કોરલ રીફ એ બધા કરતા પણ વધુ કાર્બન ડાયોક્સાઈડનું શોષણ કરવા માટે મૅન્ગ્રોવ સક્ષમ છે. એટલે ક્લાઈમેટ ચેન્જને ટક્કર આપવા માટે પણ મૅન્ગ્રોવને ક્લાઈમેટ એક્શન માટે હીરો કહેવામાં આવે છે. એના અસ્તિત્વ સામે ખતરો છે, ફ્લેશ ફ્લડ - ખૂબ મોટાં પૂર આવે, કે મોજાંઓની હિલચાલ વધી જાય, તો એના કારણે મૅન્ગ્રોવના મૂળિયાં હલી જાય છે, નબળાં પડી જાય છે અને એનું ધોવાણ થઈ જાય છે. કચ્છમાં ઘણા મૅન્ગ્રોવના વિસ્તારો આવા કારણોથી વધ ઘટ થતાં રહે છે.

કચ્છમાં મોટા પાયે ચાલતો મીઠા ઉદ્યોગ, એ મૅન્ગ્રોવને માટે પડકાર રૂપ બની રહ્યો હોવાનો એક મત છે. કારણ કે મીઠું પકવવા માટે પણ એ જ એરિયા જોઈએ જે મૅન્ગ્રોવને જોઈએ — કોસ્ટલ મડ ફ્લેટ - દરિયા કિનારાનો કાદવવાળો વિસ્તાર. હાલ દેશનું આશરે ૮૦% જેટલું મીઠું ગુજરાતમાં બને છે. મીઠું, ઔદ્યોગિક રૉ મટિરિયલ તરીકે પણ એટલું જ જરૂરી હોવાથી, એનું ઉત્પાદન થતું અટકાવી ના શકાય. પરંતુ એના કારણે મૅન્ગ્રોવને મોટો પડકાર નથી. હા, એકલ દોકલ વિસ્તારમાં કદાચ મૅન્ગ્રોવને ગેરકાયદેસર કાપીને ત્યાં મીઠાંના અગર બનાવાતા હોય એ સંભવ છે. પરંતુ મૅન્ગ્રોવનું સામૂહિક નિકંદન કાઢી, અન્ય કોઈ ઉદ્યોગ સ્થાપવો શક્ય નથી. સેટેલાઈટ ઈમેજિસની ટેકનોલોજી ઉપલબ્ધ છે, સરકારી તંત્ર સજાગ છે, લોકોમાં જાગૃતિ છે, મીડિયા પણ જાગૃત છે, સાથે જ કાયદાકીય રીતે મૅન્ગ્રોવ્સ કાપવા એ સજાપાત્ર ગુનો હોવાથી મૅન્ગ્રોવનો સફાયો કરવો શક્ય નથી. તેમ છતાં ગેરકાયદેસર પ્રવૃત્તિ નથી જ થતી એમ કહી ના શકાય.

વર્ષ ૨૦૧૧ના ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા મુજબ દેશમાં મૅન્ગ્રોવ જંગલોની કુલ વૃદ્ધિના ૫૦% હિસ્સો એકલા ગુજરાત રાજ્યનો છે. અહેવાલો અનુસાર ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે, કે જ્યાં મૅન્ગ્રોવ આવરણ ૪૫ ચો.કિમી. વધ્યું હોવાનું નોંધાયું છે (FSI, ૨૦૧૩). જ્યારે આ સમયગાળા દરમિયાન અન્ય દરિયા કિનારો ધરાવતા રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મૅન્ગ્રોવ આવરણોમાં ઘટાડો થયો છે અથવા તો તેમાં કોઇ પરિવર્તન આવ્યું નથી (FSI,૨૦૧૩). મૅન્ગ્રોવ સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતના કાર્યોની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા પણ થઇ છે. પરંતુ કેટલાક વિસ્તારમાં દસ વર્ષ પહેલાં જ્યાં ચેરનાં વૃક્ષો હતાં, ત્યાં આજે મીઠાના અગર જોવા મળે છે એ પણ જમીની હકીકત છે. એવા સંજોગોમાં સરકારે વિકાસ અને પ્રાકૃતિક વિરાસત બંને વચ્ચે સંતુલન સાધીને આગળ વધવું પડશે..

ગુનેરીના મૅન્ગ્રોવ માટે અન્ય બે પડકારો પણ મોટા છે, એક છે માઈનિંગ અને બીજો છે ચારા તરીકે કે વપરાશ માટે એની કાપણી. ગુનેરી અને એની આસપાસનો વિસ્તાર લાઈમ સ્ટોન અને લિગ્નાઈટ સમૃધ્ધ વિસ્તાર છે. જેમ પહેલાં જણાવ્યું હતું તેમ લાઈમ સ્ટોન જેવા ખનીજના કારણે જ મૅન્ગ્રોવ ત્યાં ઊભાં છે. હવે જો એ વિસ્તારમાં માઈનિંગ થાય, તો ભૂગર્ભ જળ પ્રવાહમાં ફેરફાર થાય. જો પાણી મળતું બંધ થઈ જાય, તો ત્યાં મૅન્ગ્રોવ સૂકાઈ જશે. ગુજરાતમાં ચેરનાં જંગલોના નાશ માટે તેનું ઉચ્છેદન અને ઊંટ-ચરિયાણ પણ મોટું કારણ છે.

આ બીજો ખતરો ખૂબ રસપ્રદ છે. કચ્છના ખાસ જાતિના ઊંટનો મુખ્ય ખોરાક છે મૅન્ગ્રોવ. આપને એક ઓછી જાણીતી વાત પણ અહી જણાવી દઉં. આપને નવાઈ લાગશે કે ઊંટની એક દુર્લભ પ્રજાતિ છે — ખારાઈ ઊંટ. ખારાઈ, એ ગુજરાતના કચ્છ જિલ્લાના મીઠાના કળણમાં જોવા મળતી ઊંટોની એક દુર્લભ જાતિ છે. જેને સ્વિમિંગ કેમલ કે તરતા ઊંટ પણ કહેવાય છે. ખારાઈ ઊંટો દુનિયામાં એકમાત્ર એવા ઊંટ છે, જે તરી શકે છે. તેઓ જમીન પર જેટલી સરળતાથી પસાર થાય છે, તેટલી જ સરળતાથી પાણીમાં પણ સરકી જાય છે. તેઓ છીછરા

સમુદ્રમાં ત્રણ કિલોમીટર સુધી તરીને તેમની ચરાણ જમીન – મૅન્ગ્રોવ્સ સુધી પહોંચે છે. ખારાઈ (જેનો અર્થ ખારાશવાળું) ઊંટ, એ કચ્છમાં સ્થાનિક છે. તેઓ કચ્છના ફકીરાની કે ફકીરાણી જત સમુદાય સાથે રહે છે, ફકીરાની જત, એ વિચરતી ઊંટ પાલકોની જાતિ છે. આ ઊંટોએ ક્યારે તરવાનું શરૂ કર્યુ હતું તે ચોક્કસ જાણી શકાયું નથી, પરંતુ ફકીરાની જત સમુદાય કહે છે કે તેઓ લગભગ ૩૦૦ વર્ષથી , ૧૫-૧૭ પેઢીથી તેમના ઊંટો સાથે પાણી પાર કરી રહ્યા છે. તેઓ તો એમ પણ માને છે કે આ ઊંટો સમુદ્રમાંથી આવ્યા હતા, અને તેઓ પોતે પણ...

જમીન અને દરિયા કાંઠે, એમ દ્વિ-ઈકો સિસ્ટમમાં રહેતા આ ખારાઈ ઊંટ, માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે. જે તરીને મૅન્ગ્રોવ્સ ખાવા જાય છે. પરંતુ હવે ખારાઈ ઊંટો માટે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. મીઠું પકવતા ટેકેદારોએ, માઈનિંગ કરતાં કે અન્ય ઉદ્યોગોએ પોતાના ફાયદા માટે, મૅન્ગ્રાવ્સના આવરણને નુકસાન પહોંચાડ્યું છે. કદાચ એ જ કારણે ખારાઈ ઊંટો પણ લુપ્ત થવા આવ્યા છે. તેમની સંખ્યા ઘટી ગઈ છે અને હજી ઘટી રહી છે. વન વિભાગના જણાવ્યા મુજબ, આંતરદેશીય મૅન્ગ્રોવ્સ દુર્લભ છે. અત્યાર સુધી સમગ્ર વિશ્વમાં માત્ર આઠ સ્થળોએથી તેની જાણ મળી છે. નોંધપાત્ર વાત એ છે કે ગુનેરી ઇનલેન્ડ મૅન્ગ્રોવ સાઈટ, ભારતમાં તેના પ્રકારનું છેલ્લું અવશેષ છે. કચ્છની આ બંને વિશેષતાઓ – મૅન્ગ્રોવ અને ખારાઈ ઊંટનું જતન સંવર્ધન કરવા કચ્છીઓએ જાગૃતપણે પ્રયત્નો કરવા પડશે.

ખૂબ મહત્ત્વના એવા આ મૅન્ગ્રોવના સંરક્ષણ માટે સરકાર ઘણા પગલાં લઈ રહી છે. કાયદાકીય બિલ પસાર કરી મૅન્ગ્રોવના રક્ષણ માટે પ્રયાસ થઈ રહ્યા છે. કન્ઝર્વેશન, પ્રોટેક્શન અને ફોરેસ્ટ્રેશન – આ બધા સ્તરે જાગૃતિ ફેલાવવી આવશ્યક છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે, જે ઝડપથી ઔદ્યોગિકીકરણ કરી રહ્યું છે. એમાંય ભૂકંપ બાદ કચ્છમાં ઔદ્યોગિક વિકાસ વાયુ વેગે થઈ રહ્યો છે. તેથી જ સંતુલન સાથે મૅન્ગ્રોવ ઈકોસિસ્ટમને પ્રોત્સાહિત કરવી મહત્ત્વપૂર્ણ છે. ચેરના સંરક્ષણ માટે આ વિસ્તારોમાં વિકાસ-પ્રવૃત્તિઓને અંકુશિત કરવી આવશ્યક છે. આ વિકાસ-પ્રવૃત્તિઓમાં બંદરોનો વિકાસ અને ગોદીઓ, પાઈપલાઈન તથા અન્ય બાંધકામોનો તેમજ મીઠાના અગરોના નિર્માણનો સમાવેશ થાય છે.

ભારત સરકારના મૅન્ગ્રોવના એક્સપર્ટ, એક અનુભવી વૈજ્ઞાનિક, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓશનોગ્રાફીના પૂર્વ ડેપ્યુટી ડિરેક્ટર, મૅન્ગ્રોવ સોસાયટી ઓફ ઈન્ડિયાના પૂર્વ સેક્રેટરી અને ગોવાના 'મેન્ગ્રોવ મેન' તરીકે ઓળખાતા ડૉ. અરવિંદ ઉન્ટાવાલેના શબ્દો માં કહું તો "આપણામાંથી દરેકે, પ્રકૃતિના નાના કે મોટા વિનાશની જવાબદારી લેવાની જરૂર છે. Save Mengroves, Mengroves Will Save Us."

ગુનેરીના મૅન્ગ્રોવ વૃક્ષો કુદરતની અજાયબી છે અને આપણા માટે એક સંપત્તિ પણ છે. આપણાં કચ્છને ગૌરવ અપાવતી આ હેરિટેજ સાઈટને સાચવવા આપણે સૌ પોતાનાથી બનતું કરતાં રહીશું, તો આપણી ભાવિ પેઢીને જીવવા યોગ્ય ભવિષ્ય આપી શકીશું.

- **એક્સ્ટ્રા શોટ્સ :**

☞ *ભારત અને બાંગ્લાદેશમાં આવેલું સુંદર વન, એ વિશ્વનું સૌથી મોટું મૅન્ગ્રોવનું જંગલ છે.*

☞ *ફલોરિડામાં આવેલું એવરગ્લેડઝ, એ અમેરિકાનું સૌથી મોટું મૅન્ગ્રોવ જંગલ છે..*

☞ *ભારતમાં મૅન્ગ્રોવ આવરણમાં ગુજરાત બીજા ક્રમે છે. ત્રીજા ક્રમે આંદામાન નિકોબાર છે..*

☞ *અને ગુજરાતમાં સૌથી વધુ મૅન્ગ્રોવ વિસ્તાર કચ્છમાં છે.*

## હાઈકુ

મૌનની ભાષા
વાપરી જાણે સંતો!
શ્રેષ્ઠ માનવ!

વંદન કરું
છું ગુરુજી આપને,
જીવન ધન્ય!

અમ જીવન,
ગુરુજી થકી શોભે
સુખી જિંદગી!

પ્રભુ સંગાથે,
થાય મનમેળ; તો
જીવન ધન્ય!

આદિત્ય કેરો
ઉદય, નવી આશા
લાવે અપાર!

તરંગી મન,
શેતાન કેરું ઘર!
રાખો સંભાળી!

લાગણી કેરી,
શબ્દના ધારા વહે,
કાવ્ય જગતે!

શબ્દની ધારા
વહે મનભાવન!
જગ વિસ્તરે!

*હસમુખ રામદેપુત્રા - રાજકોટ*
*મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭*

વ્યક્તિ વિશેષ

# દાનવીર પૂજ્ય દામજીભાઈ અને જાદવજીભાઈ એન્કરવાલાની જીવનકથા

વસંત મારૂ

કચ્છમાં કુંદરોડી ગામમાં વેલજીબાપા અને લાધીબાઈને ત્યાં ચાર દીકરીઓ હતી. પણ દિકરાની તીવ્ર ઝંખના લાધીમાને હતી. એકવાર લાધીમાને રાતે સપનામાં કચ્છના સંત મેકરણદાદાએ દર્શન દીધા.



**શ્રી દામજીભાઈ એન્કરવાલા**



**શ્રી જાદવજીભાઈ એન્કરવાલા**

મેકરણદાદાના સ્વપ્નદર્શન પામી લાધીબાઈ મેકરણદાદાની જ્યાં સમાધિ આવેલ છે એ ધ્રંગ જવા નીકળ્યા. આજથી આશરે સવાસો વર્ષ પહેલા છેક કુંદરોડીથી ભુજથી પણ દૂર ધ્રંગ સુધી પહોંચવું બહુ અઘરું હતું. પણ શ્રદ્ધાના બળે ગાડા જેવા વાહનમા બેસી, સેવાધારી સંત મેકરણદાદાની સમાધિ સુધી પહોંચી પુત્રનું વરદાન મેળવવા ત્રણ ત્રણ રાત સુધી મેકરણદાદાના મંદિરમાં સમાધિ પાસે એકલા સૂતા. જંગલમાં આવેલ મેકરણદાદાની સુમસામ સમાધિ પાસે ત્રણ ત્રણ રાતો સૂવું એ હિંમત માંગી લેતું કામ હતુ. છેવટે ત્રીજી રાતે સપનામાં મેકરણદાદાએ એમને ત્રણ માળા બતાડી અને જાણે લાધીમાની માનતા પૂરી થઈ અને સમય વીતતા લાધીમાની કુખે નરશી, લાલજી અને વશનજી નામના ત્રણ પુત્ર રત્ન પ્રાપ્ત થયા. લાધીમા તીવ્ર ભક્તિભાવે એમને મેકરણદાદાની પ્રસાદી માનતા. એ પુત્રો પણ સંત મેકરણદાદા જેવા પ્રતાપી પાક્યા.

લાધીમા અને વેલજીબાપાનું ઘર સાત સાત બાળકોથી કિલ્લોલ કરતું થયું. વેલજીબાપાની સોથી વધુ એકરની જમીન અને ગાય ભેંસ ઈત્યાદિથી ઘરમાં દૂધ ઘી ની રેલમછેલ હતી. સમય જતા વચેટ લાલજીભાઈ અને નાના વશનજીભાઈ પૈસા કમાવવા મુંબઈ આવી ભાયખલા સંબંધીની દુકાને નોકરીએ લાગ્યા. ત્યાંથી ત્રણે ભાઈઓએ વરલીમાં દુકાન લીધી અને અનાજ, રસકસ હાર્ડવેર, કપડાં ઈત્યાદિનો ધંધો કર્યો. લાલજીભાઈના લગ્ન ઉમરબાઈ સાથે થઈ ગયેલા.

લાલજીભાઈ અને ઉમરબાઈના ઘરે ત્રણ સંતાનોનો જન્મ થયો. સૌથી મોટા જવેરબહેન, પછી દામજીભાઈ અને જાદવજીભાઈ. દામજીભાઈ અને જાદવજીભાઈ જાણે રામ લક્ષ્મણની જોડી જોઈ લ્યો. બંને ભાઈઓ વચ્ચે લાગણીનો જાદુઈ સેતુ હતો.

દામજીભાઈ અને જાદવજીભાઈનો જન્મ કુંદરોડી ગામના દેશી નળીયાવાળા ઘરમાં થયો હતો. ત્યારે ક્યાં ખબર હતી કે લાઈટ વગરના ઘરમાં જન્મેલા આ ભાઈઓ એક દિવસ ભારતના તમામ ઘરોમાં પ્રકાશ પાથરવા કારણભુત બનશે. એટલુંજ નહીં ચિક્કાર દાન આપી જરૂરિયાતમંદોના ઘરમાં એક મુઠી અજવાળું પાથરશે.

મેકરણદાદાનો જાણે વારસો મળ્યો હોય તેમ લાલજીબાપા કરુણાભાવથી છલકાતા હતા. આદિવાસી ગામોમાં મંદિરો બંધાવી હિંદુત્વને ટકાવવા પુરુષાર્થ કર્યો હતો. જરૂરિયાતમંદોને ગુપચૂપ સહાય કરતા. કચ્છમાં સર્વ સેવા સંઘની સ્થાપના કરી લોકહિતના અનેક કાર્યો કર્યા.

લાલજીબાપા માનતા હતા કે નર્મદાનું પાણી કચ્છમાં આવશે ત્યારે કચ્છ નંદનવન બનશે. પિતાજીના સ્વપ્ન સમ નર્મદાના નીર કચ્છમાં લાવવા માટે દામજીભાઈએ જબ્બર આંદોલન કર્યા હતા. લાલજીબાપાના અવસાન પછી એમના અસ્થિ નર્મદા મૈયામાં વિસર્જિત કરાયા હતા. આજે નર્મદાના પાણી કચ્છમાં આવી પહોંચ્યા છે એ જોઈ બાપાની આત્મા સ્વર્ગમાં મરક મરક હસતી હશે.

લાલજીબાપા અને એમના ભાઈઓ જયારે વરલીની દુકાન ચલાવતા ત્યારે દુકાન સામે રહેતા એક બંગાળી એન્જિનિયર એમને મોટું સાહસ કરવા પ્રેરણા આપતા. પરિણામે ત્રણે ભાઈઓ અને બંગાળી એન્જિનિયરે મળી મલાડની બોમ્બે ટોકીઝના પરિસરમાં કે. બી. કંપની (કે એટલે કચ્છી અને બી એટલે બંગાળી) ડાઇ બનાવવાનું યુનિટ નાખ્યું. કે. બી. કંપનીના નામનું એ યુનિટ સમય જતા નિષ્ફળ ગયું અને લાલજીભાઈના ભાઈઓ વ્યવસાયમાંથી છૂટા થયા.

પણ લાલજીભાઈ એ યુનિટમાં રહીને ઈલેકટ્રીક સ્વિચ બનાવવાનું શરૂ કર્યું. એ જમાનામાં સ્વીચ કાળા કલરની ગોળ ડબ્બી જેવી બનતી. પણ એમણે સ્વીચને લંબચોરસ અને લિસ્સી બનાવી, દેખાવમાં સુંદર બનાવી. અલગ અલગ કંપનીઓનું

જોબ વર્ક કરવા લાગ્યા.

સમય જતા પોતાની બ્રાન્ડની સ્વીચ બનાવવાનું વિચાર્યું અને વિકટર બ્રાન્ડની સ્વીચ અને બીજી પ્રોડક્ટ બનાવવાનું વિચાર્યું. પણ વિકટર બ્રાન્ડનું રજિસ્ટ્રેશન ન મળતા બોલવામાં સરળ લાગે એવા 'એન્કર' બ્રાન્ડનો જન્મ થયો.

લાલજીબાપાના માર્ગદર્શનમાં બંને ભાઈઓએ પુરુષાર્થનો યજ્ઞ આરંભ્યો. દામજીભાઈના અક્ષરો મોતીના દાણા જેવા હતા. એમનું ચિત્રકામ પણ સરસ હતુ. સરવાળે દામજીભાઈ ક્રિએટીવ હતા અને જાદવજીભાઈ માર્કેટીંગની કળામાં પાવરધા હતા. બંનેની ખૂબીઓ મળી, ને કંપનીએ મોટો વિકાસ કર્યો.

એક ફેક્ટરીથી શરૂ થયેલી એન્કર કંપનીની યાત્રા ગુજરાત - મહારાષ્ટ્રમાં સોથી વધુ ફેક્ટરીઓ સુધી વિસ્તરી. હજારો લોકોને રોજગારી મળી. ઈલેકટ્રીક ઇન્ડસ્ટ્રીમાં ક્રાંતિ આવી ગઈ. સાથે સ્વ. વશનજીભાઈ લખમશી શાહ (નવાવાસ) ની પ્રેરણાથી શરૂ થઈ સામાજિક કાર્યોની દોડ! એમના દ્વારા દાનની ગંગા વહેવા લાગી. દાન દ્વારા બંને ભાઈઓએ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા પુરુષાર્થ આરંભ્યો.

૧૯૬૦માં દામજીભાઈના લગ્ન ગંગાબાઈ જાધવજી લધાના દીકરી શાંતાબેન સાથે થયા અને સમય જતા જાદવજીભાઈના લગ્ન વડાલા ગામના હૈદ્રાબાદ રહેતા મુલિમા ભાણજી ખેરાજના દીકરી જેવંતીબેન સાથે લેવાયા. શાંતાબેન અને જેવંતીબેને એમને જબ્બર પીઠબળ પૂરું પાડ્યું.

જાદવજીભાઈએ શરૂઆતમાં અંધેરીમાં દુકાન કરી ત્યારે છેક બજારથી મરીન લાઈન્સ સુધી સામાનના જોલા ખભા પર ઉપાડી લાવવાનો પરિશ્રમ કરી કરકસર કરતા. એન્કર કંપની શરૂ થયા પછી સાઈકલ પર બેસી દુકાને દુકાને માલનું વેચાણ કરતા. કારીગર ન આવ્યો હોય તો જાતે ડાઈ મશીન પર બેસી કામ કરતા. ત્યારે ક્યાં ખબર હતીકે એક દિવસ આ માણસ લક્ઝરી કારમાં ફરશે!

સમયનો ખેલ ગજબનો હોય છે એનો બીજો પુરાવો પણ મને દેખાયો. મુંબઈ આવ્યા પછી દામજીભાઈ શરૂઆતના બે ત્રણ વર્ષ સ્થાનકવાસી મહાજનની ચીંચપોકલી સ્કૂલમાં ભણ્યા અને સમય જતા એજ સ્થાનકવાસી મહાજનમાં પ્રમુખ, ટ્રસ્ટી, મેનેજિંગ ટ્રસ્ટી તરીકે વીસ વીસ વર્ષ સુધી સેવા આપી સ્થાનકવાસી મહાજનને નવી ઉંચાઈએ લઈ ગયા. ભણવામાં તેજસ્વી દામજીભાઈને ડૉક્ટર બનીને માનવ સેવા કરવી હતી. ખાલસા કોલેજમાં ઈન્ટરમાં ભણતા હતા ત્યારે તબિયત બગડતા લાંબા સમય માટે હૈદ્રાબાદ ઉપચાર માટે જવું પડ્યું અને ડૉક્ટર બનવાનું સ્વપ્ન અધૂરું રહ્યું. પણ માનવ સેવા કરવાની જીજીવિષા પૂરી કરવા એક દિવસ બંને ભાઈઓએ એમના માનસપુત્ર જેવા કોમલભાઈ છેડાને બોલાવી રક્તદાન શિબિર યોજવાનું જણાવ્યું. પરિણામે કચ્છ યુવક સંઘ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી 'એન્કરવાલા રક્તદાન શિબિરો' યોજાય છે. જેમાં લાખો યુનિટ રક્ત ભેગું કરાયું છે, ને હજારો દર્દીઓને નવજીવન મળ્યું છે. માંડવી પાસે આવેલ મસ્કા હોસ્પિટલને એન્કર પરિવારે પુનઃજીવન આપ્યું છે. એ હોસ્પિટલમાં માત્ર કોરોના કાળમાંજ અધધધ દસ હજાર દર્દીઓને સાજા કરવામાં આવ્યા હતા. પ્રાગપર રોડ પર એન્કરવાલા અહિંસાધામમાં હજારો પશુઓને આશરો આપવા મહેન્દ્રભાઈ સંગોઇને પીઠબળ આપ્યું છે, તો એમની શાહ એન્ડ એન્કર પોલીટેકનિક કોલેજમાં ભણીને સેંકડો એન્જિનિયરો ભારત અને પરદેશમાં ફેલાઈ ગયા છે.

આવી તો કેટ કેટલીય શૈક્ષણિક અને સામાજિક, ધાર્મિક સંસ્થાઓમાં દાન આપી સેવાની સુવાસ એન્કર પરિવારે ફેલાવી છે. કચ્છની તમામ કુદરતી આફતોમાં આગળ આવી મબલખ દાન તથા માર્ગદર્શન આપ્યું છે. દામજીભાઈને નાટકો બહુ ગમતા. કચ્છ યુવક સંઘના નાટકો જોવા સજોડે અને ક્યારેક સંતાનો સાથે આવતા. ઈન્ટરવલમાં અચૂક બેક સ્ટેજ પર મને મળવા આવતા. ખભા પર હાથ રાખી શાબાસી આપતા. અને એક વાક્ય અચૂક કહેતા કે, "કલાકારો સમાજની મિલ્કત કહેવાય. સમાજે કલાકારોને સાચવવા જોઈએ."

જાદવજીભાઈ અને જયવંતીબેનને પણ કળા પ્રત્યે અનહદ લાગણી છે. સોનગઢ રત્નાશ્રમના ઈતિહાસનું નાટક મુંબઈ અને બહાર ભજવવા લખલૂટ ખર્ચ કરવા ચંપકભાઈ ગંગરને સહયોગ આપ્યો હતો.

આજ વર્ષે જાદવજીભાઈ અને જયવંતીબેનના સહયોગથી નાલાસોપારામાં કચ્છ યુવક સંઘના નાટકનું આયોજન થયું હતું. ત્યારે ઉર્જાથી છલકાતી આ દંપતી અઢી કલાકનો પ્રવાસ કરી લોકોને મળવા નાલાસોપારા આવ્યા હતા. એ પ્રસંગે જયવંતીબેને કરેલા માત્ર પાંચ મિનિટના પ્રવચનથી લોકોની આંખમાં પાણી આવી ગયા હતા એવી સહજ સ્પીચ હતી.

બે વર્ષ પહેલા, મહા સુદ આઠમના પવિત્ર દિવસે પૂજ્ય દામજીભાઈ નામના ફરિશ્તાએ આ બ્રહ્માંડમાંથી વિદાય લીધી અને એમની સુવાસથી ખેંચાઈ અંદાજે પાંચ-સાત હજાર લોકો એમને અંજલિ આપવા યોગી સભાગૃહ - દાદર ખાતે આવ્યા હતા.

એમની ત્રીજી પેઢીના યંગસ્ટરોએ સ્પીચમાં મારી આંખો ભીંજવી દીધી હતી. સાથે જ સભાનું સહજ સંચાલન કરતા સોલિસીટર ધીરેનભાઈ નંદુએ માનસ પટ પર અમિટ છાપ મૂકી આ બ્લોગ કથા લખવા જાણે ઈજન આપ્યું. પૂજ્ય દામજીભાઈને વંદન.

*(આભાર : ખૂટતી વિગત માટે કાંતિભાઈ વશનજી મામણિયા, CT પરિવાર)*

**મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨**

વિશિષ્ટ દિવસ

### ૧લી મે : વિશ્વમાં શ્રમિકોની એકતા અને અધિકારનો દિવસ

# મે દિન

ભરત'કુમાર' પ્રા. ઠાકર

દર વર્ષે દુનિયામાં પહેલી મેનો દિવસ 'મે દિન' (MAY DAY) સ્વરૂપે મનાવવામાં આવે છે. કારખાનામાં કામ કરતા દુનિયાભરના મજદૂરોના 'અધિકાર દિવસ' તરીકે ઉજવાય છે. એટલા માટે ૧લી મેનો દિવસ વિશ્વભરમાં 'મજૂર દિન' (લેબર ડે) તરીકે પણ ઓળખાય છે

આપણે ત્યાં 'મે ડે' છે; પણ વિશ્વ સમસ્ત જે રીતે એ દિવસ ઉજવે છે એ રીતે આપણે ઉજવતા નથી. ઘણાને તો આ 'મે ડે' શું છે એ પણ ખબર હોતી નથી. 'મે દિવસ' મનાવવાની પાછળ રક્તરંગી ઈતિહાસ વણાયેલો છે. અમેરિકામાં શિકાગો શહેરના 'હે માર્કેટ સ્ક્વેર'માં એ ઘટના બની હતી.

- **ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા**

યુરોપના દેશોમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિના પગલે માલિક અને મજૂર એમ બે વર્ગ પડ્યા. **૧૮૩૮માં અમેરિકાના કારખાનામાં માલિકો મજદૂરો પાસેથી એટલું કામ લેતા કે ઘણી વખત મજૂરો બેહોશ થઈ જતા. તેઓને દરરોજ ૧૯ થી ૨૧ કલાક કામ કરવું પડતું. જો તેમ ન કરતા તો તેમની મજૂરી કાપી લેવામાં આવતી.**

લગભગ બે દાયકા લગી મિલમાલિકોનું આવું વર્તન ચાલુ રહેતાં મજદૂરો પરેશાન થઈ ઉઠ્યા. તેઓએ પોતાના શોષણ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. **અમેરિકાના રાષ્ટ્રીય મજૂર સંઘે ઓગસ્ટ ૧૮૬૬માં પોતાના અધિવેશનમાં એવી માંગણી મૂકી કે દિવસના ચોવીસ કલાકોમાંથી આઠ કલાક મજૂરીના, આઠ કલાક સામાજિક કાર્યના અને આઠ કલાક વિશ્રામ માટે નિશ્ચિત હોવા જોઈએ.**

યુનિયનની આ ઘોષણાથી મજદૂરોનું જોમ વધ્યું અને ધીરે-ધીરે આ માંગણી જોર પકડવા લાગી. આંદોલનનું કેન્દ્ર બનેલા શિકાગોમાં રોજેરોજ દેખાવો થવા લાગ્યા. ફેક્ટરી માલિકો સામે મજદૂરોએ વિદ્રોહનો લલકાર કર્યો.

- **રક્તરંજિત કામદાર ક્રાંતિ**

**મજૂરો પાસેથી આઠ કલાકનું કામ લેવાના ઉદ્દેશ સાથે મેક્કોર્મિક ફાર્મ મશીનરી કંપનીના શ્રમિકોએ ૧લી મે, ૧૮૮૬ના ઐતિહાસિક દિવસે શિકાગો ખાતે હડતાળ પાડીને ગુલામીની જંજીરો તોડવાનો શંખનાદ ફૂંક્યો હતો.** ૩જી મેના દિવસે એકસાથે લગભગ ૪૫ હજાર કામદારો માર્ગો પર નીકળી આવ્યા.

મજૂર નેતાઓનાં પ્રવચનો બાદ સભા પૂરી થવા આવી હતી, ત્યાં જ પોલીસ ચોકમાં આવી અને સામૂહિક હત્યાકાંડની કરુણ ઘટના સર્જાઈ. પોલીસે કામદારોને ડંડાઓથી પીટ્યા પછી ગોળીઓ વરસાવી દેતાં આઠ મજૂરો માર્યા ગયા તથા કેટલાય ઘાયલ થયા. એકાએક ત્યાં પોલીસ ઉપર કોઈકે બોમ્બ ઝીંકી દેતાં પોલીસે દેખાવકારો પર ગોળીઓ વરસાવી.

સેંકડો મજૂરોનું લોહી રેડાયું અને ત્યારથી કામદારોનો ઝંડો લાલ રંગનો થયો. અનેકોને પકડવામાં આવ્યા અને દાવા ચાલ્યા. તેમાં કેટલાય મજૂર નેતાઓને આજીવન કેદની સજા થઈ અને ચાર કામદારોને ફાંસીએ લટકાવી દેવાયા. પરંતુ આંદોલન અટક્યું નહિ.

- **કામગાર કલ્યાણના કાયદા**

૧૪મી જુલાઈ, ૧૮૮૯ના આંતરરાષ્ટ્રીય સમાજવાદી મજદૂર મહાસભાએ કામના આઠ કલાકની માંગને દોહરાવી. તે સાથે **આ સંસ્થાએ પહેલવહેલો ઠરાવ કરીને પછીના વર્ષે અર્થાત્ ૧લી મે, ૧૮૯૦ને વિશ્વભરમાં 'મજદૂર દિવસ' તરીકે મનાવવાનું એલાન કર્યું.**

ત્યારથી શ્રમજીવી વર્ગના ન્યાયી હક્કોની પ્રાપ્તિ માટેના સંઘર્ષ અને બલિદાનની સ્મૃતિમાં દર વર્ષે ૧લી મેના દિવસને 'મે દિન' કે 'મજૂર દિવસ' (અંગ્રેજીમાં 'મે ડે') તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવી રહ્યો છે. તે વખતે મજૂર કાયદા અને શ્રમિક એકતાનો અભાવ હતો. પરિણામે મજૂરોના ભોગે માલિકો વધુ સમૃદ્ધ થતા હતા.

ત્યારબાદ કામના કલાકો નિયત કરવા, વાજબી વેતન આપવા, કામની સ્થિતિ સુધારવા ઠેકઠેકાણે આંદોલનો થતાં રહ્યા. વર્ષો જતાં કામદારો-કર્મચારીઓને લાભદાયક અનેક કાયદા રચાયા. બોનસ પ્રથા અને પ્રોવિડન્ટ ફંડ યોજના લાગુ થઈ. સામ્યવાદી દેશોમાં તો કામદારોની ભાગીદારી પ્રથા પણ અમલમાં આવી.

- **શ્રમિક એકતાની ઉજવણી**

સમાજવાદ અને સામ્યવાદના સિદ્ધાંતો સ્વીકારતી પ્રજામાં ૧લી મે મહેનતકશ લોકોના 'મહાન દિવસ' (ધ ગ્રેટ ડે) તરીકે ઉજવાય છે. જર્મન લેખક કાર્લ માર્ક્સે (૧૮૧૮ –૧૮૮૩) "કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો"માં લખ્યું છે : "જગતના શ્રમિકો એક

થાઓ. તમારે ગુલામીની જંજીરો સિવાય કશું જ ગુમાવવાનું નથી.'' આમ, આ દિવસ વિશ્વના મજદૂરોના ઐક્યનો દિવસ છે.

રશિયામાં સામ્યવાદી પક્ષની દોરવણી હેઠળ 'મહાન ઓક્ટોબર સમાજવાદી ક્રાંતિ' (૧૯૧૭) થઈ અને વ્લાદિમિર ઈલિયિચ લેનિન (૧૮૭૦-૧૯૨૪)ની રાહબરી તળે દુનિયાનું પ્રથમ કામદાર કિસાન રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. તે પછી રશિયામાં પ્રથમ 'મુક્ત શ્રમિકોત્સવ' ૧લી મે, ૧૯૨૦ના ઉજવાયો હતો.

આપણા દેશમાં પ્રથમવાર 'કામદાર દિવસ' ૧લી મે, ૧૯૨૩ના મનાવવામાં આવ્યો હતો, જેની શરૂઆત મદ્રાસમાં ભારતીય મજદૂર કિસાન પાર્ટીના નેતા કોમરેડ એમ. સિંગરાવેલુ ચેટ્ટીયારે (૧૮૬૦-૧૯૪૬) કરી હતી. ગુજરાતમાં ૪થી ડિસેમ્બર 'મજૂર દિન' તરીકે ઉજવાય છે. જ્યારે અમેરિકામાં સપ્ટેમ્બરનો પ્રથમ સોમવાર 'લેબર ડે' (શ્રમ દિવસ) તરીકે મનાવાય છે. તો, ૨૮મી એપ્રિલ 'કાર્યસ્થળે શ્રમજીવીની સલામતી અને સ્વાસ્થ્યના વૈશ્વિક દિવસ' (વર્લ્ડ ડે ફોર સેફટી એન્ડ હેલ્થ એટ વર્ક) તરીકે ઉજવાય છે.

### • બાળકોનો તહેવાર પણ ખરો!

'મે દિન' શ્રમજીવીઓ ઉપરાંત બાળકોનો પણ રંગારંગ ઉત્સવ છે. આ દિવસે ઈંગ્લેન્ડના કેટલાક પ્રદેશોમાં લોકો બાળકો માટે 'મે પોલ' નામનો ધ્વજ ઊભો કરે છે. ચીનમાં આ દિવસે બાળકો રંગબેરંગી પોશાક પહેરી એક હાથમાં પીળાં પુષ્પોનો ગુલદસ્તો પકડી ગોળ ઘેરામાં નૃત્ય કરે છે.

જર્મનીમાં આ દિવસે 'આલસેસ' નામક સ્થળે એક વિશાળ સરઘસ નીકળે છે. તેમાં એક યુવક સફેદ કપડાં પહેરી ચાલે છે અને તેનું મોં કાળું રંગેલું હોય છે. તેની પાછળ નાનાં બાળકો પોતાના હાથમાં ઝાડની ડાંખળી પકડીને ચાલે છે. અહીં વૃક્ષની ડાળીઓને 'મે પોલ'નું રૂપ માનવામાં આવે છે.

આ દિવસે આપણા દેશના કેટલાક ભાગોમાં 'ફૂલહરા બીજ' નામનો તહેવાર મનાવવામાં આવે છે, જેમાં છોકરીઓ ફૂલો લઈને સગાંવહાલાંની દુકાનો-ઘરો પર જાય છે. જેના બદલામાં તેઓને ઈનામ રૂપે કંઈક મળે છે. એવો જ એક ઉત્સવ ૨૮મી એપ્રિલના રોમની 'પુષ્પદેવી' (ફલોરા)ની યાદમાં મનાવવામાં આવે છે. અત્યારે આ પર્વના સ્થાને જ 'મે દિવસ' ઉજવવાનું મનાય છે.

### • આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન

'આઈ.એલ.ઓ.'ના મિતાક્ષરે ઓળખાતું 'ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન' (આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન) વિશ્વસંસ્થા 'યુનો'નું એક વિશિષ્ટ અંગ છે. પુરોગામી લીગ ઑફ નેશન્સ (રાષ્ટ્રસંઘ)ની સ્થાપના સાથે જ ૧૧મી એપ્રિલ, ૧૯૧૯ના અસ્તિત્વમાં આવેલી આ સંસ્થા ૧૯૪૬થી યુનોની ખાસ એજન્સી તરીકેના હક્ક ભોગવે છે. સરકારો, માલિકો અને મજૂરસંઘોને સાંકળતી આ સંસ્થાનું મુખ્યમથક જીનિવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં છે અને ૨૦૨૨થી તેના વર્તમાન ૧૧મા મહાનિયામક ગિલ્બર્ટ હોંગ્બો (ટોગો) છે.

સંસ્થાપક સભ્ય અને ૧૯૨૨થી કાયમી સભ્ય તરીકે ભારત આ સંગઠન સાથે ઘનિષ્ઠપણે જોડાયેલું છે. આઈ.એલ.ઓ. અને ભારતે સાથે મળીને ઘણાં ક્ષેત્રો (ખાસ કરીને માનવશક્તિ અને આર્થિક વિકાસ, વ્યવસાયિક સુરક્ષા અને સ્વાસ્થ્ય, મહિલા અને બાળમજૂરી, વ્યવસાયિક પ્રશિક્ષણ, સામાજિક સલામતી, શ્રમિક શિક્ષણ વગેરે)માં વ્યાપક સહકાર સાધ્યો છે.

તેના સુવર્ણ જયંતી પ્રસંગે તા. ૧૧-૪-૧૯૬૯ના વીસ પૈસા મૂલ્યની, અમૃતજયંતી પ્રસંગે તા. ૧-૫-૧૯૯૪ના છ રૂપિયા મૂલ્યની તથા શતાબ્દી પ્રસંગે તા. ૨૨-૧-૨૦૨૦ના પાંચ રૂપિયા મૂલ્યની – એમ ત્રણ ખાસ ટપાલ ટિકિટો પણ ભારતે બહાર પાડી છે.

### • 'મે દિન' અને કચ્છ

આઝાદી પહેલાં પણ કચ્છમાં ખાસ કરીને માંડવીમાં 'મે દિન' મનાવવામાં આવતો હતો. જેમાં તે સમયના કામદાર આગેવાનો ડૉ. જયંત ખત્રી (૧૯૦૯-૧૯૬૮), ઝુમખલાલ મહેતા (૧૯૧૦-૧૯૯૪), ડૉ. મનુભાઈ પાંધી (૧૯૧૪-૧૯૮૪), નૌશીર દસ્તુર (૧૯૧૬-૧૯૭૨), ઈસ્માઈલભાઈ ઘાંચી વગેરે 'મે ડે'ની ઉજવણીમાં ભાગ લેતા. કચ્છમાં અન્ય સ્થળોએ 'મે દિન'ની મહત્તા અને તેની ઉજવણી અંગે ત્યારે બહુ ઓછા લોકોને જાણકારી હતી.

આઝાદી બાદ કંડલા મહાબંદરનો વિકાસ થતાં માંડવી બંદર પર બંદરીય પરિચાલન ઘટ્યું અને ડૉ. જયંત ખત્રીની પ્રેરણાથી અરુણકાંત શાહ (૧૯૩૩-૨૦૧૧) કંડલા ખાતે મજૂર સંગઠન ક્ષેત્રે પ્રવૃત્ત થયા. કંડલા બંદર પર અનેક કામદાર મંડળોમાં 'કંડલા પોર્ટ વર્કર્સ યુનિયન' સૌથી જૂનું અને મુખ્ય છે. તેની સ્થાપના ૧૯૫૫માં 'કંડલા પોર્ટ એમ્પ્લોઈઝ યુનિયન' તરીકે થઈ હતી. ૭મી માર્ચ, ૧૯૬૫થી તે 'કંડલા પોર્ટ વર્કર્સ યુનિયન' (આઈટુક) તરીકે ઓળખાય છે.

વિશ્વ મજૂર દિવસની ઉજવણી પ્રસંગે ૧લી મે, ૧૯૭૪ના નવા કંડલા ખાતે તેની નવનિર્મિત ઈમારતનું સામ્યવાદી પક્ષની ગુજરાત શાખાના મંત્રી સુબોધભાઈ (૧૯૨૮-૨૦૧૭)ના હસ્તે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૨ ઉપર)

ઓલ્ડ ઇઝ ગોલ્ડ

# બળદ અને ઊંટગાડામાં નીકળી જાન

મનીષ જોશી 'મૌન'

## પ્રદૂષણ ઘટે અને પશુઓના માલિકને પણ આવક થાય તેવો પ્રયાસ

માણસે શૂન્યની શોધ કરી એ પછી વિકાસની ગતિ વધી ગઈ. શૂન્યની શોધ બાદ ચક્ર શોધાયું. પૈડા બન્યા અને માણસ પ્રગતિના પંથે આગળ વધ્યો.

ગાડુ બનાવ્યું, તેને બળદ સાથે જોડીને આવાગમનમાં સુવિધા વધારી. ધીમે ધીમે વાહનો શોધાતા ગયા અને બળદગાડા સાઈડ ટ્રેક થતા ગયા. પરંતુ ઘણા લોકો એવા હોય છે જેમને દુનિયામાં 'જરા હટકે' કાર્ય કરવું હોય છે, જેથી તેની નોંધ લેવાય. એટલે જ તાજેતરમાં ભરૂચ જિલ્લામાં એક ગામમાં હેલિકોપ્ટરમાં જાન લઈને વરરાજા લગ્ન કરવા પહોંચ્યા હતા. તેના થોડા દિવસ પછી વડોદરા જિલ્લામાં પણ જાન નીકળી. જેમાં સાજનમાજન બળદ અને ઊંટ ગાડામાં બેસીને ગંતવ્ય સ્થાને પહોંચ્યા હતા.

આવો, આ રસપ્રદ જાનની સફરને શબ્દ થકી માણીએ. વડોદરાથી ૧૭ કિલોમીટર દૂર આવેલા બળિયાદેવના મંદિરથી પ્રસિદ્ધ યાત્રાધામ પોર ગામે રહેતા જ્યોતિષ પટેલના પુત્ર દિક્ષીતના લગ્ન પોર ગામથી ૭ કિલોમીટર દૂર આવેલા સલાડ ગામના સંજય જોષીની પુત્રી રીમા સાથે નક્કી થયા. લગ્નની કંકોતરી છપાઈ. દીક્ષીત પોતાના લગ્નને યાદગાર બનાવવા માગતો હતો. એટલે ભાવિ પત્ની રીમાને પણ વાત કરી અને વાત બંને પરિવારમાં પણ થઈ. બધા લગ્ન પ્રસંગને કાંઈક જુદો લાગે અને જૂના જમાનાની યાદ તાજી થાય તેવું કરવા સહમત થયા. તેથી પરિવારજનોએ જાન બળદગાડા અને ઉંટગાડામાં કાઢવાનો નિર્ણય લીધો. અને ગાડા મેળવવા માટે તપાસ શરૂ થઈ. કારણ હાલના જમાનામાં ખેતીમાં પણ ટ્રેક્ટર આવી ગયા હોવાથી હવે ગાડા આઉટ ડેટેડ થતા જાય છે. દોડધામ બાદ માંડ ૧૪ ગાડા ભેગા થયા. ગાડા શણગારવામાં આવ્યા અને વાજતે ગાજતે ૭ કિમી દૂર જાન લઈ જવામાં આવી. રસ્તામાં આવતા ચાર ગામના લોકો આ અનોખી જાનને જોવા માટે ઉભા રહી જતા હતા અને મોબાઈલ વડે તેને કંડારવા લાગ્યા હતા. આમ દીક્ષીત અને રીમા ઘણાના મોબાઈલમાં કેદ થઈ ગયા અને લગ્ન પ્રસંગ યાદગાર બની ગયો

લગ્ન પ્રસંગની યાદગીરી સાથે બળદ અને ઊંટ ગાડાથી જાન નીકળતા પ્રદૂષણ પણ ઓછું થયું. સાથે અબોલને પણ જમવાનું એટલે કે ચારો સારો મળ્યો. પરિવર્તન એ જિંદગીનો નિયમ છે ત્યારે ઘણા લોકો ઓલ્ડ ઈઝ ગોલ્ડ માની પરિવર્તનને બદલે પુનરાવર્તન કરતા હોય છે. આવા પુનરાવર્તન વિશે આપનો અભિપ્રાય મનો મોકલશો.

● **સંવેદના :**

*લોકોના હૃદયમાં "સેવ" (SAVE) રહેજો સાહેબ,*
*ગેલેરીમાં રહેશો તો "ડિલીટ" (DELETE) થઈ જશો.*

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## શેર બજારનું SAD SONG

ચિંગારી શેર મેં ભડકે
તો મંદી ઉસે બુઝાયે
જબ મંદી સબ કો ડૂબોયે
ઉસે કૌન બચાયે?

★

માના મંદી કે આગે
નહીં ચલતા જોર કિસી કા
માર્કેટ કા દોષ નહીં હૈ
યે દોષ હૈ ઈન્વેસ્ટર કા
જબ એનાલિસ્ટ ચાર્ટ દિખાયે
તો ચાર્ટ હમેં લલચાયે
પર ચાર્ટ હી તલવે ચટાયે
ઉસે કૌન બચાયે?

★

હમ સે મત પૂછો કૈસે
ડૂબા પોર્ટફોલિયો હમારા
મોદી કી બાત નહીં હૈ
યે કિસ્સા હૈ કોઈ ટ્રમ્પ કા
જબ દેશ કી ઈકોનોમી ઉભરે
તો એફઆઈઆઈ પૈસા લગાયે
પર ટ્રમ્પ જો ઉન કો ડરાયે
ઉસે કૌન બચાયે?

તંદુરસ્તી

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર : ૩

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

ગયા લેખમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે.

બાહ્ય પ્રસંગ (૧) સ્ટ્રેસની લાગણી ઉત્પન્ન કરશે, (૨) સ્ટ્રેસની પ્રક્રિયા ઉત્પન્ન કરશે કે (૩) સ્ટ્રેસની બીમારી ઉત્પન્ન કરશે એ આંતરિક પરિબળ (અ) આનુવાંશિકતા, (બ) શરીરની ખાસ કરીને બ્રેઈનમાં આવેલા મનના અવયવોની રચના અને એમાંના ન્યુરોટ્રાન્સમિટર્સ, (ક) માનસિક ઉછેર, (ડ) વ્યક્તિત્વ (Personality), (ઈ) લાગણીશીલતા, (એફ) સંજોગો તથા પરિસ્થિતિ પર ૯૦% આધારિત છે.

- **કેસ સ્ટડી :**

૫૮ વર્ષના કિશોરભાઈને (નામ બદલ્યું છે) દોઢેક વર્ષથી છાતીમાં અવારનવાર દુઃખાવો થતો હતો. હૃદયના ધબકારા વધી જતા હતા. ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. વજન ચારેક કિલો ઓછું થઈ ગયું હતુ. રાત્રે ઊંઘ બરાબર આવતી નહોતી.

વૈદ્યકીય પરીક્ષણમાં બધું નોર્મલ આવ્યું. નાડીના ધબકારા, બ્લડ પ્રેશર તથા અન્ય વૈદ્યકીય તપાસ નોર્મલ આવી. લોહી, પેશાબની તપાસ નોર્મલ હતી. થાઈરોઈડ, બ્લડ સુગર નોર્મલ હતું. કાર્ડિયોગ્રામ કરાવ્યો. નજીવા (minor) ફેરફારો હતા. દવાઓ ચાલુ કરી. થોડીક રાહત મળી.

એક વખત ધંધા પર એકદમથી છાતીમાં દુઃખાવો ઉપડ્યો. શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. પરસેવાથી રેબઝેબ થઈ ગયા. ઈમરજન્સીમાં હોસ્પિટલમાં દાખલ કરેલ. ફરીથી બધી તપાસ નોર્મલ આવી. સ્ટ્રેસ કાર્ડિયોગ્રામ તથા ટુ-ડી ઈકો (2-D Echo) નોર્મલ આવ્યા. ચારેક દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા મળી.

છાતીના દુઃખાવામાં તથા અન્ય શારીરિક લક્ષણોમાં ઝાઝી રાહત ન મળતાં બીજા સિનિયર કાર્ડિયોલોજિસ્ટનો અભિપ્રાય લીધો. કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, ૨-ડી ઈકો ફરીથી કરાવ્યા – જે નોર્મલ આવ્યા. કાર્ડિયોલોજિસ્ટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી. છાતીના દુઃખાવાને તથા મનને શું સંબંધ? મને સાચે જ દુઃખે છે, હું કાંઈ કલ્પના કરતો નથી એમ કહી કાર્ડિયોલોજિસ્ટની સલાહ પર ધ્યાન ન આપ્યું.

ચારેક મહિના બીજા નીકળી ગયા. લક્ષણોમાં રાહત ન મળી. એક હિતેચ્છુએ સમજાવ્યું કે મારા નજીકના સંબંધીને પણ અવારનવાર છાતીમાં દુઃખતું હતું તથા શારીરિક તપાસ તેમજ લેબોરેટરી અને અન્ય તપાસ નોર્મલ આવતી હતી ત્યારે મનોચિકિત્સકની સારવારથી જ ફાયદો થયેલ. આજે એ સંબંધી તદ્દન નોર્મલ છે તથા ગુણવત્તાભર્યું નોર્મલ જીવન જીવે છે.

લેખકે ઊંડાણમાં કિશોરભાઈ તથા કુટુંબીજનો પાસેથી માહિતી મેળવી. મનના લક્ષણો, વ્યક્તિત્વ તથા જીવનશૈલી વિશે જરૂરી માહિતી મેળવી. મનની વૈદ્યકીય પદ્ધતિથી (Mental Stress Examination) તપાસ કરી. જેનું તારવણ નીચે મુજબ છે.

છેલ્લા એકાદ વર્ષથી કિશોરભાઈને સતત વિચારો આવતા હતા. બીમારીના નકારાત્મક વિચારો આવતા હતા. છાતીમાં દુઃખાવો થતો ત્યારે કિશોરભાઈને લાગતું કે એમને હાર્ટ ઍટેક આવ્યો છે. આ વિચાર બાદ શ્વાસ લેવામાં તકલીફ થતી અને ધબકારા વધી જતા. કિશોરભાઈને થતું કે એમની બીમારી ગંભીર છે. આમાંથી એ સાજા નહીં થાય. ડૉક્ટરોએ ગંભીર બીમારીનું નિદાન કરી લીધું છે પણ એમને કહેતા નથી.

કિશોરભાઈ નાની નજીવી બાબતોમાં જલ્દીથી ચીડાઈ જતા હતા. કામમાં એકાગ્રતા ઓછી થઈ ગઈ હતી. નાની નાની ભૂલો થવા લાગી હતી. જે પહેલાં થતી ન હતી. ચહેરો હંમેશાં ચિંતાગ્રસ્ત રહેતો હતો. પોતાના મોજશોખના વિષયોમાંથી રસ ઉડી ગયો હતો. છેલ્લા છ મહિનામાં એકેય નાટક / સિનેમા થિયેટરમાં જોવા ગયા ન હતા (નોર્મલ સમયમાં ૪-૬ નાટક / સિનેમા કુટુંબ જોડે જોઈ આવ્યા હોત). ધંધાકીય નિર્ણયો પણ કિશોરભાઈ લેવાનું ટાળતા હતા. ભૂલકણાપણું તથા બેધ્યાનપણું વધી ગયું હતું.

- **નિદાન :**

શારીરિક લક્ષણો સાથે દરેક દર્દીના મનના લક્ષણો વિશે માહિતી મેળવવી અગત્યની છે. વ્યક્તિત્વ તથા જીવનશૈલી વિશે નજીકના કુટુંબીજનો (જીવનસાથી, સંતાનો, માતા-પિતા, ભાઈ-બહેન વગેરે) પાસેથી જરૂરી માહિતી મેળવવી ખૂબ જ મહત્ત્વનું છે.

કિશોરભાઈના કેસમાં (૧) શારીરિક લક્ષણો, (૨) મનના લક્ષણો, (૩) શારીરિક તપાસ, (૪) મનની વૈદ્યકીય તપાસ, (૫) લેબોરેટરી તપાસ પરથી સ્ટ્રેસ ડીસઓર્ડરનું નિદાન કર્યું.

મનની બીમારીના નિદાન માટે લાગણીશીલ નકારાત્મક પ્રસંગો બન્યા હોય એ જરૂરી નથી. લાગણીશીલ નકારાત્મક

પ્રસંગો થયા હોય તો મનની બીમારીના નિદાનમાં મદદરૂપ થાય છે. પરંતુ નકારાત્મક પ્રસંગો બન્યા વગર પણ મનની બીમારીઓનું નિદાન થાય છે.

લક્ષણો (બંને શારીરિક તથા મનના), શારીરિક તપાસ, મનની વૈદ્યકીય તપાસ (Mental Stress Examination) અને લેબોરેટરી તથા અન્ય તપાસ દ્વારા મનની બીમારીનું નિદાન થાય છે.

- **મનોવિશ્લેષણ :**

૧. કિશોરભાઈને ઉપરોક્ત તકલીફો શરૂ થઈ એના એકાદ મહિના પહેલા કિશોરભાઈના ધંધાકીય ભાગીદારને જોરદાર હાર્ટ ઍટેક આવેલ. એ વખતે હાલત ગંભીર હતી. કિશોરભાઈએ જાતે ઈમરજન્સી વોર્ડમાં મોટી હોસ્પિટલમાં દાખલ કરાવેલ. સમયસરની યોગ્ય સારવારથી તબિયતમાં સુધારો થતો ગયો. ભાગીદાર જોડે કિશોરભાઈને ઘર જેવો સંબંધ હતો. બંને સગા ભાઈઓ હોય એનાથી વિશેષ સંબંધ જાળવતા હતા. કિશોરભાઈના મન પર આ પ્રસંગની ઊંડી નકારાત્મક અસર થઈ હતી. છાતીમાં દુઃખાવો ત્યારબાદ શરૂ થયેલ.

૨. ઉપરોક્ત પ્રસંગના આઠેક મહિના બાદ કિશોરભાઈના એકના એક દીકરાની વહુ ઝઘડો કરીને પોતાના પિયરે ચાલી ગઈ હતી. પતિ-પત્ની વચ્ચે અવારનવાર ચકમક થતી હતી. આ વખતે ઝઘડો લાંબો ચાલ્યો. દિકરાએ ગુસ્સામાં પત્નીને એક લાફો મારી દીધો. ત્યારબાદ વાત વધારે વણસી ગઈ. સમાધાન માટેના ઘણા પ્રયત્નો કર્યા. પરિણામ શૂન્ય આવ્યું. વાત છુટાછેડા સુધી પહોંચી ગઈ. કિશોરભાઈના મન પર આ પ્રસંગની ઊંડી નકારાત્મક અસર થઈ. પોતાના સમાજમાં એમની પ્રતિષ્ઠા પર ઊંડો ધક્કો લાગ્યો હતો. આ પ્રસંગ બાદ કિશોરભાઈના બીમારીના લક્ષણોમાં વધારો થયો હતો.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

શરીર પરનો એક ઘા રૂઝાય એની પહેલા બીજો ઘા એજ ભાગ પર લાગે તો રૂઝ આવવામાં સમય વધારે લાગે છે તથા તકલીફ પણ વધારે થાય છે.

એવી જ રીતે કિશોરભાઈના મન પરની એક ઘાની અસર પૂર્ણપણે નીકળી જાય તેની પહેલા બીજો વધારે જોરદાર ઘા મન પર લાગ્યો. બીજો ઘા મન માટે વધારે તીવ્ર હતો. આથી સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારીના લક્ષણોમાં વધારો થયો.

- **સારવાર :**

**૧.** મનની બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો થાય છે. આ ફેરફારો નોર્મલ કરવા સ્પેસિફીક દવાઓ શરૂ કરી (જેમ ડાયાબિટીસની બીમારીમાં બ્લડ સુગર નોર્મલ કરવા બહારથી યોગ્ય દવાઓ અપાય છે). આ દવાઓને લીધે કિશોરભાઈને ધીમે ધીમે લક્ષણોમાં રાહત મળી. લક્ષણો કાબૂમાં આવ્યા. દર્દનાશક દવાઓ (Pain killer) આપ્યા વગર છાતીનો દુઃખાવો બંધ થયો. છ અઠવાડિયાની સારવારમાં બધા જ લક્ષણો કાબૂમાં આવ્યા. કિશોરભાઈ નિયમિત ધંધા પર જવા લાગ્યા. ધંધામાં મન પરોવાતું ગયું.

**૨.** કાઉન્સેલિંગ તથા કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (C.B.T.)ની પદ્ધતિઓ સાથે શરૂ કરી. જીવનશૈલી તથા અભિગમ (Life style and attitudes)માં બદલાવ આવ્યો. રજાના દિવસે મનગમતી પ્રવૃત્તિ શરૂ કરી. જેમાં કિશોરભાઈને આનંદ આવતો. રોજ સવારના મોર્નિંગ વૉક શરૂ કર્યું. રજાના દિવસે મિત્રો જોડે આનંદિત રીતે સમય પસાર કરવા લાગ્યા.

**૩. સ્ટ્રેસ મેનેજમેન્ટ (Stress Management)**
નકારાત્મક પ્રસંગોને સામનો કરવાની ક્ષમતામાં વધારો કરવાની પદ્ધતિઓ વિશે કાઉન્સેલિંગ કરી એ પદ્ધતિઓ કિશોરભાઈએ અમલમાં મૂકી જેવી કે ટાઈમ મેનેજમેન્ટ, એસરટીવ ટ્રેનિંગ, કમ્યુનિકેશન સ્કીલ્સ, એન્ગર મેનેજમેન્ટ, એક્સપ્રેશન સ્કીલ્સ (દબાયેલી નકારાત્મક લાગણીઓને વ્યક્ત કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ).

ઉપરોક્ત બધી સારવારની પદ્ધતિઓને લીધે કિશોરભાઈમાં ઘણા જ ફેરફારો આવ્યા. છ મહિનામાં પૂર્વવત નોર્મલ જીવન જીવવા લાગ્યા.

માનસિક સ્ટ્રેસ પરના વિવિધ લક્ષણો – શારીરિક લક્ષણો, ભાવનાત્મક લક્ષણો તથા માનસિક લક્ષણો વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

## ગુજરાતમાં IAS ઓફિસર્સ

ગુજરાતમાં કુલ IAS ઓફિસર્સની જગ્યા ૩૪૩ની છે.

૫૯ જગ્યાઓ ખાલી છે.

૧૪ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે.

૧૪ વિભાગોના ઈન્ચાર્જ IAS ઓફિસર છે.

છેલ્લા ૩ વર્ષમાં ૮૮ IAS નિવૃત્ત થયા છે.

જોઈએ તે પ્રમાણમાં ડાયરેક્ટ ભરતી થઈ શકેલ નથી.

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૭૪

### શ્રી ઓસિયા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



જોધપુર-ફલોધિ મુખ્ય સડક માર્ગ પર આવેલું આ તીર્થ જોધપુર તેમજ ફલોદીથી ૬૫ કિ.મી. દૂર છે. ઓસવાળોની ઉત્પત્તિ સાથે આ ભવ્ય તીર્થનો ઈતિહાસ જોડાયેલો છે. ધર્મ, કલા અને ઈતિહાસ એમ ત્રણેય રીતે પ્રસિદ્ધ આ તીર્થ વિશ્વવિખ્યાત છે. વીર સંવત ૭૦માં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સાતમા પટ્ટધર પૂ.આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી ૫૦૦ શિષ્યો સાથે અહીં પધાર્યા હતા અને રાજા ઉપલદેવ, મંત્રી ઉહડ અને અનેક રજપૂતોને ધર્મોપદેશ આપીને જૈન ધર્મી બનાવ્યા હતા. આ મહાવીર જિનાલય રાજા ઉપલદેવે બંધાવ્યું અને આ. શ્રી રત્નપ્રભસૂરિજી મ. તેની પ્રતિષ્ઠા કરી. આ ભવ્ય પ્રતિમા રાજા સમ્મતિ દ્વારા નિર્મિત છે. ઉહડ મંત્રીએ જયારે ઓસિયાનગર બંધાવ્યું ત્યારે ભૂગર્ભમાંથી આ પ્રતિમા પ્રગટ થઈ હતી. મંદિરનું પુનઃ નિર્માણ કરીને વિ.સં. ૧૦૧૭માં શ્રી મહાવીર ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. ઓસવાલ સમાજની પ્રત્યેક વ્યક્તિને માટે પોતાના ઉદ્‌ભવની આ મહિમાવંતી ભૂમિ છે. શ્રી મહાવીર જિનાલયમાં શ્રી પુનિયાબાબાના નામથી પ્રખ્યાત ચમત્કારીક શ્રી અધિષ્ઠાયક દેવની પ્રતિમા નાગ-નાગણીના રૂપમાં બિરાજમાન છે. મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની લગભગ ૮૦ સે.મી. ઊંચી સુવર્ણ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. તો અહીંનું ભગવાન મહાવીરનું મંદિર અને અન્ય મંદિરો એની ભવ્યતા, કલાત્મકતા અને શિલ્પ સૌંદર્યને લીધે જાણીતાં છે. રંગમંડપના સ્તંભો, દીવાલો, ઘરના દૃશ્યો તથા રંગમંડપની બહાર આલેખાયેલા પ્રસંગો અત્યંત સજીવ છે તો મંદિરની ભમતીમાં આવેલા તોરણની કારીગરી અત્યંત આકર્ષક છે.

## તીર્થ દર્શન-૭૫

### શ્રી લોદ્રવા તીર્થ
### (શ્રી સહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)



જેસલમેરથી ૧૫ કિ.મી. અને અમરસાગરથી ૫ કિ.મી. દૂર આવેલ લોદ્રવ ગામ આજે ભૂતકાળના ખંડેરો વચ્ચે શ્વાસ લે છે. પરંતુ એક સમયે આ ગામ રજપૂતોની જાહોજલાલીભર્યું શહેર હતું. એ સમયે વિશ્વમાં જાણીતા આ સ્થળે ભારતનું પ્રાચીન વિશ્વ વિદ્યાલય હતું. અહીં મૂળનાયક શ્રી સહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૧૦૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. જેસલમેર પંચતીર્થીનું આ એક મહત્ત્વનું પ્રાચીન તીર્થસ્થળ છે. એની શિલ્પકલાની આગવી વિશેષતા એ છે કે અહીં કારીગરોએ રાજસ્થાની શિલ્પકલાના જુદા જુદા નમૂનાઓને પથ્થરમાં પ્રગટ કર્યા છે. અગાઉના જમાનામાં જૈનાચાર્યો લોદ્રવથી મુલતાન જતા હતા અને તેથી રસ્તામાં જતા અહીંના રાજકુમારને ઉપદેશ આપ્યો હતો. આ રાજકુમાર જૈન ધર્મના અનુયાયી બન્યા અને એમણે આ મહાન તીર્થની સ્થાપના કરી. આ તીર્થ પર અનેકવાર આક્રમણકારોએ હુમલાઓ કર્યા, પરંતુ મંદિરને કશી આંચ આવી નથી. એટલું જ નહીં પણ કપરે સમયે એમને અનેક ચમત્કારો દર્શાવ્યા છે. જૈન ધર્મના અધિષ્ઠાયક આજે પણ જાગૃત છે તેનો પરચો અવારનવાર અહીં સહુને મળ્યો છે. આ મંદિરના પ્રવેશદ્વારનાં તોરણ, છત, શિખર અને સ્તંભના એક-એક પથ્થર પર સૂક્ષ્મ કારીગરી જોવા મળે છે. વળી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની કસોટી પાષાણમાં બનેલી આવી ચમત્કારીક પ્રતિમાના દર્શન અન્યત્ર દુર્લભ છે. વિ.સં. ૧૬૭૩ના માગશર સુદ ૧૨ના દિવસે આ. શ્રી જિનરાજસૂરીજીના સુહસ્તે શેઠ થીરૂ શાહે આનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*કિસ્મતથી શું મળે તેની મને ખબર નથી, પણ મહેનતથી ઘણું બધું મળે છે તેની ખબર છે.*

જૈન દેરાસરો

# કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૬

મહેન્દ્ર લખમશી મોતા
(નલિયા, અમદાવાદ)
ફોન : (૦૭૯) ૨૬૮૫ ૫૧૧૦

*'મંગલ મંદિર'ના માર્ચ-૨૦૨૫ના અંકમાં આપણે અંજાર શહેર, અંજાર તાલુકા તથા ગાંધીધામ શહેરમાં આવેલ જૈન દેરાસરો વિશેની જાણકારી મેળવી. 'મંગલ મંદિર'ના આ અંકમાં આપણે ભચાઉ શહેર, ભચાઉ તાલુકા, રાપર શહેર અને રાપર તાલુકામાં આવેલ જૈન દેરાસરો વિશેની જાણકારી મેળવીએ.*

*આ સાથે કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ અહીં પૂર્ણ થાય છે.*

## ભચાઉ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧. આધોઈ.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ.
જીનલબેન : મો. ૯૭૧૨૪ ૭૩૨૦૮, શ્રી રવજીભાઈ : મો. ૯૮૨૦૯ ૮૬૧૬૨

**૨. આમરડી.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી.
શ્રી હાર્દિકભાઈ : મો. ૬૩૫૨૭ ૧૭૭૪૭, શ્રી જયેશ લગટીયા : મો. ૯૯૦૯૭ ૨૪૬૫૩

**૩. કટારીયા તીર્થધામ.** શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રભુજી. શ્રી વર્ધમાન આણંદજી પેઢી.
શ્રી રમેશભાઈ (પેઢી) : મો. ૮૮૪૯૮ ૩૩૫૭૮, શ્રી સંજયભાઈ : મો. ૮૭૮૦૫ ૭૪૬૩૧,
ટ્રસ્ટી શ્રી કમલભાઈ મહેતા : મો. ૯૮૨૫૨ ૨૫૪૧૭, શ્રી જયસુખભાઈ કુભરીયા : મો. ૯૩૨૮૦ ૫૧૯૧૫

**૪. ચોબારી.** શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રભુજી.
શ્રી ભોગીલાલ મગવાણી : મો. ૯૮૭૯૭ ૬૩૮૫૪, શ્રી મુકેશભાઈ ગાંધી : મો. ૯૯૧૩૮ ૯૯૮૦૨

**૫. જંગી.** શ્રી મલ્લીનાથ અને શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ. શ્રી નવીનભાઈ : મો. ૯૯૭૯૪ ૨૨૧૫૧
શ્રી નાનાલાલ સંઘવી (પ્રમુખ) : મો. ૮૧૪૧૫ ૮૧૪૦૬, શ્રી નવનીતભાઈ : મો. ૯૮૨૫૨ ૧૭૫૪૧

**૬. ધમકડા.** શ્રી શીતલનાથ પ્રભુજી. શ્રી લક્ષ્મણભાઈ પૂજારી : મો. ૬૩૫૫૨ ૧૧૭૦૫,
શ્રી રમેશભાઈ વોરા (પ્રમુખ) : મો. ૯૯૮૭૦ ૬૩૩૩૦, શ્રી સંજયભાઈ વોરા (ખજાનચી) : મો. ૯૮૯૨૧ ૮૫૬૩૩

**૭-૮. નવા ગામ દયાપર.** શ્રી શીતલનાથ પ્રભુજી અને **પોસ્ટ વોંધ** સામખિયાળી - ભચાઉ નેશનલ હાઈવે ટચ
શ્રી નમસ્કાર તીર્થધામ. શ્રી સીમંધર સ્વામિ પ્રભુજી. પેઢી : મો. ૭૪૨૨૦ ૯૮૮૮૮
આ બે દેરાસર અલગ ગામમાં આવેલા છે. સંચાલનકર્તા : શ્રી વીસા ઓસવાલ મૂર્તિપૂજક જૈન સંઘ.
ટ્રસ્ટીઓ શ્રી વાડીલાલ કુંવરજી ગડા : મો. ૯૮૨૦૦ ૮૫૧૧૧, શ્રી રવજી પાલન ગડા : મો. ૯૮૨૧૨ ૮૪૩૩૩

**૯. નંદગામ.** શ્રી શ્રેયાંસનાથ સ્વામિ પ્રભુજી.
શ્રી હસમુખભાઈ શાહ : મો. ૯૪૨૬૮ ૫૧૯૩૯, શ્રી કનકભાઈ વોરા : મો. ૯૭૨૬૯ ૮૦૫૬૯

**૧૦. ભરુડિયા.** શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી કાનજી વેરશી શાહ : મો. ૯૮૨૦૮ ૧૯૧૭૪, શ્રી રવજીભાઈ કરશનભાઈ ડાઘા : મો. ૯૮૨૫૭ ૧૭૫૯૦

**૧૧. મનફરા.** શ્રી વાસુપૂજ્ય સ્વામિ પ્રભુજી. શ્રી રતનશીભાઈ બોરીસા : મો. ૯૩૨૪૧ ૧૨૬૧૭, ૯૮૨૫૬ ૮૦૭૩૫
શ્રી ચંદુલાલ કલ્યાણજી સાવલા : મો. ૯૮૨૦૧ ૮૭૭૬૪, શ્રી પુનશી સંતરા (મંત્રી) : મો. ૯૮૯૨૨ ૪૪૩૩૩

**૧૨. લલીયાણા.** શ્રી શાંતિનાથ પ્રભુજી.
શ્રી પ્રવીણભાઈ મોહનલાલ મહેતા : મો. ૯૬૩૮૭ ૩૮૬૦૦, શ્રી ચંદુલાલ રવિલાલ મહેતા : મો. ૯૮૯૮૦ ૧૮૯૪૩

**૧૩. લાકડિયા.** (૧) શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી પ્રવીણભાઈ પ્રભુલાલભાઈ દોશી : મો. ૯૫૧૦૪ ૯૮૩૪૫
શ્રી ધીરજલાલ વેલજી કુભડિયા : મો. ૯૩૨૪૬ ૬૫૪૩૨, સુભાષભાઈ રામજીભાઈ કુંભડિયા : મો. ૯૮૨૦૫ ૩૨૩૯૧
(૨) શ્રી આદેશ્વર પ્રભુજી. શ્રી હેમરાજ જીવરાજ ગડા : મો. ૯૮૨૫૯ ૫૮૧૫૬,
શ્રી રામજી સાવરભાઈ વીસા : મો. ૯૮૨૦૬ ૯૯૨૨૧

**૧૪. વાંઢિયા.** શ્રી સંભવનાથ પ્રભુજી.
શ્રી કનકભાઈ મહેતા : મો. ૯૭૨૭૬ ૧૯૦૯૨, શ્રી હસુભાઈ શેઠ : મો. ૯૮૭૯૦ ૧૦૯૫૧

**૧૫. વોંધ.** શ્રી સંભવનાથ પ્રભુજી. શ્રી જીજ્ઞેશભાઈ કંદોર : મો. ૯૯૭૮૪ ૩૮૩૮૨,
શ્રી દિનેશભાઈ કંદોર : મો. ૯૩૨૪૦ ૮૮૧૯૧, શ્રી હસમુખ વિશનજી દોશી : મો. ૯૪૨૬૦ ૨૩૩૦૫.

**૧૬. શિકારપુર.** શ્રી અજીતનાથ પ્રભુજી. શ્રી ચંદ્રકાંતભાઈ જયંતીલાલ સંઘવી : મો. ૯૮૭૯૩ ૭૭૨૨૩,
શ્રી કીર્તિભાઈ - મુંબઈ : મો. ૯૮૯૨૧ ૭૧૨૧૮

**૧૭. શીકરા.** શ્રી કુંથુનાથ પ્રભુજી. શ્રી કિરણભાઈ મગનદાદા સાધુ : મો. ૯૯૦૪૪ ૯૪૨૦૬,
શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા : મો. ૯૮૨૦૦ ૩૬૮૪૪

**૧૮. સામખિયાળી.** શ્રી કુંથુનાથ પ્રભુજી. શ્રી નાનજી કરશનભાઈ ગડા : મો. ૮૧૬૦૨ ૩૮૩૩૫
શ્રી હેમરાજ સાવલા : મો. ૯૮૨૦૩ ૨૯૯૧૨, શ્રી જયસુખભાઈ કુભરીયા : મો. ૯૩૨૮૦ ૫૧૯૧૫

**૧૯. સૂરજબારી.** શ્રી સંભવનાથ પ્રભુજી. સંચાલનકર્તા : શ્રી કટારીયા મહાતીર્થ : મો. ૮૮૪૯૮ ૩૩૫૭૮

**૨૦. હરીપર.** શ્રી શાંતિનાથ પ્રભુજી. સંચાલનકર્તા : શ્રી કટારીયા મહાતીર્થ : મો. ૮૮૪૯૮ ૩૩૫૭૮

**૨૧. હલરા.** શ્રી આદિનાથ પ્રભુજી. શ્રી મોહનલાલ સાધુ : મો. ૮૧૪૧૦ ૬૫૦૦૧,
શ્રી જયવીર રસીકલાલ ગાલા : મો. ૯૩૨૦૧ ૩૩૫૭૮, શ્રી વિપુલ વેલજી દેઢિયા : મો. ૯૭૬૯૪ ૪૧૪૪૧

## ભચાઉ શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** રામવાડી. શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુજી અને વર્ધમાન સોસાયટી, એંસી બંગલા

**૨.** શ્રી સંભવનાથ પ્રભુજી. આ બે દેરાસરો અલગ વિસ્તારમાં આવેલા છે. સંચાલનકર્તા એક છે.
શ્રી દિલીપભાઈ જોશી (પેઢી) : મો. ૯૫૫૮૯ ૫૪૧૫૮, ટ્રસ્ટી શ્રી ધીરજભાઈ મહેતા : મો. ૯૮૨૧૬ ૧૦૪૧૮,
શ્રી સતીષભાઈ મહેતા : મો. ૯૮૭૯૧ ૯૫૯૯૫

**૩.** હનુમાન વાસ. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી રમેશભાઈ (પેઢી) : મો. ૯૭૨૭૭ ૧૯૪૬૯

**૪.** ઓસવાલ ધર્મશાળા. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી વિષ્ણુભાઈ ઘેલાજી ઠાકોર : મો. ૯૯૭૯૯ ૧૬૬૯૯
આ બે સંસ્થાના સંચાલનકર્તા એક છે. શ્રી લાલજીભાઈ કરશનભાઈ કારીયા : મો. ૭૦૨૧૮ ૪૮૭૪૫,
શ્રી જખુભાઈ કારાભાઈ છેડા : મો. ૯૮૨૦૧ ૫૪૫૬૦

**૫.** મેઘદૂત કોમ્પ્લેક્સ, રેલવે સ્ટેશન પાસે, શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રભુજી. મેનેજર શ્રી લક્ષ્મણભાઈ : મો. ૯૭૨૬૦ ૯૦૧૦૧
શેઠશ્રી ખીમજીભાઈ સતરા : મો. ૯૮૧૯૩ ૨૧૭૧૭

## રાપર તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧. આડેસર.** શ્રી આદેશ્વર પ્રભુજી.
શ્રી ચીમનલાલ પ્રેમજી સંઘવી : મો. ૭૯૮૪૪ ૦૯૩૮૧, શ્રી વાડીલાલ શાંતિલાલ દોશી : મો. ૯૮૨૫૫ ૭૮૪૦૬

**૨. કાનમેર.** શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રભુજી.
શ્રી વિનોદ વખતચંદ લોડરીયા : મો. ૯૮૭૯૪ ૬૪૬૩૮, શ્રી શાંતિભાઈ શેઠ : મો. ૯૭૨૭૦ ૫૩૫૩૧

**૩. કીડિયાનગર.** શ્રી શાંતિનાથ પ્રભુજી.
શ્રી સેવંતીલાલ વોરા : મો. ૯૮૨૫૮ ૧૩૮૮૧, શ્રી અરવિંદ વોરા : મો. ૯૮૨૫૨ ૪૪૨૫૫

**૪. ગાગોદર.** શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી મનસુખલાલ મહેતા : મો. ૯૯૨૫૭ ૭૪૨૪૬, શ્રી અરવિંદભાઈ મહેતા : મો. ૯૦૮૨૧ ૯૨૬૫૯

**૫. ગેડી.** શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રભુજીની પ્રતિમા ભૂકંપને કારણે શ્રી કટારીયા મહાતીર્થમાં પધરામણી કરેલ છે.
શ્રી ચંદુભાઈ દોશી : મો. ૯૭૩૭૮ ૭૮૨૨૮

**૬. ચિતોડ.** શ્રી પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી પ્રકાશભાઈ મહેતા : મો. ૯૮૭૯૭ ૧૩૧૪૭
શ્રી હરીશભાઈ પૂંજ : મો. ૯૩૨૪૦ ૫૨૩૫૪, શ્રી સુરેશભાઈ પૂંજ : મો. ૯૮૬૯૦ ૦૭૦૦૦

**૭. ચોરિયારી.** શ્રી મહાવીર સ્વામિ પ્રભુ. શ્રી દિનેશભાઈ પૂજારી : મો. ૯૫૩૭૦ ૭૦૮૭૫
શ્રી દામજી માડણ ગડા : મો. ૯૯૨૦૩ ૩૮૧૨૦, શ્રી ડુંગરશી માડણ ગડા : મો. ૯૮૧૯૨ ૮૩૩૨૨

**૮. ધાણીથર.** શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રભુ. શ્રી પરેશભાઈ ત્રિવેણી : મો. ૯૮૭૯૯ ૩૭૪૩૧,
શ્રી અમરશીભાઈ ગાલા : મો. ૯૮૯૨૩ ૫૦૧૧૦, શ્રી માવજીભાઈ હરખચંદભાઈ છેડા : મો. ૯૭૭૩૦ ૫૫૩૫૬

**૯. પલાંસવા.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી તારાચંદ પ્રાગજી કોઠારી : મો. ૯૮૨૫૨ ૮૪૨૭૯,
શ્રી વાડીભાઈ નારણજી ત્રેવાડિયા : મો. ૯૪૨૬૨ ૪૧૪૭૬, શ્રી રાજુભાઈ ચંદુલાલ દોશી : મો. ૯૪૨૭૪ ૪૦૧૩૦

**૧૦. પ્રાગપર.** શ્રી શીતલનાથ પ્રભુજી. શ્રી પરસોત્તમ પ્રહલાદ પંડ્યા : મો. ૯૯૦૯૦ ૭૦૧૯૩,
શ્રી વિપુલભાઈ કટુવા - સુરત : મો. ૯૮૨૫૫ ૭૬૪૧૨, શ્રી કીર્તિભાઈ પટવા : મો. ૯૮૭૯૩ ૮૪૫૬૦

**૧૧. ફતેહગઢ.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી ચમનભાઈ ગઢેચા : મો. ૯૯૭૯૬ ૨૫૧૯૩,
શ્રી ચંદુલાલ ગઢેચા - ભુજ : મો. ૯૮૭૯૫ ૨૬૭૩૩, શ્રી જયસુખભાઈ ઘોડા - રાપર : મો. ૯૮૨૫૫ ૫૩૮૯૪

**૧૨. ભીમાસર.** શ્રી પુરૂષાદાનીયા પાર્શ્વનાથ પ્રભુજી.
જેન્તીભાઈ મહેતા : મો. ૯૯૭૪૦ ૫૪૬૬૫, શ્રી શાંતિલાલ સંઘવી : મો. ૯૭૨૫૨ ૮૩૩૭૭

**૧૩. ભુટકિયા.** શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી જયસુખભાઈ : મો. ૯૯૭૮૭ ૩૦૮૪૧, શ્રી લહેરચંદભાઈ મહેતા : મો. ૯૮૨૫૦ ૫૦૪૩૫

**૧૪. સઈ.** શ્રી કુંથુનાથ પ્રભુજી. શ્રી અમૃતલાલ ચુનીલાલ મહેતા : મો. ૯૯૦૯૬ ૮૨૫૪૦
નગરશેઠ જેવો દરજ્જો શ્રી મુકેશ મહેતા : મો. ૯૩૨૮૧ ૩૩૦૦૩, શ્રી વિપુલભાઈ ચમનલાલ ગાંધી : મો. ૯૮૭૯૦ ૬૩૨૬૯

**૧૫. સણવા.** શ્રી ઋષભદેવ / શ્રી આદિનાથ પ્રભુજી. શ્રી કનુભાઈ મહારાજ : મો. ૯૯૭૮૧ ૧૩૯૫૮
શ્રી ભરતભાઈ ત્રેવડિયા : મો. ૯૮૨૫૦ ૪૧૮૬૫, શ્રી વિનોદભાઈ સારીયા : મો. ૯૮૨૫૯ ૪૬૪૬૪

**૧૬. સૂવઈ.** શ્રી કુંથુનાથ પ્રભુજી. શ્રી પ્રહલાદભાઈ મહારાજ : મો. ૯૫૮૬૧ ૮૫૯૭૪
શ્રી કમલેશભાઈ ખેંગારભાઈ શેઠ : મો. ૯૯૨૪૫ ૮૫૨૨૧, ૯૭૨૫૨ ૮૫૮૫૭
શ્રી મોહનલાલ મયાચંદભાઈ શેઠ - રાપર : મો. ૯૯૨૫૩ ૧૬૪૦૩

## રાપર શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

૧. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી ધીરજલાલ રતિલાલ સીરીયા : મો. ૯૪૦૨૭ ૩૨૧૯૦, શ્રી નવીનભાઈ કેશવલાલ મહેતા : મો. ૭૦૪૫૭ ૦૧૮૩૦

૨. શ્રી શ્રેયાંસનાથ સોસાયટી વિસ્તાર. શ્રી સીમંધર સ્વામિ પ્રભુજી.
શ્રી મહેન્દ્રભાઈ કટુવા : મો. ૯૮૨૫૮ ૯૫૨૩૬

## અંગદાનના શપથનો ઇતિહાસ રચાયો

*બુધવાર, તા. ૧૨-૨-૨૦૨૫ના રોજ અમદાવાદના મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ત્રીજી વન-ડે મેચ દરમિયાન બી.સી.સી.આઈ. અને આઈ.સી.સી. દ્વારા તથા કે.ડી. હોસ્પિટલના સહયોગથી અંગદાનના શપથ લેવા સ્ટેડિયમમાં ઉપસ્થિત લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા અને આ એક જ દિવસે ૩૦ હજારથી વધુ લોકોએ અંગદાનના શપથ લઈ જરૂરી ફોર્મ ભર્યા હતા.*

## છેલ્લા ૫ વર્ષમાં ડોલર સામે રૂપિયો ગગડ્યો

| વર્ષ | ભાવ |
|---|---|
| ૨૦૨૦ | રૂા. ૭૧.૫૧ |
| ૨૦૨૧ | રૂા. ૭૨.૫૬ |
| ૨૦૨૨ | રૂા. ૭૪.૬૮ |
| ૨૦૨૩ | રૂા. ૮૨.૭૬ |
| ૨૦૨૪ | રૂા. ૮૩.૦૧ |
| ૨૬ માર્ચ, ૨૦૨૫ | રૂા. ૮૫.૭૧ |

# ૮મી માર્ચ ૨૦૨૫ : "વિશ્વ મહિલા દિવસ" નિમિત્તે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાના બધા ભવનો પર પહેલીવાર "વુમન્સ ડે"ની ઉજવણી કરવામાં આવેલ. તેની તસવીરી ઝલક...



HR ખુશ્બુબેન શાહ, ડૉ. દક્ષાબેન રામાવત અને ડૉ. સીમુલ પટેલ સાથે પાલડી મેડિકલ સ્ટાફ અને ઓફિસ સ્ટાફ



ડૉ. જુલી દેસાઈને વિમેન્સ ડેની વધાઈ આપતા માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ. સાથે ડૉ. દક્ષાબેન રામાવત.



ડૉ. નીતુબેન પરીખ (વચ્ચે)ને વિમેન્સ ડેની વધાઈ આપતા ડૉ. દક્ષાબેન રામાવત (ડાબે) અને શ્રી પીન્ટુ પટેલ (જમણે)



વિમેન્સ ડે નિમિત્તે કવિતાનું પઠન કરતા રોનકબેન શેખ



← નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરનો સ્ટાફ

→ ડૉ. મિત્તલ સોનપાલ (ડેન્ટીસ્ટ)ને વિમેન્સ ડે ની વધાઈ આપતા શ્રી પ્રતીક વ્યાસ.





પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે વિમેન્સ ડે ની ઉજવણી



ડૉ. ચાંદની મોદીને વિમેન્સ ડે ની વધાઈ આપતા શ્રી પ્રતીક વ્યાસ.



વયસ્ક સમિતિ દ્વારા આયોજિત એક દિવસીય પિકનિકના કાર્યક્રમ અંતર્ગત
વડનગરના સાંસ્કૃતિક મ્યુઝીયમની મુલાકાતની તસવીરી ઝલક






## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
### સંસ્થાના સ્ટાફ મેમ્બરોને ફાયર સેફ્ટી અંગે અપાયેલ ટ્રેનિંગ (શનિવાર, તા. ૨૨-૩-૨૦૨૫)





**INDOTEX PAINTS**

• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh




સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.


*Bharat B. Gala*
M. : 93270 05460

SHREE **Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com




સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.


૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.

મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

SKYBLUE STATIONERY MART

EVERY THING THAT YOU THINK



South Bopal : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
Krutika Haria : 9099047163

Surdhara : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
Piyush Salva : 9879568027



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦ ,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ઘી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો
  સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**